RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૫ શનિવાર, તા.૧૩-૦૪-૨૦૨૪ અંક : ૨૫૫ વર્ષ : ૧૮ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# વિશ્વમાં માર્ચમાં ગરમીના તમામ રેકોર્ડ તૂટી ગયા

## માર્ચમાં અગાઉ નોંધાયેલા સરેરાશ તાપમાન કરતાં ૧.૬૮ ડિગ્રી સેલ્સિયસ વધારે રહ્યું

નવીદિલ્હી,

ક્લાઈમેટ ચેન્જની અસરને કારણે પૃથ્વીનું સરરાશ તાપમાન સતત વધી રહ્યું છે. તાજેતરમાં જાહેર થયેલા એક અહેવાલ મુજબ ગત માર્ચ મહિનામાં તાપમાનના અગાઉના તમામ રેકોર્ડ તૂટી ગયા છે. જો ઔદ્યોગિક કાળ પહેલાની સ્થિતિ સાથે સરખામણી કરવામાં આવે તો, આ વર્ષે માર્ચ મહિનામાં સરેરાશ તાપમાન ૧૮૫૦ અને ૧૯૦૦ વચ્ચેના માર્ચમાં નોંધાયેલા સરેરાશ તાપમાન કરતાં ૧.૬૮ ડિગ્રી સેલ્સિયસ વધારે રહ્યું હતું.

કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસ (C3S) ના તાજેતરના અહેવાલ મુજબ, તાપમાનના આ વધતા આંકડા દર્શાવે કરે છે કે પૃથ્વી ઝડપથી ગરમ થઈ રહી છે અને તેની અસરો સમગ્ર વિશ્વમાં અનુભવાઈ રહી છે. માર્ચ દરમિયાન સ્તરે સપાટીથી નજીકની હવાનું સરેરાશ તાપમાન ૧૪.૧૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ૧૯૯૧ થી ૨૦૨૦ દરમિયાન માર્ચમાં નોંધાયેલા સરેરાશ તાપમાન કરતાં ૦.૭૩ વધુ છે.


આ પહેલા વર્ષ ૨૦૧૬માં સૌથી ગરમ માર્ચ મહિનો નોંધાયો હતો. માર્ચ ૨૦૨૪માં તાપમાન ૨૦૧૬ કરતા ૦.૧૦ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું હતું. હવામાન વિભાગના ડેટા અનુસાર, અગાઉ જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૨૪માં પણ તાપમાનમાં વધારો નોંધાયો હતો. જાન્યુઆરીમાં તાપમાન સામાન્ય કરતાં ૧.૬૬ ડિગ્રી સેલ્સિયસ વધુ રહ્યું હતું, ફેબ્રુઆરી ૨૦૨૪નું તાપમાન પણ ૨૦મી સદીમાં ફેબ્રુઆરીના સરેરાશ તાપમાન કરતાં ૧.૪ ડિગ્રી સેલ્સિયસ વધુ રહ્યું હતું.

કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસના જણાવ્યા અનુસાર, સતત વધતા તાપમાનને કારણે આબોહવા સંકટની અસરો વધુ ઘેરી બની રહી છે.

જૂન ૨૦૨૩ પછી આ સતત ૧૦મો મહિનો છે જ્યારે વધતા તાપમાને નવો રેકોર્ડ બનાવ્યો છે. જો આપણે છેલ્લા ૧૨ મહિના એટલે કે એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ ના તાપમાન પર નજર કરીએ તો તે ૧૯૯૧ થી ૨૦૨૦ સુધીના વૈશ્વિક સરેરાશ તાપમાન કરતા ૦.૭૦ ડિગ્રી વધુ નોંધાયું છે.

C3S મુજબ, ધ્રુવો પર જામેલો બરફ વધતા તાપમાનને કારણે સતત પીગળી રહ્યો છે. આર્કટિકમાં સમુદ્રી બરફનો સંગ્રહ માર્ચમાં વર્ષના સૌથી નીચા સ્તરે પહોંચ્યો હતો. તેનું માસિક સરેરાશ વિસ્તરણ ૧.૪૯ કરોડ ચોરસ કિલોમીટર નોંધાયું હતું જે સામાન્ય કરતાં ઓછું છે. ૧૯૮૦ અને ૧૯૯૦ ના દાયકાની તુલનામાં માર્ચ ૨૦૨૪ માં દરિયાઈ બરફની માત્રા ૨૫ ટકા ઓછી છે.





## અમિત શાહ ૧૮મીએ યોજશે ગાંધીનગર લોકસભાની ૭ વિધાનસભામાં રોડ-શો

### રોડ શોમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પણ પટેલ સામેલ થશે

નવીદિલ્હી,

કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રી અમિત શાહ ગાંધીનગર લોકસભા બેઠક પર ૧૯ એપ્રિલે ઉમળવારી પત્ર ભરશે. આ પહેલા ૧૮ એપ્રિલે તેઓ ગાંધીનગર લોકસભાની ૭ વિધાનસભામાં ભવ્ય રોડ-શો કરશે. ગાંધીનગર લોકસભાની સાણંદ, વેજલપુર, નારણપુરા, ઘાટલોડિયા, સાબરમતી, ગાંધીનગર ઉત્તર અને ક્લોલ વિધાનસભામાં રોડ-શો કરી પ્રચાર કરશે. આ-રોડ શોમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સામેલ થશે.

ગૃહમંત્રી અમિત શાહનો રોડ-શો સાણંદથી શરૂ થશે.

ત્યાંથી વેજલપુર, નારણપુરા, ઘાટલોડિયા અને પછી સાબરમતી, ગાંધીનગર ઉત્તર અને કલોલના વિસ્તારોને આવરી લેશે.

## વિદેશ ભાગી રહેલો ખાલિસ્તાની આતંકવાદી પ્રભપ્રીતસિંહ ઝડપાયો

### દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ધરપકડ

નવીદિલ્હી,

ખાલિસ્તાની આતંકવાદી પ્રભપ્રીત સિંહ દિલ્હીથી વિદેશ ભાગી રહ્યો હતો. દરમિયાન એરપોર્ટ પરથી તેની ધરપકડ કરવામાં આવી હતી. પ્રભપ્રીત જર્મનીથી આતંકવાદીઓની ભરતી અને ફંડિંગ મોડ્યુલ ચલાવતો હતો.

પંજાબ પોલીસે ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સના આતંકવાદી પ્રભપ્રીત સિંહ જર્મનીની દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ધરપકડ કરી છે.

પ્રભપ્રીત જર્મનીથી આતંકવાદીઓની ભરતી, સમર્થન અને ફંડિંગ મોડ્યુલ ચલાવતો હતો. પંજાબના ડીજીપી ગૌરવ યાદવે ટ્વિટર પર આ માહિતી આપી હતી. આરોપીના ૧૫ એપ્રિલ સુધીના રિમાન્ડ મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ડીજીપી યાદવે કહ્યું કે જર્મનીનો આતંકવાદી પ્રભપ્રીત સિંહ દેશમાં ખાલિસ્તાન આતંકવાદી જૂથ માટે યુવાનોની ભરતી કરતો હતો. તેણે દેશભરમાં યુવાનોની ભરતી કરવા માટે ૨૦થી ૨૫ લોકોનું નેટવર્ક તૈયાર કર્યું હતું.

ડીજીપીએ કહ્યું કે આતંકવાદી પ્રભપ્રીત ૨૦૧૭માં પોલેન્ડ ગયો હતો, પરંતુ ત્યાંથી તે ૨૦૨૦માં જર્મની ગયો અને રાજકીય શરણ માંગી. ત્યાં તે બેલ્જિયમમાં રહેતા ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સના જગદીશ સિંહ ભુરાના સંપર્કમાં આવ્યો અને પછી ખાલિસ્તાની સંગઠનમાં જોડાયો. આરોપીને ૧૫ એપ્રિલ સુધીના રિમાન્ડ પર લેવામાં આવ્યા છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

## ભાજપે મહારાષ્ટ્રમાં સ્ટાર પ્રચારકોની યાદીમાંથી એકનાથ શિંદે અને અજિત પવારને દુર કર્યા

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૪૦ સ્ટાર પ્રચારકોની સુધારેલી યાદી ચૂંટણી પંચને સુપરત કરવામાં આવી

મુંબઈ,

મહારાષ્ટ્રમાં લોકસભાની ૪૮ બેઠકો માટે પાંચ તબક્કામાં ચૂંટણી યોજાઈ રહી છે. પ્રથમ તબક્કામાં વિદર્ભનો સમાવેશ થાય છે જેના માટે ૧૯ એપ્રિલે મતદાન થશે. છેલ્લા તબક્કાનું મતદાન ૨૦ મેના રોજ છે જેમાં મુંબઈનો સમાવેશ થાય છે.

બીજેપીએ મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્યપ્રધાન અજિત પવારને મહારાષ્ટ્રમાં પોતાના સ્ટાર પ્રચારકોની યાદીમાંથી હટાવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૪૦ સ્ટાર પ્રચારકોની સુધારેલી યાદી ભારતના ચૂંટણી પંચને સુપરત કરવામાં આવી હતી.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારને લખેલા પત્રમાં, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અને મુખ્યાલયના પ્રભારી અરુણ સિંહે જણાવ્યું હતું કે, ''આ યાદી મહારાષ્ટ્ર રાજ્ય માટે અનુસૂચિ ૪ અને ૫ માં સમાવિષ્ટ બાકીના સંસદીય મતવિસ્તારો માટે માન્ય ગણવી, સિવાય કે અમે નિર્ધારિત સમય મર્યાદામાં બાકીની યાદી માટે સુધારેલી યાદી મોકલીએ.''

## રાષ્ટ્રીય જનતા દળને ઝટકો : પૂર્વ સાંસદ અશફાક કરીમે રાજીનામું આપી દીધું

### લાલુ પર મુસ્લિમોના હક મારવાનો ગંભીર આરોપ લગાવ્યો



નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી પહેલા બિહારમાં રાષ્ટ્રીય જનતા દળને ઝટકો લાગ્યો છે. રાજ્યસભાના પૂર્વ સાંસદ અશફાક કરીમે પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે.અશફાકે લાલુ પ્રસાદ યાદવને પત્ર લખીને પ્રાથમિક સભ્યપદમાંથી રાજીનામું આપી દીધું હતું. અશફાકે આ પત્ર દ્વારા પોતાની નારાજગી વ્યક્ત કરી લાલુ પર મુસ્લિમોના હક મારવાનો ગંભીર આરોપી લગાવ્યો છે.

લાલુ પર ગંભીર આરોપ લગાવતા અશફાકે કહ્યું કે મુસ્લિમોને તેમની વસ્તી મુજબ સન્માનજનક હિસ્સો પણ આપવામાં આવ્યો નથી. આવા સંજોગોમાં આરજેડી સાથે કામ કરવું અશક્ય છે. લાલુને આપેલા રાજીનામાના પત્રમાં અશફાકે લખ્યું

## ગુજરાતમાં ટુંક સમયમાં થઈ શકે છે IPS અધિકારીઓની બદલી

નવીદિલ્હી,

આગામી ૪૮ કલાકમાં અધિકારીઓની બદલીઓ અંગે સમાચાર આવી શકે છે. લાંબા સમયથી અટકેલી ''જી ની બદલીઓની પ્રક્રિયા પૂર્ણ થશે અને ખાલી પડેલી મહત્ત્વની જગ્યાઓ પર નિમણૂક કરાશે.

પ્રાપ્ત અહેવાલ અનુસાર, ચૂંટણી પહેલા રાજ્યમાં આઈપીએસની બદલીઓ માટે એક પેનલ ચૂંટણી પંચને મોકલાઈ છે. આથી,અધિકારીઓની બદલીઓ થઈ શકે છે. જો આવું થશે તો લાંબા સમયથી અટકેલી ''જી ની બદલીઓની પ્રક્રિયા પૂર્ણ થશે અને ખાલી પડેલી મહત્ત્વની જગ્યાઓ પર નિમણૂક કરાશે.

### રાજ્યમાં ચૂંટણીને લઈ તૈયારીઓને આખરી ઓપ

ઉલ્લેખનીય છે કે હવે લોકસભાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. રાજ્યમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે. ત્યારે સુરક્ષા વ્યવસ્થા અને ચૂંટણી ટાણે કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે રાજ્ય પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર પણ સંપૂર્ણ રીતે સજાગ છે. ચૂંટણીની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સાથે જ લોકોને મતદાન કરવા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે.

## એરફોર્સને ફાઈટર એરક્રાફ્ટ મળશે

નવીદિલ્હી,તા.૧૨

સરકારે સંરક્ષણ બાબતોમાં આત્મનિર્ભરતા તરફ મોટું પગલું ભર્યું છે. રક્ષા મંત્રાલયે ભારતીય જાહેર ક્ષેત્રની કંપની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડને રૂ. ૬૫ હજાર કરોડનું ટેન્ડર બહાર પાડ્યું છે. આ અંતર્ગત એચએએલ પાસેથી ૯૭ ન્ઝ્રછ માર્ક ૧છ ફાઈટર જેટ ખરીદવામાં આવશે. સ્વદેશી લશ્કરી હાર્ડવેર માટે ભારત સરકાર દ્વારા આપવામાં આવેલો આ સૌથી મોટો ઓર્ડર હોઈ શકે છે.

સંરક્ષણ મંત્રાલયે ટેન્ડરનો જવાબ આપવા માટે એચએએલને ત્રણ મહિનાનો સમય આપ્યો છે. જો આ સોદો થાય છે, તો ભારતીય વાયુસેનાના મિગ-૨૧, મિગ-૨૩ અને મિગ-૨૭ જેવા ફાઈટર જેટ્સને ભારતીય બનાવટના એલસીએ માર્ક ૧એ ફાઈટર જેટ દ્વારા બદલવામાં આવશે, જે ટૂંક સમયમાં જ વાયુસેનામાંથી નિવૃત્ત થઈ જશે. સ્વદેશી હથિયારોને પ્રોત્સાહન આપવાની દિશામાં આ એક ખૂબ જ મહત્વપૂર્ણ પગલું છે. તેનાથી સંરક્ષણ ક્ષેત્રની નાની અને મધ્યમ વર્ગની કંપનીઓના બિઝનેસને પણ ફાયદો થશે. વડાપ્રધાન મોદી સતત એચએએલને પ્રમોટ કરી રહ્યા છે અને તેથી એચએએલને તમામ પ્રકારના સ્વદેશી ફાઈટર જેટ્સ, હેલિકોપ્ટર અને એન્જિનના ઉત્પાદન માટે ડીલ મળી રહી છે.

વાયુસેનાએ પહેલાથી જ એચએએલને ૮૩ એલસીએ માર્ક ૧એ ફાઈટર જેટનો ઓર્ડર આપી દીધો છે, જેના હેઠળ પ્રથમ ફાઈટર જેટ થોડા અઠવાડિયામાં એરફોર્સને આપવામાં આવશે.એલસીએ માર્ક ૧એ એ તેજસ એરક્રાફ્ટનું આધુનિક સંસ્કરણ છે. ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ વીઆર ચૌધરીએ સ્પેનમાં પહેલીવાર ૯૭ એલસીએ માર્ક ૧એ ફાઈટર જેટની ડીલ વિશે માહિતી આપી હતી.

તાજેતરમાં, વાયુસેના વડાએ સ્વદેશી ફાઈટર જેટના કાર્યક્રમ અંગે સમીક્ષા બેઠક પણ યોજી હતી, જેમાં

## ઈઝરાયેલ-લેબનોન બોર્ડર પર મિસાઈલોનો ખડકલો

### ઈરાન ટૂંક સમયમાં ઈઝરાયેલ પર મોટા હુમલાની તૈયારી કરી રહ્યું છે- અમેરિકન ઈન્ટેલિજન્સ

નવીદિલ્હી,

ઈઝરાયેલ-લેબનોન સરહદ પર ડઝનેક મિસાઈલોને ઉભી કરી દેવામાં આવી છે. સર્વેલન્સ ફૂટેજમાં મોડી રાત્રે દ્રશ્ય કેપ્ચર કરવામાં આવ્યું હતું જ્યારે ઈઝરાયેલ-લેબનોન સરહદ ઉપરના આકાશમાં ડઝનેક મિસાઈલોને અટકાવવામાં આવી હતી. ઈઝરાયેલની સેનાએ એક નિવેદનમાં કહ્યું કે લેબનીઝ વિસ્તારમાંથી આવી રહેલી લગભગ ૪૦ મિસાઈલોની ઓળખ કરવામાં આવી છે.

ઈરાન ઈઝરાયેલ પર મોટો હુમલો કરી શકે છે. ઈઝરાયેલ તેના જૂના દુશ્મન ઈરાન સાથે એવા સમયે અથડામણ કરી રહ્યું છે જ્યારે તે ગાઝામાં હમાસ સાથે યુદ્ધ લડી રહ્યું છે. વોલ સ્ટ્રીટ જર્નલના એક અહેવાલ મુજબ ઈરાન હજુ પણ ઈઝરાયેલ પર સીધા હુમલાના રાજકીય જોખમોનું આકલન કરી રહ્યું છે. આ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેનની પ્રતિક્રિયા પણ સામે આવી છે. બાઈડને ઈરાનને કડક ચેતવણી આપી હતી કે તેણે ઈઝરાયેલ પર હુમલો ન કરવો જોઈએ. અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું કે, ઈરાન ટૂંક સમયમાં હુમલો કરશે. તેમણે તહેરાનને આ મામલે આગળ ન વધવાની ચેતવણી પણ આપી હતી.

અમેરિકન ઈન્ટેલિજન્સ અનુસાર ઈરાન ટૂંક સમયમાં ઈઝરાયેલ પર મોટા હુમલાની તૈયારી કરી રહ્યું છે. આ માટે તે ડ્રોન અને ક્રુઝ મિસાઈલ સહિતની સૈન્ય સંપત્તિને સરહદ પર લઈ જઈ રહી છે. તેના પરથી અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે તે હુમલાની તૈયારી કરી રહ્યું છે. જ્યારે બાઈડને ઈરાનના ઈરાદાઓ વિશે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે અમેરિકા ઈઝરાયેલની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. બાઈડને કહ્ય

### જે ભારતીયો ઈરાન અથવા ઈઝરાયેલમાં રહે છે તેઓને દૂતાવાસનો સંપર્ક કરવા સૂચના

નવીદિલ્હી,

મધ્ય-પૂર્વની વર્તમાન પરિસ્થિતી જોતા ભારતના વિદેશ મંત્રાલયે ભારતીયો માટે ખાસ એડવાઈઝરી જાહેર કરી છે. જેમાં ભારતીયોને ઈરાન અને ઈઝરાયેલની યાત્રા ન કરવાની સૂચના આપવામાં આવી છે. વિદેશ મંત્રાલયે એમ પણ કહ્યું કે જે લોકો હાલમાં ઈરાન અથવા ઈઝરાયેલમાં રહે છે તેઓને ત્યાં ભારતીય દૂતાવાસનો સંપર્ક કરવા અને પોતાનું રજીસ્ટ્રેશન કરાવવા વિનંતી છે. તેઓને તેમની સલામતી અંગે ખૂબ કાળજી રાખવા અને તેમની પ્રવૃત્તિઓને ન્યૂનતમ સુધી મર્યાદિત કરવા વિનંતી કરવામાં આવે છે.ભારત પહેલા રશિયા અને જર્મનીએ પણ એક દિવસ પહેલા આવી એડવાઈઝરી જારી કરી હતી. ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે યુદ્ધના વધતા ખતરાઓ વચ્ચે રશિયા અને જર્મનીએ ૧૧ એપ્રિલે મધ્ય પૂર્વના દેશોને સંયમ રાખવાની અપીલ કરી હતી.

# ચૂંટણી પહેલા ૧૦ હજારથી વધુ ફરિયાદો મળી ૮૬.૮૨ કરોડની વસ્તુઓ ઓબ્ઝર્વર્સ દ્વારા જપ્ત

અમદાવાદ,

ગુજરાતમાં આવેલી લોકસભાની ૨૬ બેઠકો માટેની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની ૫ બેઠકો માટેની પેટાચૂંટણી માટે આજથી ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત કરવામાં આવી છે. આ દરમિયાન ચૂંટણી પહેલા જ ગુજરાતમાંથી ૮૬.૮૨ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે રાજ્યમાં ૨૭ જનરલ ઓબ્ઝર્વર, ૨૮ એક્સપેન્ડિચર ઓબ્ઝર્વર્સ અને ૧૪ પોલીસ ઓબ્ઝર્વરની નિમણૂંક કરવામાં આવી છે. ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં કાર્યરત ૭૫૬ ફ્લાઈંગ સ્કવોર્ડ્સ દ્વારા અત્યાર સુધીમાં રૂપિયા ૬.૫૪




કરોડ રોકડ, રૂપિયા ૧૧.૭૩ કરોડની કિંમતનો ૩.૮૪ લાખ લીટર જેટલો દારૂ, રૂપિયા ૨૭.૬૨ કરોડની કિંમતનું ૪૫.૩૭ કિલો સોનું અને ચાંદી, રૂપિયા ૧.૭૩ કરોડની કિંમતના ૫૬૪.૪૯ કિલો પ્રતિબંધિત નશાકારક પદાર્થો તથા મોટરકાર, મોટર સાઈકલ, સીગારેટ, લાઈટર અને અખાદ્ય ગોળ સહિતની રૂપિયા ૩૯.૨૦ કરોડની અન્ય વસ્તુઓ મળી કુલ રૂપિયા ૮૬.૮૨ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

રાજ્યના તમામ જિલ્લાઓમાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં ઈવીએમના પ્રથમ રેન્ડમાઈઝેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જેમાં ઈફ્ફ મશીનોની ફાળવણી જિલ્લા કક્ષાએથી એસેમ્બ્લી સેગ્મેન્ટ કક્ષાએ કરવામાં આવી છે. હરીફ ઉમેદવારોની યાદી આખરી થયા બાદ હરીફ ઉમેદવારો કે, તેમના પ્રતિનિધિઓ તથા ભારતના ચૂંટણી પંચ દ્વારા નીમવામાં આવેલ જનરલ ઓબ્ઝર્વરની હાજરીમાં ઈવીએમના બીજા રેન્ડમાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.

# જીટીયુની ૨૫મીથી પરીક્ષા શરૂ સ્ક્વોડની સંખ્યા ડબલ કરાઈ

## રાજ્યમાં ૫ ફ્લાઈંગ સ્ક્વોડ વધારીને ૧૦ કરાઈ

અમદાવાદ,

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ)ની એપ્રિલ-મેમાં યોજાનારી પરીક્ષા દરમિયાન ગેરરીતિ ન થાય તે માટે સ્પેશિયલ મોનિટરિંગની કુલપતિ- રજીસ્ટ્રાર સાથેના સીધા સંકલનવાળી ફ્લાઈંગ સ્ક્વોડની સંખ્યા ડબલ કરી દેવાઈ છે. હાલની ૫ સ્ક્વોડમાં વધુ ૫ જેટલી ફ્લાઈંગ સ્કવોડ ઉમેરો કરી કુલ ૧૦ ફ્લાઈંગ સ્કવોડ તૈનાત કરવામાં આવી છે.

જીટીયુની સમર એક્ઝામ-૨૦૨૪નો ૨૫ એપ્રિલથી પ્રારંભ થશે. જે અંતર્ગત પ્રથમ તબક્કામાં ૨૫ એપ્રિલથી એમબીએ સેમેસ્ટર-૪ અને એમબીએ સેમેસ્ટર-૩ની પરીક્ષા શરૂ થશે. ત્યારબાદ તબક્કાવાર વિવિધ વિભાગોની પરીક્ષા લેવાશે. ૭૦ જેટલા પરીક્ષા કેન્દ્રોમાં અંદાજે ૨૦ હજાર વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપવાના છે.

પરીક્ષા દરમિયાન અવ્યવસ્થા કે ગેરરીતિ ન થાય તે માટે પરીક્ષા વિભાગના સીધા જ સંકલનમાં રૂટિન સ્ક્વોડનું ગઠન કરાયું છે. ઉપરાંત સ્પેશિયલ સ્કવોડ પણ સ્ટેન્ડ ટુ મોડમાં તૈયાર રહેશે. અગાઉ કુલપતિ- રજીસ્ટ્રારના સીધા સંકલન સાથે પાંચ જેટલી ફ્લાઈંગ સ્કવોડ રખાતી હતી.

કોઈપણ વિદ્યાર્થી કે વાલી દ્વારા પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની અવ્યવસ્થાની ફરિયાદ કુલપતિ કે રજીસ્ટ્રારના કાર્યાલય પર કરી શકશે.

# સુરેન્દ્રનગરની જેલમાંથી ૬ મોબાઈલ મળતા ચકચાર

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગરની જેલમાંથી મોબાઈલ મળતા ખળભળાટ મચ્યો છે. શહેરની સબજેલમાં ચેકિંગ દરમ્યાન ૬ મોબાઈલ મળતા ચકચાર મચી જવા પામી છે. સબજેલમાં અમદાવાદની ટીમ તપાસ કરી રહી હતી ત્યારે બેરેક પાસેની ગટરમાંથી મોબાઈલ મળી આવ્યા. ટીમે તમામ મોબાઈલ એફએસએલ માટે મોકલી આપ્યા છે.

સબજેલના બેરેક નંબર ૧ અને ૨ની પાછળની બાજુ આવેલ પ્રથમ ગટરની કુંડીમાંથી ૩ મોબાઈલ મળ્યા અને ત્યારપછી વધુ તપાસ કરતા બીજી કુંડીમાંથી વધુ ૩ મોબાઈલ મળ્યા. જેલમાં સજા ભોગવતા આરોપીઓની આ મોબાઈલ અંગે પૂછપરછ કરતા કોઈએ પણ કબૂલાત કરી નહી. મળી આવલે મોબાઈલ કુંડીના પાણીમાં ગરકાવ થતા બંધ હાલતમાં છે. આ મામલે સીટી એ ડિવીઝન પોલીસે ફરિયાદ નોંધાવતા વધુ તપાસ હાથ ધરાઈ છે. જેલમાં આરોપીઓ માટે મોબાઈલ પર પ્રતિબંધ હોવા છતાં ૬ મોબાઈલ મળી આવતા જેલના કર્મચારીઓની પણ સંડોવણી હોવાની શંકા ઉદભવી રહી છે.

# સુરતમાં જીજા-સાળીએ પાલિકામાં નોકરીના નામે અનેકને લૂંટી લીધા

**વિશ્વાસ અપાવવા ગૌણ સેવા પસંદગી મંડળ સહિતના ડુપ્લિકેટ ડોક્યુમેન્ટ બનાવ્યા !**

સુરત

રીંગ રોડ પર જ્વેલર્સના વેપારી સાથે રૂપિયા ૧૨ લાખથી વધુની ઠગાઈ કરનાર નકલી નાયબ કલેક્ટર મહિલાને પોલીસે ઝડપી પાડ્યા બાદ એક પછી એક અનેક ઠગાઈના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ડુપ્લિકેટ નાયબ કલેક્ટર સામે અને તેના મળતીયા સામે વધુ એક છેતરપિંડીની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેમાં તેઓએ લોકોને સુરત મહાનગરપાલિકામાં નોકરી અપાવવાના બહાને જીજા-સાળી પાસેથી રૂપિયા ૧.૪૦ લાખ પડાવી લીધા હતા.

સુરતના રીંગ રોડ પર આવેલા ચામુંડા જ્વેલર્સના વેપારી સાથે રૂપિયા ૧૨ લાખની છેતરપિંડી કરનાર ડુપ્લિકેટ નાયબ કલેક્ટર હેતલ કુમારી સંજયભાઈ પટેલને પોલીસે ઝડપી પાડી હતી. જેની ધરપકડ બાદ પોલીસે તપાસ કરતા એક પછી એક કાંડ ખુલી રહ્યા છે. સુરત શહેરમાં અલગ અલગ લોકોને અલગ અલગ રીતે ઠગ્યા હોવાનું સામે આવી રહ્યું છે.

સલાબતપુરા રૂસ્તમપુરામાં પોલીસ ચોકી પાસે અકબર શહીદનો ટેકરો પાસે રહેતા અહેમદ ખાન પઠાણે પણ હેતલ કુમારી અને તેની સાથેના ઈસમ સામે છેતરપિંડીની પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, ડેપ્યુટી કલેક્ટર તરીકે ઓળખ આપનાર હેતલકુમારીએ તેઓને સુરત મહાનગર પાલીકાના અલગ અલગ વિભાગમાં નોકરી અપાવીશ તેમ કહી તેમની પાસેથી તથા તેઓની સાળી જાકેરાબીબીને સુપરવાઈઝર અને પટાવાળાની નોકરી અપાવવાના બહાને બંને પાસેથી ૭૦-૭૦ હજાર મળી કુલ રૂપિયા ૧.૪૦ લાખ પડાવ્યા હતા.

# કેનેડામાં રોડ ક્રોસ કરી રહેલા એક ગુજરાતી યુવકનું ટ્રકની ટક્કરે મોત

અમદાવાદ

કેનેડામાં વધુ એક ગુજરાતીનું માર્ગ અકસ્માતમાં મોત થયાનું સામે આવ્યું છે. વિગતો મુજબ દહેગામના શિયાવાડા ગામનો વિદ્યાર્થી બન્યો કેનેડામાં અકસ્માતનો ભોગ બન્યો છે. રોડ ક્રોસ કરતા સમયે ટ્રકે ટક્કર મારતાં ઘટનાસ્થળે વિદ્યાર્થીનું મોત થયું હતું. ઘટનાને લઈ મૃતકના પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.

દહેગામના શિયાવાડા ગામનો મિત નામનો વિદ્યાર્થી ૯ મહિના પહેલા કેનેડા ગયો હતો. જોકે હવે કેનેડાથી એકના એક પુત્રના મોતના સમાચાર



આવતા પરિવાર ઘેરા આઘાતમાં સરી પડ્યો છે. વિગતો મુજબ શિયાવાડા ગામના મિત નામના વિદ્યાર્થીને રોડ ક્રોસ કરતા સમય એક ટ્રકે ટક્કર મારી હતી.

# સોના ચાંદીનો માલ મગાવી ત્રણ કરોડની છેતરપીંડી

## ઉદેપુરના વેપારીઓ સામે ફરિયાદ નોંધવામાં આવી

અમદાવાદ

માણેકચોકના સોના ચાંદીના વેપારી છેતરાયા હોવાની ઘટના સામે આવી છે. મળી રહેલી માહિતી અનુસાર, તાજેતરમાં અમદાવાદના માણેકચોક વિસ્તારમાં સોના ચાંદીનો માલ માંગવી ઉદેપુરના વેપારીઓએ કરી છેતરપીડી આચરી છે. માહિતી અનુશાર આ વેપારીઓએ ૩ કરોડનું સોનું ચાંદી મંગાવી છેતરપીડી કરી છે. અમદાવાદ ક્રાઈમબ્રાન્ચે ૩ આરોપી સામે ગુનો નોધ્યો. તેમજ હિતેશ રાવ, પુષ્પપેન્દ્રસિંહ રાવ અને કાળીદાસ સામે ફરિયાદ પણ નોંધવામાં આવી છે.

# જવલ્લે જોવા મળતું સફેદ બુલબુલ વ્યારામાં દેખાયું

## આલ્બિનો કે લ્યુસિસ્ટીક પક્ષી ત્રીસ હજારે એક જ જોવા મળે છે એવો પક્ષીવિદોનો અંદાજ છે

વ્યારા

વ્યારામાં રહેતાં એક પક્ષી પ્રેમી દંપતી એ જવલ્લે જ જોવા મળતું સફેદ કલરનું બુલ બુલ પક્ષીને કેમેરામાં કેદ કરી લીધું હતું.વ્યારા માં રહેતા પક્ષી પ્રેમી એવાં કશ્યપ જરીવાલા અને ડૉ.નેહા જરીવાલા વ્યારામાં અને એની આસપાસના વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી જુદા જુદા પક્ષીઓની ફોટોગ્રાફી કરે છે. એ રીતે ગુરુવારના દિવસે પણ તેઓ વ્યારા શહેરમાં ફોટોગ્રાફી કરવા નીકળ્યા હતા. આ સમયે એમને એક વૃક્ષ પર એક અલગ પ્રકારનું બુલબુલ જોવા મળ્યું હતું. સામાન્ય રીતે બુલબુલનો રંગ ઘેરો બ્રાઉન હોય છે પરંતુ કુદરતી રંગ ની ઉણપ ધરાવતી આ બુલબુલ નો રંગ સફેદ હતો અને જેનું નામ લ્યુસિસ્ટિક રેડ વેન્ટેડ બુલબુલ છે.

જવલ્લે જ જોવા મળતી આ સફેદ બુલબુલ તાપી જિલ્લામાં પ્રથમ વખત જોવા મળી છે જે એક રેકોર્ડ પણ કહી શકાય. જોવા મળેલું આલ્બિનો કે લ્યુસિસ્ટીક પક્ષી ત્રીસ હજારે એક જ જોવા મળે છે એવો પક્ષી વિદોનો અંદાજ છે.

# મહિલા સંમેલન દરમિયાન કોર્પોરેશનનો ટ્રક અથડાતા દિવાલ ધરાશાયી ૭થી વધુ ઈજાગ્રસ્ત

અમદાવાદ

લોકસભાની ચૂંટણીને લઈ લોકસભાનાં ઉમેદવારો દ્વારા હાલ બેઠકોનો દોર ચાલી રહ્યો છે. ત્યારે પશ્ચિમ લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર દિનેશ મકવાણાનાં સમર્થનમાં કાંકરિયા પિકનિક હાઉસ ખાતે ભાજપની બેઠક મળી હતી. બેઠક ચાલી રહી હતી તે દરમ્યાન કોર્પોરેશનું ન્યુસન્સ ટેન્કર બહાર નીકળી રહ્યું હતું. જે ટેન્કર પિકનિક હાઉસની દિવાલને અથડાતા દિવાલ ધડાકા સાથે મહિલાઓ પર પડી હતી. દિવાલ ધરાશાયી થતા ૭ થી વધુ મહિલાઓ ઈજાગ્રસ્ત થઈ હતી. ઈજાગ્રસ્ત તમામ મહિલાઓને એલજી હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આ સમગ્ર બાબતે શહેર ભાજપ મહામંત્રીએ જણાવ્યું હતું કે, મહિલા કાર્યકર્તાઓનું સંમેલન યોજાયું હતું જે સંમેલન પૂર્ણ થયા બાદ મહિલાઓ ફૂટપાથ પર બસની રાહ જોઈ રહી હતી. તે દરમ્યાન કાંકરિયા પિકનિક હાઉસની બાજુમાં આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશનનાં ન્યુસન્સ ટેન્કરનું વાહન ત્યાંથી પસાર થતું હતુ. જે અચાનક દીવાલ સાથે અથડાયું હતું.

# ગેનીબેને જાહેરસભામાં જ કહ્યું હતું કે મારો ચૂંટણીખર્ચ તો લોકોએ જ ઉપાડી લીધો છે

બનાસકાંઠા

બનાસકાંઠા બેઠક પર ભાજપ અને કોંગ્રેસે મહિલા ઉમેદવારોને મેદાને ઉતાર્યા છે. બંને ઉમેદવારો હાલ લોકોની વચ્ચે જઈને પ્રચાર કરી રહ્યાં છે. કોંગ્રેસનાં ઉમેદવાર ગેનીબેન ઠાકોરને પ્રચાર દરમિયાન લોકો નાણાકીય મદદ કરતા પણ જોવા મળી રહ્યા છે. ખડોસણમાં યોજાયેલી એક સભા દરમિયાન એક મહિલા દ્વારા ગેનીબેનને ૫૧ હજાર રૂપિયાની મદદ કરવામાં આવી હતી.ગેનીબેને જાહેરસભામાં જ કહ્યું હતું કે મારો ચૂંટણીખર્ચ તો લોકોએ જ ઉપાડી લીધો છે. પ્રચારનો એક દિવસ એવો નથી ગયો કે લાખ-દોઢ લાખ રૂપિયાનો ફાળો ન થયો હોય. ગેનીબેન દ્વારા રોકડની સાથે સાથે ઓનલાઈન મદદ પણ મેળવવામાં આવી રહી છે.

# ભુજમાં તૂફાન પુલ સાથે અથડાતા ત્રણના મોત

ભુજ,

ગુજરાતમાં પ્રાણઘાતક અકસ્માતો અને બેફામ ગતિની જાણે નવાઈ જ રહી નથી. ભુજના પદ્ધર પાસે ગમખ્વાર અકસ્માત સર્જાતા ત્રણના મોત નીપજ્યા હતા. મુસાફરોથી ભરેલી તૂફાન પુલ સાથે અથડાઈને પલ્ટી ખાઈ જતા ત્રણના મોત સર્જયા હતા. આમ ભુજમાં પણ અકસ્માતની ઘટનાઓ જવલ્લે જ બનતી હતી તે હવે દૈનિક ધોરણે થવા માંડી છે.

શુક્રવારે વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. વહેલી સવારના પગલે ડ્રાઈવરને ડિવાઈડર જ દેખાયું ન હોવાનું માનવામાં આવે છે, તેના લીધે ગાડી રીતસરની ડીવાઈડરને ટકરાઈ હતી અને પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં પાંચથી વધુ લોકો ઈજા પામ્યા હતા અને ઈજાગ્રસ્તોને જી.કે. જનરલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોમાં અમુકની હાલત ગંભીર છે. અકસ્માતના પગલે સ્થાનિકો તરત જ દોડી આવ્યા હતા. તેઓએ ગાડીમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ને બોલાવવામાં આવી હતી. તેની સાથે કેટલાયને તો અકસ્માતના સ્થળે જ સારવાર આપવામાં આવી હતી.

# ગુજરાત સરકાર દ્વારા નાણાં ન ચૂકવાય તો રાજસ્થાન સરકાર પાણી બંધ કરશે

ગાંધીનગર,

ગુજરાત અને રાજસ્થાન વચ્ચે પાણી માટે વિખવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. જળ માટે વસૂલી ની શરૂઆત થઈ બજાજ સાગર ડેમ કડાણા ડેમ પાસે બાકી નીકળતા પૈસા માંગ્યા છે. જો ગુજરાત સરકાર દ્વારા નાણાં ન ચૂકવતા રાજસ્થાન સરકાર પાણી બંધ કરશે. કડાણા ડેમની ઉપર આવેલ બાસવાડા ડેમમાંથી પાણી બંધ કરવાની ચીમકી આપવામાં આવી છે. ત્યારે રાજ્યમાં પૈસા માટે પાણી રોકાય તેવી શકયતા દેખાઈ રહી છે.

પાણી મુદ્દે ગુજરાત અને રાજસ્થાન વચ્ચે



ટકરાવ ચાલી રહ્યો છે. જેમાં રાજસ્થાનથી ગુજરાત આવનારા પાણીને રોકવાની ચેતવણી આપવામાં આવી છે. ગુજરાત સરકારે ૩૧ કરોડ રૂપિયા રાજસ્થાન સરકારને આપવાના બાકી છે. રાજસ્થાનના ચીફ એન્જિનિયરનો દાવો છે કે ૩૧ કરોડ રૂપિયાનું પેમેન્ટ બાકી છે. તેથી ગમે ત્યારે રાજસ્થાન સરકાર ગુજરાતને પાણી ન આપવાનો નિર્ણય કરી શકે છે.

કડાણા સિંચાઈ વિભાગનો દાવો છે કે કોન્ટ્રાક્ટેડ પાણી મળતું નથી. જેમાં બાસવાડા ડેમમાંથી કડાણા ડેમમાં પાણી આવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ત્યારે મહીસાગરમાં પાણીને લઈને યુદ્ધ શરૂ થયું છે. ગુજરાત અને રાજસ્થાન વચ્ચે પાણીનો વિવાદ ચાલી રહ્યો છે. પાણી માટેનું વિશ્વ યુદ્ધ થશે ખરું..???

# જૂનાગઢમાં મંગેતરે આપઘાત કરતાં યુવતીએ પણ આત્મહત્યા કરી લીધી

જૂનાગઢ,

જૂનાગઢમાં ખૂબ જ દુ:ખદ ઘટના સામે આવી છે. મંગેતરે આત્મહત્યા કરતાં યુવતીએ ઝેરી દવા પીને આત્મહત્યા કરી હતી. જૂનાગઢના બિલખા રોડ પરની ઘટના બની હતી. તેના લીધે બંને કુટુંબ અને સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તી રહી છે. બંને કુટુંબો ઘેરા શોકમાં ડૂબી ગયા છે.

જૂનાગઢ પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધી તેની પાછળના કારણો શોધવા તપાસ આદરી છે. પહેલા તો મંગેતરે જ શા માટે આત્મહત્યા કરી લીધી તે વાત જ રહસ્યમયી છે. તેણે તેની ભાવિ વાગ્દત્તા સાથે કોઈ મુદ્દે ઝગડાના લીધે આત્મહત્યા કરી છે અથવા તો તેનું કોઈ બીજા સ્થળે પ્રેમપ્રકરણ ચાલતું હોય અને ત્યાં લગ્ન ન થઈ શકવાના હોય તેના લીધે આત્મહત્યા કરી છે. તે તપાસી રહી છે. આ સિવાય તેણે તેની ભાવિ પત્નીના કોઈ પ્રેમપ્રકરણના કારણે આત્મહત્યા કરી છે કે તેના પ્રેમી તરફથી કોઈ ધમકી તેને મળી છે તેની સંભાવના પર પણ પોલીસ તપાસ કરી રહી છે. યુવતીના આત્મહત્યાનું પહેલું કારણ તો તેના મંગેતરે આત્મહત્યા કરી તે સામે આવી રહ્યું છે. આમ છતાં પોલીસ તેમા બીજા પાસાઓ પર પણ ચકાસણી કરી રહી છે.

# કોર્ટ કેસ વિના પણ પક્ષકારોને મળશે ન્યાય કાયમી પ્રિ-લિટિગેશન લોક અદાલત સ્થપાશે

અમદાવાદ,

કૌટુંબિક વિખવાદો ખાસ કરીને લગ્ન જીવનની તકરારોના નિરાકરણ માટે એક ઐતિહાસિક અને અભૂતપૂર્વ પહેલના ભાગરૂપે ગુજરાત હાઈકોર્ટ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા રાજયમાં કાયમી પ્રિ-લીટીગેશન લોક અદાલતની સ્થાપનાનું આયોજન કરાયું છે. આ કાયમી પ્રિ-લીટીગેશન લોક અદાલત એક પ્લેટફોર્મ તરીકે કામ કરશે, જેમાં દંપતિઓની વૈવાહિક તકરાર અને લગ્નજીવનના ઝઘડા સહિતના કૌટુંબિક વિવાદના કેસોમાં સંવાદ અને મધ્યસ્થી દ્વારા સમસ્યાનું સુખદ નિરાકરણ લાવવાનો પ્રયાસ



કરાશે. લાંબી કાયદાકીય આંટીઘૂંટી અને કાનૂની કાર્યવાહીમાં ફસાયા વિના કે કોઈપણ ડર કે ચિંતા વિના પક્ષકારોને ન્યાય મળી શકશે.


પ્રિ-લીટીગેશન લોક અદાલતના હુકમનું વજન પણ કોઈ કોર્ટ દ્વારા અપાયેલ ચુકાદા જેટલું જ મજબૂત અને અધિકૃત હશે. ગુજરાત રાજયમાં કોર્ટોમાં દાખલ થતાં કેસોમાં મહ્દઅંશે લગ્ન જીવનની તકરારોના કેસો વધુ હોય છે, તેથી ગુજરાત હાઈકોર્ટની આ ઐતિહાસિક પહેલને પગલે હવે પતિ-પત્ની અને તેમના પરિવારજનોને કાનૂની પ્રક્રિયામાં અટવાયા વિના વાતચીત, મીડિએશન અને કાઉન્સેલીંગના માધ્યમથી જ સમસ્યાનો ઉકેલ મળશે, જે બહુ મોટી વાત કહી શકાય.

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સમિતિના પેટ્રન ઈન ચીફ સુનિતા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજયના આ કાયમી પ્રિ-લીટીગેશન લોક અદાલતના પ્રોજેકટને આખરી ઓપ અપાઈ રહ્યો છે અને ગણતરીના દિવસોમાં તમામ ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા બાદ તેની અમલવારી કરવામાં આવશે. લગ્ન જીવનના ઝઘડા અને વૈવાહિક તકરારોને લઈ મેજિસ્ટ્રેટ કોર્ટથી લઈ સેશન્સ કોર્ટ અને સેશન્સ કોર્ટથી લઈ હાઈકોર્ટ અને છેક સુપ્રીમકોર્ટ સુધી જુદી જુદી અરજીઓ અને અનેક લીટીગેશન્સ થતા હોય છે, જેમાં પતિ-પત્ની, તેમના સંતાનો, પરિવારજનો સહિતના લોકો લાંબી કાનૂની લડત અને આંટીઘૂંટીઓમાં અટવાતા હોય છે અને વર્ષો સુધી માનસિક, શારીરીક અને આર્થિક હાલાકીનો ભોગ બનતા હોય છે.

# શંકર ચૌધરી સામે ચૂંટણી પંચમાં ફરિયાદ ભાજપ ઉમેદવારની તરફેણમાં પ્રચાર કર્યો

ગાંધીનગર,

ગુજરાત વિધાનાસભાના અધ્યક્ષ શંકર ચૌધરી સામે ગુજરાત કોંગ્રેસ પ્રવક્તા મનિષ દોશીએ ચુટંણી પંચમાં ફરિયાદ કરી છે. કોંગ્રેસ દ્વારા ચુંટણી સંદર્ભે શંકર ચૌધરી દ્વારા આદર્શ આચાર સંહિતા ભંગની ફરિયાદ કરવામાં આવી છે. વિધાનસભાના અધ્યક્ષ હોવા છતાં શંકર ચૌધરીએ ભાજપાના ઉમેદવારની તરફેણમાં સભા કરી હતી. તેમણે બનાસકાંઠાના ભાજપાના ઉમેદવાર માટે પ્રચાર કર્યો હતો. વિધાનસભાના અધ્યક્ષ રાજકીય



પ્રચાર કરી શક્તા નથી. અધ્યક્ષ નિયુક્ત થયાની સાથે જ તેઓ કોઈ રાજકીય પક્ષના સભ્ય રહેતા નથી. તેથી વીડિયો પુરાવાને આધારે કોંગ્રેસ પ્રવક્તાએ ફરીયાદ કરી છે. સંસદીય પ્રણાલીઓ મુજબ વિધાનસભાના અધ્યક્ષ કોઈ પક્ષના ના હોઈ શકે. અધ્યક્ષ બન્યા બાદ પક્ષ સાથે જોડાયેલા નથી હોતા. શંકર ચૌધરીએ પણ અધ્યક્ષ બન્યા બાદ ભાજપમાંથી રાજીનામું આપ્યું હતું. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ આદર્શ આચારસંહિતાનો તથા સંસદીય પ્રણાલીઓ અને કાર્યરિતી ભાગ-૧ પ્રકરણ-૯, નો ભંગ કરેલ છે તે અંગે તાત્કાલીક પગલા ભરવા ભારતીય ચૂંટણી પંચને વીડીયો પુરાવા સાથે ફરીયાદ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ માંગ કરી છે.

# એનિમલ હોસ્ટેલમાં ગાયોના ટપોટપ મોત,જીવદયા ટ્રસ્ટની બેદરકારીનો આરોપ

## મહિને ૬૦ લાખની ગ્રાન્ટ લેતી સંસ્થા સામે તપાસની માંગ,આજે વધુ ૧૨ ગાયના જીવ ગયા!

રાજકોટ:શહેરની ભાગોળે કોઠારીયા ગામમાં ખોખળદળ નદી પાસે આવેલી એનીમલ હોસ્ટેલનું સંચાલન કરતી અને મહિને ૬૦ લાખની નિભાવ ગ્રાન્ટ લેતી સંસ્થા જીવદયા ટ્રસ્ટની બેદરકારથી રોજ બે આંકડામાં પશુઓ ટપોટપ મરી રહ્યાનો ગંભીર આક્ષેપ અને ખુલાસો પ્રદેશ કોંગ્રેસ ઓબીસી ડિપાર્ટમેન્ટ કાર્યકારી પ્રમુખ ડો.મહેશ રાજપૂતે કર્યો છે. આ સાથે જ તેમણે મનપા તુરંત બેદરકારી બદલ પગલા લે અને જરૂર પડયે સંચાલન પરત ખેંચે તેવી માંગણી કરી છે.કોઠારીયા પાસે ખોખળદળ નજીક આવેલી એનીમલ હોસ્ટેલમાં ગાય, વાછરડા સહિતના પશુઓ રાખવામાં આવે છે. આ જગ્યાનું સંચાલન મહાપાલિકાએ જીવદયાના ઈરાદા સાથે જીવદયા ટ્રસ્ટને સોંપેલું છે. અહીં પશુઓના નિભાવ અને જાળવણી માટે રોજના બે લાખ એટલે કે રૂા. ૬૦ લાખની માસિક ગ્રાન્ટ આપવામાં આવે છે. આ જગ્યાએ થોડા દિવસોથી પશુઓ ટપોટપ મરે છે. આજે પણ ૧૨ પશુના જીવ ગયા છે. આ અંગે વધુ વિગતો જાહેર કરતા ડો.મહેશ રાજપૂતે જણાવ્યું છે કે, મહાપાલિકાએ પશુઓની યોગ્ય



જાળવણી અને નિભાવ થાય તે માટે સંચાલન સોંપ્યું છે. આ જગ્યામાં રોજ ૧૦થી ૧૨ પશુના મૃત્યુ થઈ રહ્યા છે. તેના સંચાલક રાજેન્દ્ર શાહ અને યશ શાહ છે. આ જગ્યાએ રોજ બે વખતના બદલે માત્ર એક જ વખત પશુને જમવાનું અપાતું હોવાની ફરિયાદ તેમને મળી છે. સ્વચ્છતાના ધોરણનું પાલન થતું નથી. હાલ ચોમાસુ કે રોગચાળા જેવી કોઈ સ્થિતિ ન હોવા છતાં પશુઓના મૃત્યુમાં બેદરકારી જ જવાબદાર દેખાઈ રહી છે. આ સંસ્થાને ખુબ મોટી ગ્રાન્ટ મળતી હોવા ઉપરાંત જુદા જુદા પ્રસંગોએ અને રોજિંદા દિવસોમાં મોટુ દાન પણ મળતું હોય છે. ગાયોના નામે મોટુ દાન અને ગ્રાન્ટ આવતા હોવા છતાં થઈ રહેલા ગાયોના મોત અંગે તપાસ કરવાની જરૂર છે. છેલ્લા થોડા દિવસથી આવી ઘટના બનતી હોવા છતાં મહાપાલિકા તંત્રએ કોઈ તપાસ કરી ન હોય તો તે ખુબ ગંભીર બાબત છે. આટલી ગ્રાન્ટ આપવા છતાં ગંદકી વચ્ચે પશુના જીવ જતા હોવાથી તાત્કાલીક નોટીસ આપીને ખુલાસા પૂછવા જોઈએ. આજ સુધી તંત્રએ નોટીસ કેમ ન આપી તે પણ સવાલ છે. આ ઘટનાઓમાં જો ટ્રસ્ટની બેદરકારી સાબિત થાય તો તાત્કાલીક તેની પાસેથી સંચાલન પરત મેળવીને અન્ય સંસ્થાને જવાબદારી સોંપવાની માંગણી પણ પ્રદેશ કોંગ્રેસ નેતાએ કરી છે. આ એનિમલ હોસ્ટેલ બહાર સંસ્થાએ થાંભલા પર મનપાના બદલે પોતાની સંસ્થાનું બોર્ડ મારી દીધાની ફરિયાદ પણ ડો.રાજપૂતે તંત્રના ધ્યાને મૂકી છે.

# બંધ ફ્લેટના તાળા તોડી રોકડ અને લેપટોપ ઉઠાવી જતા તસ્કરો

રાજકોટ:વાવડીમાં રાધેશ્યામ ગૌશાળા પાસે વ્રજલીલા એપાર્ટમેન્ટમાં તસ્કરોએ ત્રાટકી ફ્લેટના તાળા તોડી રોકડ અને લેપટોપ મળી રૂ.૪૪૫૦૦ ની મતાની ચોરી કરી નાસી છૂટતાં તાલુકા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તપાસ આદરી હતી. બનાવ અંગે વાવડીમાં રાધેશ્યામ ગૌશાળા પાસે વ્રજલીલા એપાર્ટમેન્ટમાં સી/૧૦૨ માં રહેતાં દિવ્યેશભાઈ ઉકાભાઈ ડોડીયા (ઉ.વ.૨૭) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે મેટોડા જી.આઈ.ડી.સી.મા ગેટ નં.૧ મા પ્લોટ નં.૨૬૪૬ મા ક્રાતીગેટ મેઈન રોડ ઉપર કારખાનામા નોકરી કરે છે. ગઈ તા.૧૦/૦૪/૨૦૨૪ ના સાંજના આસરે પાંચેક વાગ્યે તેમની પત્નિ કાજલબેન અને તેના પિતા એમ અમો અમારા વતન વેરાવળના હસનાવદર ગામે તેના સાળાના લગ્નમાં ગયેલ હતાં. ગઈકાલે સવારના પાડોશી ગૌતમભાઈ ગોસ્વામીએ ફોનથી જાણ કરેલ કે, તમારા ફ્લેટના દરવાજે લાગડેલ તાળુ તુટેલ હાલતમાં પડેલ છે અને અંદર જોતા ઘરનો સામાન વેરવીખેર પડેલ છે અને ચોરી થયેલ હોય તેમ લાગે છે. જેથી તેઓ ઘરે દોડી આવી ઘરના લાકડાના દરવાજે જોતા નકુચો કાપેલ તાળુ નીચે પડેલ હતુ અને ઘરની અંદર ઘરનો સામાન વેરવીખેર હાલતમા પડેલ હતો.તેમજ તેમનું પત્નિનુ ફ્રીઝ ઉપર રાખેલ પાકીટ રોકડા રૂ. ૮૫૦૦ રાખેલ હતાં અને કબાટમા રાખેલ એક મોબાઈલ રૂ.૬ હજાર અને રૂમમાં ટીપોઈ ઉપર રાખેલ લેપટોપ રૂ.૩૦ હજાર મળી કુલ રૂ.૪૪૫૦૦ નો મુદ્દામાલ કોઈ અજાણ્યો તસ્કર ઘરમાં ઘુસી ચોરી કરી નાસી છૂટ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરની શોધખોળ હાથ ધરી હતી.

જૂગાર રમતા સાત શખ્સો ઝડપાયા

બાલાજી હોલ પાછળ આરએમસી કવાર્ટરના ગેટ પાસે જાહેરમાં જુગાર રમતાં સાત શખ્સોને તાલુકા પોલીસે દબોચી રૂ?૦૩૦૦ની રોકડ કબ્જે કરી હતી.દરોડાની વિગત મુજબ તાલુકા પોલીસ મથકના પીઆઈ ધવલ હરીપરાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી. ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ અજય ભુંડીયાને મળેલ ચોકકસ બાતમીના આધારે બાલાજી હોલ પાછળ આરએનસી કવાર્ટરના ગેટ પાસે જાહેરમાં તિનપત્તીનો જુગાર રમતાં રાહુલ રમેશ દાફડા જમાલુદિન નિજામુદીત શેખ રવિ ભવાન પરમાર મનિષ ગોપાલ રામાવત ફીરોજશા દાઉદશા સાહમહાર અવિનાશ નરેન્દ્ર સોલંકી, અને વિશાલ દિનેશ શીયાર ને દબોચી રૂ.?૦૩૦૦ની રોકડ કબ્જે કરી હતી.

# ગ્રામ્ય વિસ્તારમાં તહેવારો નિમિત્તે પ્રતિબંધાત્મક આદેશો જાહેર

રાજકોટ:૨૦૨૪ દરમિયાન ડો. બાબા સાહેબ આંબેડકર જયંતિ, રામ નવમી, મહાવીર જયંતિ, હનુમાન જયંતિ જેવા તહેવારોની ઉજવણી થતી હોય તેમજ વિવિધ રાજકીય પક્ષો અને સંગઠનો દ્વારા આંદોલનો, રેલીઓ, ધરણા જેવા કાર્યક્રમો યોજાતા હોય છે. જેને ધ્યાને લઈને કાયદો વ્યવસ્થા, જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે અને અનિચ્છનીય બનાવો ન બને, તે માટે નિવાસી અધિક કલેક્ટરશ્રી ચેતનભાઈ ગાંધી દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરવામાં આવ્યા છે.


જે મુજબ રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હથિયાર, તલવાર, ભાલા, બંદુક, છરી, લાકડી, શસ્ત્રો સહિતના શારીરિક ઈજા કરી શકાય તેવા હથિયારો તેમજ સ્ફોટક પદાર્થ સાથે રાખીને ફરવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. પથ્થરો અને શસ્ત્રો ફેંકવાના સાધનો એકઠા કરવા તથા સરઘસમાં પેટાવેલી મશાલો લઈ જવા તેમજ મનુષ્યો, શબો, આકૃતિઓ, પુતળા દેખાડવા તથા લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવાની મનાઈ કરવામાં આવી છે. ઉપરાંત, સુરૂચિનો ભંગ થતો હોય અથવા રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવા, નકલ કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો તૈયાર કરવા અને તેનો ફેલાવો કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે સરકારી કર્મચારી કે જેને તેમના ઉચ્ચ અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, વૃદ્ધો તથા અશકતો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય તેમજ સક્ષમ સત્તાધિકારી તરફથી જેને પરવાનગી આપવામાં આવેલી હોય તેવી વ્યકિતઓને આ જાહેરનામું લાગુ પડશે નહીં. આ જાહેરનામું રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત સિવાયના ગ્રામ્ય વિસ્તારમાં તા. ૩૦/૦૪/૨૦૨૪ સુધી અમલમાં રહેશે. તેમજ આ જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# દિવ્યધામ વલારડી ખાતે ચૈત્રી નવરાત્રીથી ૧ વર્ષ સુધી અખંડ હોમાંક યજ્ઞ

રાજકોટ:

જગતજનની માં ભગવતી વેરાઈ માતાજીની પ્રેરણાથી સમસ્ત વઘાસિયા પરીવારના રણખાંભીના સુરાપુરા પાતાદાદાની પ્રેરણાથી દિવ્યધામ ખાતે ચૈત્ર સુદ એકમ એટલે કે ચૈત્રી નવરાત્રીની શુભારંભથી આગામી ૧ વર્ષ સુધી ૨૪ કલાક અખંડ હોમાંક યજ્ઞ યોજાશે.આ યજ્ઞમાં રોજે રોજ ગુજરાતનાં અલગ અલગ ગામોએથી વઘાસિયા પરિવાર એક દિવસ યજ્ઞમાં બેસી માતા વેરાઈને સર્વજન હિતાયની પ્રાર્થના કરી યજ્ઞમાં આહુતી અર્પણ કરશે.આ ચૈત્રી નવરાત્રીમાં વિશ્વ વિખ્યાત શિવ કથાકાર પુજયશ્રી ગીરીબાપુએ યજ્ઞમાં આહુતી અર્પણ



કરેલ. અને સૌ ભકતોને આશિવર્ચન પાઠવી કૃતાર્થ કર્યા હતા. આ મહોત્સવ અંતર્ગત ચકલી બચાવો અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે, જે અંતર્ગત ૩૦૦૦ થી માળાઓનું વિતરણ કરાઈ ચુક્યુ છે.

તાજેતરમાં દિવ્યધામ ખાતે ૫૧ કુંડી મહાયાગ યજ્ઞનું આયોજન ફાગણસુદી બીજનાં દિવસે કરવામાં આવ્યુ હતુ. પધારેલ હજારો ભાવીકોએ જળસંસય અને જળસિંચનની જાગૃતી લાવવા જળયાત્રા સ્વરૂપે પાતાદાદાનાં નીજ મંદીરથી યજ્ઞ સ્થળ સુધી યાત્રા યોજી હતી.

અત્રે ઉલ્લેખનિય છે કે, દિવ્યધામએ વઘાસિયા પરિવાર દ્વારા માતા વેરાઈની આરાધનાનું તપસ્થલી છે.અહીં સર્વસમાજહીતનાં સાર્વજનિક કાર્યો દ્વારા સેવાકીય પ્રવૃતિઓ થઈ રહી છે. ગુજરાતભરમાંથી લોકો પોતાની શ્રધ્ધા અને આસ્થા સાથે અહીં દેવદર્શન કરવા પધારતા હોય છે, ત્યારે યાત્રીકોની સુખાકારી માટે યાત્રીભવનનું નિર્માણ દિવ્યભવનનાં રૂપે સાકાર થઈ રહ્યુ છે.

# જાહેર માર્ગોને ગંદા કરનાર વધુ ૭ વાહન ચાલકો દંડાયા

રાજકોટ:જેમા વ્યક્તિઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા તેઓ ને ઈ-ચલણ દ્વારા દંડ તેમજ રૈયા સીવેજ પ્લાન્ટ પાસે જાહેરમાં કચરો નાખતા બે ઈસમોને રૂપિયા ૨૦૦૦/- દંડ, પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા બે આસામીઓને ૧૦૦૦/- દંડ કરવામાં આવેલ હતો તેમજ જાહેરમાં કચરો નાખતા એક સફાઈ કામદારને ઝડ્પી લઈ ૨૫૦/- દંડ કરવામાં આવેલ. કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કુલ ૧૦૦૦ કેમેરા દ્વારા દિનભરમાં ૧૩૨૦ લોકેશન ચેક કરવામાં આવેલ, જે અંતર્ગત કુલ ૯૪૦ સફાઈ કામદારોની સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવેલ છે. અને આ ફરિયાદોનું




ફોલોઅપ જે તે વિસ્તારના સેનીટરી ઈન્સ્પેકટર પાસેથી મેળવી ૨૪ કલાકમાં ફરિયાદનુ નિવારણ કરવામાં આવેલ. ઉપરોકત કામગિરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલના આદેશ અને નાયબ કમિશનરના સુપરવિઝન હેઠળ, કમાંડએન્ડ કંટ્રોલ સેન્ટરના નોડલ ઓફિસર વત્સલ પટેલ તેમજ તાબા હેઠળનાં સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

# શ્રી જમશેદજી જીજીભોઈ-૧૪ એપ્રિલ ૧૮૫૯

આજના સમયમાં આવતા નાનામાં નાના શેરબજારના IPOની રકમ ૨૦-૩૦ કરોડ હોય તો પણ લોકોને સામાન્ય લાગે પરંતુ આજથી ૨૦૦ વર્ષ પહેલા એક એવો મહાન જુવાન ગુજરતી દરિયાખેડુ થઈ ગયો કે જેને પોતાની કમાણીના આકળા કરોડોમાં જાહે ર કરી લોકોને અચંભામાં મૂકી દીધા અને ગુજરાતનાં વેપારીઓની એક આગવી ઓળખ સમગ્ર વિશ્વને કરાવી.

૧૭મી સદીમાં જયારે અખંડ ભારત ન કહેવાતું તે સમયે આજના મહારાષ્ટ્ર તરીકે ઓળખાતો પ્રદેશ ત્યારે ગુજરાત તરીકર ઓળખતો અને તે સમયે ત્યાં ગુજરાતી જહાજી વેપારી અને દરિયાખેડુ વધારે સંખ્યામાં હતા. આવા જ એક પારસી સમાજના વેપારી શ્રી મેરવાનજી મેકજી અને જીવીબાઈના ઘેર ૧૫ જુલાઈ ૧૭૮૩ના રોજ પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ એ વ્યક્તિનું નામ શ્રી જમશેદજી જીજીભોઈ હતું. તેમના પિતા સુરતમાં કાપડના વેપારી હતા, તે ૧૭૭૦ના દાયકામાં બોમ્બે સ્થળાંતરિત થયા. ૧૭૯૯માં ૧૬ વર્ષની ઉમરે જીજીભોઈના માતા-પિતા બંનેનું અવસાન થયું અને જમશેદજી જીજીભાઈનો ઉછેર તેમના મામા, ફ્રેમજી નસરવાનજી બાટલીવાલાએ કર્યો. ત્યાર બાદ જીજીભોઈને થોડી ઔપચારિક શિક્ષણની માહિતી હોવાથી તેમણે કલકત્તાની પ્રથમ મુલાકાત લીધી અને પછી કપાસ અને અફીણના વેપાર માટે ચીનની પ્રથમ સફર શરૂ કરી. ચીનની બીજી સફર ઈસ્ટઈન્ડિયા કંપનીના કાફલાના જહાજમાં કરવામાં આવી હતી અને ચોથી સફર પર, ભારતીય નાગરિકને જબરદસ્તિથી ફ્રેંચની બંદૂકીમાં કેદ કરી લેવામાં આવ્યો અને કેપ "ઑફ ગુડ હોપ" માં કેદી તરીકે લઈ જવામાં આવ્યો, જે પછી તટસ્થ ડચનો કબજો હતો. ઘણા વિલંબ અને ભારે મુશ્કેલી પછી, જીજીભોઈ ડેનિશ જહાજમાં કલકત્તા જવા રવાના થયા. ગુજરાતી નીડર વેપારી ફરીથી ચીન તરફ સફર પર ગયા જે તેની અગાઉની કોઈપણ મુસાફરી કરતાં વધુ સફળ રહી. આ સમય સુધીમાં, જીજીભોઈએ નોંધપાત્ર સંપત્તિ ધરાવતા એક




સાહસિક વેપારી તરીકે તેમની પ્રતિષ્ઠા સ્થાપિત કરી હતી. જીજીભોઈએ ૧૮૦૩ના સમયની આસપાસ, તેમનું નામ "જમશેદ" થી બદલીને "જમસેતજી" રાખ્યું હતું જેથી તે ગુજરાતી સામુદાયના નામો જેવું જ લાગે. માત્ર ૪૦ વર્ષની ઉંમર સુધીમાં, તેમણે બે કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી લીધી હતી, જે તે દિવસોમાં આશ્ચર્યજનક રકમ હતી.

નેપોલિયનિક યુદ્ધો દરમિયાન કપાસના વેપારથી તેમની પાસે વધુ સંપત્તિ આવી. બોમ્બેના ગવર્નર લોર્ડ એલ્ફિન્સ્ટોને તેમના વિશે કહ્યું હતું કે, "સખત પ્રામાણિકતા દ્વારા, ઉદ્યોગ અને તેમના તમામ વ્યાપારી વ્યવહારોમાં સમયની પાબંદી દ્વારા, તેમણે સૌથી દૂરના બજારોમાં ગુજરાતી વેપારીઓની પાત્રતા વધારવામાં યોગદાન આપ્યું હતું."

૧૮૪૧માં બ્રિટિશ સરકારે માહિમ ટાપુને બાંદ્રાથી જોડવા માટે કોઝવે બનાવવાની ના પાડી દીધી હતી. જીજીભોઈના પત્ની એવાબાઈ જમશેદજી જીજીભોઈએ રૂ.૧,૫૫,૮૦૦ તેના બાંધકામને ફાઈનાન્સ કરવા માટે આપ્યા હતા. આ કામ ચાર વર્ષ પછી પૂર્ણ થયું હોવાનું માનવામાં આવે છે.

સર જમસેતજી જીજીભોઈએ સ્કૂલ ઓફ આર્ટ, સર જે.જે. કોલેજ ઓફ આર્કિટેક્ચર, ઓછામાં ઓછી ૧૨૬ નોંધપાત્ર જાહેર સખાવતી સંસ્થાઓને દાન આપ્યું હતું. ઈન્સ્ટિટ્યૂટ ઑફ એપ્લાઈડ આર્ટ અને શેઠ આર.જે.જે. હાઈસ્કૂલ, તેમણે તેમના સાથી પારસીઓને મદદ કરવા માટે આપી હતી અને ૧૮૪૯માં "સર જમસેદજી જીજીભોઈ પારસી બેનેવોલન્ટ ફંડ"ની રચના કરી હતી.

બોમ્બે ટાઈમ્સની શરૂઆત ૧૮૩૮માં કરવામાં આવી હતી જેમાં સર જમસેતજીનો સમાવેશ થતો હતો. ૧૮૬૧માં તેનું નામ બદલીને ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા રાખવામાં આવ્યું. જમશેદજીએ ૧૮૫૯માં જામ-એ-જમશેદ પ્રેસની સ્થાપના વખતે સુંદર દાન આપ્યું હતું. સર જમશેદજી જીજીભોઈએ પોતાના પર્સમાંથી રૂ.૨૦,૦૦૦ ઠાકુરદ્વાર ખાતે દરિયા કિનારે કેટલાક ઘાસના મેદાનો ખરીદવા માટે ખર્ચ્યા અને જોયું કે તે વિસ્તારમાં ભૂખે મરતા ઢોર પણ ચરતા હતા ત્યાર બાદ સમય જતાં આ વિસ્તાર "ચારણી" એટલે કે ચરાઈ તરીકે જાણીતો બન્યો.


શ્રી જમશેતજી જીજીભોઈનું ૭૫ વર્ષની ઉંમરે ૧૪ એપ્રિલ ૧૮૫૯ના રોજ બોમ્બેમાં દેહાંત થયું હતું. આવા મહાન, સાહસી, દયાળૂ, સ્વદેશ પ્રેમી એવા ગુજરાતી વેપારી શ્રી જમશેતજી જીજીભોઈની સ્મૃતિમાં ભારતીય ટપાલ વિભાગ દ્વારા ૧૫ એપ્રિલ ૧૯૫૯ના ૧૫ પૈસાની સ્મારક ટપાલ ટિકિટો જારી કરવામાં આવી એમાં સુરક્ષા હેતુ અશોક સ્તંભનું રેખાચિત્રનો ઉપયોગ વટેરમાર્ક તારીકે કરવામાં આવ્યો છે.

# જૈનોની ચૈત્ર માસની આયંબિલ ઓળીનો સોમવારથી શુભારંભ

રાજકોટ:૧૫ /૪ થી જૈનો હર્ષોલ્લાસપૂર્વક આયંબિલ તપનો પ્રારંભ કરશે.આ તપમાં માત્ર એક જ વખત એક જ જગ્યાએ બેસીને લુખ્ખુ - સુકુ એટલે કે તેલ, ઘી, દુધ, દહીં, ગોળ,સબરસ અને સાકર વગરનો રસ અને સ્વાદ રહિતનો આહાર કરવાનો હોય છે તથા અચેત પાણીનો ઉપયોગ કરવાનો હોય છે.આધ્યાત્મિક દ્રષ્ટિએ તો તપ શ્રેષ્ઠ છે પરંતુ આયુર્વેદીક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ આયંબિલ તપને આરોગ્ય માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.તેલ - ઘી રહિતનો આહાર વાપરવાથી લીવરને રાહત મળે છે,શરીર અને મન બંને પ્રસન્ન રહે છે,જે સાધનામાં સહાયક બને છે.

મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે આ પર્વ વર્ષમાં બે વાર ચૈત્ર તથા આસો માસમાં આવે છે.

આ બે મહિના ઋતુઓની સંધિકાળના મહિના હોવાના કારણે વાત્ત,પિત્ત અને કફનો પ્રકોપ શરીરને અસ્વસ્થ કરે છે,તેથી આ દિવસોમાં તપ કરવાથી રોગ પ્રતિકારક શક્તિ વધે છે તેથી જ તમામ દર્દનું ઔષધ તપને ગણવામાં આવે છે.ધર્મની દ્રષ્ટિએ તપ એ નિર્જરા માટેનું ઉત્તમોત્તમ સાધન છે.



શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રમાં પ્રભુ મહાવીરે કહ્યું કે " ભવકોડિસંચિયં કમ્મં ,તવસા નિજ્જરિજ્જઈ " એટલે કે ક્રોડો ભવોના બાંધેલા કર્મો તપ કરવાથી નિર્જરી અને ખરી જાય છે.

આયંબિલ ઓળીમાં નવ દિવસ સુધી નમો અરિહંતાણ પદથી લઈ નમો લોએ સવ્વસાહૂણં સાથે સમ્યક્ દર્શન,જ્ઞાન,ચારિત્ર અને તપ સહિત નવ પદની આરાધના કરવાની હોય છે.ગ્રંથોમાં આ તપનું મહીમા વર્ણવતાં અનેક પ્રેરક દ્રષ્ટાંતો આવે છે,જેમાં શ્રીપાલ અને મયણાનું દ્રષ્ટાંત સુપ્રચલિત છે. આયંબિલ તપ કરવાથી શ્રીપાલની કાયા કંચનવર્ણી બની જાય છે,તેમાં શ્રદ્ધા સાથે વૈજ્ઞાનિક કારણ પણ રહેલું છે.ખોરાકમાં સબરસનું પ્રમાણ ઘટવાથી ચામડીના રોગ મટી શકે છે.તામલી તાપસ અને સુંદરીએ પણ દીર્ઘ કાલીન સુધી આ તપની આરાધના કરેલી.આયંબિલ તપની તાકાત એટલી જબરદસ્ત છે કે તપના પ્રભાવથી ભરત ચક્રવર્તીના સુંદરી પ્રત્યેના દુષ્ટ ભાવોમાં પરિવર્તન આવી ગયેલ.

કહેવાય છે તપથી લોહી શુદ્ધ થાય છે,લાલ રક્ત કણો વધે છે,ચામડી તેજસ્વી બને છે.પ્રોફેસર જોસેફ હેરેલ્ડ જણાવે છે કે પેટના મોટાભાગના દર્દોમાં તપ શ્રેષ્ઠ છે. ડૉ. શેલ્ટન કહે છે કે સૃષ્ટિના જીવોમાં માત્ર મનુષ્ય એવું પ્રાણી છે કે જે બીમારીમાં પણ ખા ખા કરે છે. જયારે પ્રાણીઓ બિમાર પડે ત્યારે સૌ પ્રથમ ખાવાનું છોડી દે છે. મિસ શર્મને ટાંકેલુ છે કે એક અબજ લોકો જગતમાં અર્ધા ભૂખ્યા સૂએ છે અને સવા અબજ લોકો વગર ભૂખે ખા ખા કરે છે.

સળંગ નવ દિવસ આયંબિલ થઈ શકતી હોય તો તે શ્રેષ્ઠ છે,પરંતુ કોઈ કારણોસર શક્ય ન હોય તો છૂટક - છૂટક પણ આયંબિલ કરી શકાય છે જેનાથી જીવાત્મામાં તપના સંસ્કાર આવે છે.અમુક આત્માઓ નવ દિવસ મૌન સાથે પણ આયંબિલ તપની આરાધના કરતાં હોય છે.

# હાપા અને નાહરલગુન વચ્ચે ચલાવવામાં આવશે સ્પેશિયલ ટ્રેન

રાજકોટ: મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલવેએ હાપા અને નાહરલગુન વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય કર્યો છે. ટિકિટનું બુકિંગ ૧૩મી એપ્રિલથી જેની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નંબર ૦૯૫૨૫/૦૯૫૨૬ હાપા-નાહરલગુન સ્પેશિયલ (સાપ્તાહિક) ચ૨૨ ટ્રિપ્સ્

ટ્રેન નંબર ૦૯૫૨૫ હાપા-નાહરલગુન સ્પેશિયલ હાપાથી દર બુધવારે ૦૦.૪૦ કલાકે ઉપડશે અને શુક્રવારે ૧૬.૦૦ કલાકે નાહરલગુન પહોંચશે. આ ટ્રેન ૧૭ એપ્રિલ ૨૦૨૪ થી ૨૬ જૂન ૨૦૨૪ સુધી ચાલશે. એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૫૨૬ નાહરલગુન – હાપા સ્પેશિયલ દર શનિવારે નાહરલગુનથી ૧૦.૦૦ કલાકે ઉપડશે અને મંગળવારે ૦૦.૩૦ કલાકે હાપા પહોંચશે. આ ટ્રેન ૨૦ એપ્રિલ ૨૦૨૪ થી ૨૯ જૂન ૨૦૨૪ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, અમદાવાદ, નડિયાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, શાજાપુર, બિયાવરા-રાજગઢ, રૂઠીયાઈ, ગુના, શિવપુરી, ગ્વાલિયર, ઈટાવા, ગોવિંદપુરી, પ્રયાગરાજમાં જ્ઞાનપુર રોડ, બનારસ, વારાણસી, ગાઝીપુર સિટી, બલિયા, છપરા, હાજીપુર, શાહપુર પટોરી, બરૌની, બેગુસરાઈ, ખગરિયા, નૌગાચિયા, કટિહાર, બારસોઈ, કિશનગંજ, ન્યૂ જલપાઈગુડી, ન્યૂ કૂચ બિહાર, કોકરાઝાર, ન્યૂ બોંગાઈગાંવ, બારપેટા રોડ, રંગિયા, ઉદલગુડી, ન્યુ મિસામારી, રંગપારા ઉત્તર અને હરમુતી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

# પુત્રને ચીડવતા શખ્સને ઠપકો આપતા નખ કટરથી હુમલો કર્યો

રાજકોટ:રૈયા ટેલિફોન એકસચેન્જ, સોમનાથ સોસાયટીમાં આવેલ સુપર હેર સલૂન ખાતે આઠ વર્ષના પુત્રને ચીડવતા શખ્સને ઠપકો આપતા અજય ઉર્ફે હાર્દિક ઉર્ફે બીટ્ટુએ નખ કટરથી હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત નિશાંત મારુને સારવારમાં ખસેડવા આવેલ હતો.બનાવની વિગત મુજબ, રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થયેલા નિશાંત ચીમનભાઈ મારુ (ઉ.વ.૩૫, સોમનાથ સોસાયટી શેરી નં.૩)એ જણાવ્યું હતું કે, પોતે કડીયાકામ કરે છે. સંતાનમાં જય મારુ નામનો ૮ વર્ષનો પુત્ર છે. ગત સાંજે છ વાગ્યા આસપાસ તે અને તેનો પુત્ર અહીં સોમનાથ સોસાયટીમાં આવેલ સુપર હેર સલૂન નામની દુકાને હતા.ત્યારે અજય ઉર્ફે હાર્દિક ઉર્ફે બીટ્ટુ ત્યાં આવી દીકરા જય મારુને કહ્યું કે, તારી મા ભાગી ગઈ છે, તેના છૂટાછેડા થઈ ગયા છે. તેમ કહી ચીડવતા, નિશાંતે તેમ ન કહેવાનું કહેતા, અજયે ઉશ્કેરાઈ ઝઘડો કરી નિશાંતને પડખામાં નખ કટરનો ઘા ઝીંકી દીધો હતો. પોલીસે આ અંગે નિવેદન લેવા તજવીજ હાથ ધરી હતી.

# આહીર સમાજના નામનો ગેર ઉપયોગ કરી યોજાનાર સ્વાભિમાન સંમેલનની મંજુરી રદ કરવા ઉગ્ર માંગ

રાજકોટ:

વાળંદ સમાજના કેટલાક આવારા તત્વો દ્વારા અંદાજે ૧ વર્ષ પહેલા આહિર સમાજમાં ઘુસરવા માટે મેરીટી કમિશ્નરમાં મજોકડા આહીર સમાજ નામનું ટ્રસ્ટ રજીસ્ટર્ડ કર્યુ હતું. પરંતુ આહિર સમાજના આગેવાનો દ્વારા આ શાખાનું ખંડન કરવામાં આવી રહ્યું છે.તેઓએ સ્પષ્ટતા કરી છે કે મજોકઠા આતુર નામની કોઈ શાખા કાર્યરત નથી.આ વાણંદ જ્ઞાતિના કેટલાક લોકો દ્વારા આગામી તા.૧૪/૪ના રોજ રવિવારે પંડિત દિનદયાળ, ઉપાધ્યાય કોમ્યુનીટી હોલ આર્યનગર પેડક રોડ ખાતે મજોકઠા આહિર સમાજના બેકાર હેઠળ સ્વાભિમાન



સંમેલન યોજવા જઈ રહ્યું છે ત્યારે સમસ્ત આહીર સમાજની માંગણી છે કે આ કાર્યક્રમની મંજુરી રદ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.આહીર સમાજની માંગણી અને લાગણી છે કે આ કાર્યક્રમ તાત્કાલીક તંત્ર દ્વારા અટકાવવામાં આવે આગામી સમયમાં ચૂંટણી આવી રહી છે. ત્યારે આંચાર રોહિતાનો ખુલ્લોઆમ ભંગ થતો અટકાવવા તાત્કાલીક મંજૂરી અટકાવવા ઉગ્ર માંગ કરવામાં આવી છે. આ કાર્યક્રમનું તંત્ર દ્વારા અટકાવવામાં નહી આવે તો આહિર સમાજ આંદોલનાત્મક કાર્યક્રમ યોજવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# ટ્રેન હડફેટે અજાણ્યા વ્યકિતનું મોત

રાજકોટ:શહેરના મોરબીરોડ પર વેલનાથ પરા સામે આવેલ જલશાહી સોસાયટી બેડી ચોકડી પાસે અમદાવાદ હાઈવે તરફ જતા પુલની વચ્ચે આવેલ રેલવેના પાટાપર એક અજાણ્યા વ્યકિતનું વંદે ભારત ટ્રેન હડફેટે મોત થયું હતું.બનાવ પગલે બી ડિવીઝન પોલીસ સ્ટેશનના હેડકોન્સ્ટેબલ હિતેશભાઈ કોઠીવાળ અને કોન્સ્ટેબલ ભાવેશભાઈ દોડી ગયા હતાં. મુતદેહને પીએમ માટે સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ હતો.સુત્રોના જણાવ્યા મુજબ મૃતકની ઉમર આશરે ૪૦ વર્ષ છે. તેને આપઘાત કર્યો કે આ બનાવ અકસ્માતનો છે. તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. ઉપરાંત મૃતકની ઓળખ કરવા તજવીજ કરાઈ છે.

**પુત્રીને પિતાએ ઘરે બોલાવી હુમલો કરાવ્યો!**

જામનગરથી માતાની ખબર કાઢવા આવેલ પુત્રીને ધરમનગરમાં રહેતા પિતાએ છેતરીને પોતાના ઘરે લઈ ગયા બાદ તેણીને સાવકી માતા સહિતના શખ્સોએ ધોકાથી માર મારતા સારવારમાં ખસેડવામાં આવી હતી.પ્રાપ્ત વિગત મુજબ જામનગરના ગુલાબનગરમાં રહેતી આશાબેન રમેશભાઈ જાટીયા (ઉ.વ.૨૩) ગઈકાલે બપોરના સમયે માધાપર ચોકડી પાસે મામા સાહેબના મંદિર નજીક રહેતા તેમની માતા હિનાબેનની તબીયત પુછવા માટે આવેલ હતી. દરમ્યાન તેમની માતાથી અલગ રહેતા તેમના પિતા રાકેશભાઈએ પોતાના ધરમનગરના કવાર્ટરમાં છેતરીને માતા-પુત્રીને બોલાવેલ હતી. જયાં હાજર તેમની સાવકી માતા રૂપલ અને તેના પિતા રાકેશ અને સાવકો ભાઈ સાહિલ નામના શખ્સોએ ઝઘડો કરી ધોકાથી ઢોર માર મારતા ગંભીર રીતે શરીરે ઈજા પહોંચતા તેણીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બનાવ અંગે સિવિલ હોસ્પિટલના સ્ટાફે યુનિ. પોલીસે જાણ કરતા સ્ટાફ દોડી આવ્યો હતો અને ઈજાગ્રસ્તનું નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ભારતની સંપ્રભુતાનું સન્માન

લાઇન ઓફ એક્સ્યુઅલ કંટ્રોલ અંગે ભારત-ચીન વચ્ચેનો વિવાદ દાયકાઓથી ચાલી રહ્યો છે બંને દેશોના કોર કમાંડરો વચ્ચે દ્વિ-દિવસીય મિટિંગ અનેકવાર યોજાઈ છે.ગલવાન ઘાટી, પેંગોગ, લેક, દેપસાંગ સહિતનાં મહત્ત્વના પેટ્રોલિંગ પોઇન્ટમાંથી સેના હટાવી બંને દેશો વચ્ચે પૂર્વી લદ્દાખના વિવાદના જલદી ઉકેલ માટેની સહમતી આ મંત્રણામાં બને છે સંયુક્ત નિવેદન જાહેર કરવામાં આવે છે 'વાતચીત સકારાત્મક અને રચનાત્મક રહે છે બાકીના મુદ્દાઓ પણ સૈન્ય અને રાજદ્વારી માધ્યમો દ્વારા જલદીથી ઉકેલવામાં આવે તે માટે બંને પક્ષો સહમત થાય છે. પરંતુ ચાઇના દ્વારા તેનું અમલ કરવામાં આવતો નથી.

' લાઇન ઓફ એક્સ્યુઅલ કંટ્રોલ ચીન અને ભારત વચ્ચે પશ્ચિમમાં લદ્દાખથી લઈને ભારતના પૂર્વી રાજ્ય અરૂણાચલ પ્રદેશ સુધીનાં ક્ષેત્રોને અલગ કરે છે. પણ પારકી જમીન પર કબજો જમાવવામાં પાવરધું ચીન એના પર ખોટો દાવો માંડે છે. ભારતના પૂર્વોત્તર ક્ષેત્રના લગભગ ૯૦ હજાર વર્ગ કિલોમીટર પર ચીન દાવો કરે છે, જેમાં અરૂણાચલ પ્રદેશ અને લદ્દાખ સામેલ છે. ચીન અવાર-નવાર પ્રોટોકોલ તોડીને ભારતની સીમામાં ઘુસીને લડાઈ-ઝઘડા કરતું રહે છે. ત્રણ વર્ષ પહેલાં લદ્દાખ ક્ષેત્રમાં થયેલી ઝપાઝપીમાં ૨૦ ભારતીય સૈનિકો અને કેટલાંક ચીની સૈનિકો માર્યા ગયા હતા.

ભારત-ચીનના આ સરહદી વિસ્તારમાં જે કંઈ ચીને કર્યું છે તે અચાનક નથી થયું, પરંતુ ધીરે-ધીરે ચીને ત્યાં આધારભૂત ઢાંચા તૈયાર કર્યા અને પછી ઘૂસણખોરી, હુમલા વગેરે શરૂ કર્યા છે. ભારત પણ હવે આ ક્ષેત્રોમાં બુનિયાદી ઢાંચા મજબૂત કરી રહ્યું છે. આ સરહદો પર પાક્કી સડકો, પુલ વગેરેનું નિર્માણ થઈ રહ્યું છે. છેલ્લાં ત્રણેક વર્ષમાં અરુણાચલ પ્રદેશની અલગ અલગ ઘાટીઓને જોડતા ૧૮૦૦ કિલોમીટનાં રોડ બનાવવાનું કામ પૂર્ણતાને આરે છે. ઉપરાંત પૂર્વી લદ્દાખનાં ક્ષેત્રોમાં ૪૫ પુલો, બે હેલી પેડ અને ૫૫૦૦ સૈનિકો રહી શકે તેવા આવાસ પણ બની ગયા છે. અન્ય ૧૪ પરિયોજનાઓ કાર્યરત છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય ચીની ઘૂસણખોરીથી સુરક્ષાનો અને તેની સામે અડિખમ લડત આપવાનો છે. ભારત ચીનના અડિયલ રવૈયા નો જવાબ દર વખતે આપે જ છેભારતના વિદેશ મંત્રી જયશંકરે આ અંગે ખૂબ કડક વલણ અપનાવતાં કહ્યું છે કે, 'ચીને ભારતની સંપ્રભુતાનું સન્માન નથી કર્યું.

# સુધારાવાદી મહારાજા શ્રીતખ્તસિંહજી



### ઇ.સ. ૧૮૯૬માં માત્ર ૪૮વર્ષની ઉંમરે રાજવીએ અનંતની વાટ પકડી

### તખ્તસિંહજી પાશ્ર્ચાત્ય પદ્ધતિથી શિક્ષણ પામેલા પ્રથમ રાજવી હતા

### મહારાણી માજીરાજબાનું અવસાન થતાં તેમની સ્મૃતિ માટે ગામના તળાવમાં 'ગંગાદેરી'નું નિર્માણ કરાયું

**ભાવનગર ૩૦૦** - બળદેવસિંહ ગોહિલ

તખ્તસિંહજીએ રાજા તરીકે ઇ.સ.૧૮૮૮માં પૂર્ણ સત્તા સંભાળ્યા પછી સ્ટેટ કાઉન્સિલની રચના કરેલ તેમાં ચાર સભ્યોની નિમણૂક કરી હતી. દરેક સભ્ય હસ્તક એક-એક વિભાગ રખાયો હતો. (૧) વડા દીવાન—રાજકીય અને મહેસૂલી વિભાગ (૨) વડા-જ્યુડિસિયલ કાઉન્સિલર, પોલીસ અને ન્યાય વિભાગ (૩) વડા નાણાકીય કાઉન્સિલર, નાણા વિભાગ (૪) વડા સંયુક્ત રીતે સ્ટેટ ઇજનેર અને જાહેર બાંધકામ કાઉન્સિલર-જાહેર બાંધકામ. આ પ્રકારની વહીવટી કાર્યવહેચણીને મુંબઈના તે વખતના ગવર્નર રેની અનુમતિ હતી. વહિવટી તંત્રમાં કારોબારી અને ન્યાય તંત્રનું સત્તા વિભાજન કરાયું હતું. અગત્યનો અને નોંધપાત્ર સુધારો સૌરાષ્ટ્ર ભરમાં કદાચ પ્રથમ પ્રયાસ હતો. પ્રથમ કાઉન્સિલના એક કાઉન્સિલર સર એમ.એમ. ભાવનગરી નિવૃત્ત થયા પછી તુરતજ બ્રિટિશ સંસદના સભ્ય બન્યા હતા. ઇ.સ. ૧૮૮૮થી દરેક ખાતાના મુખ્ય જવાબદાર અધિકારીની જગ્યા ઉપર આધુનિક અંગ્રેજી કેળવણી પામેલાની નિમણૂકો થવાલાગી હતી. આ રીતે વહીવટી તંત્રમાં પરીવર્તન દ્વારા આધુનિકરણે પ્રવેશ કર્યો હતો. વેઠપ્રથા અને નજરાણાની પ્રથા નાબૂદ કરવામાં આવી હતી, લગ્નની ઉંમર માટેનો કાયદો બનાવવામાં આવ્યો હતો. કરજદાર ગરાસિયાઓ અને ભાયાતો માટે ઉત્કર્ષની યોજના બનાવવામાં આવી હતી. ઇ.સ. ૧૮૮૯માં અનાવૃષ્ટિ થતાં ગરીબોને રાહત માટે 'ગરીબખાનું' શરૂ કરવામાં આવ્યું હતું. સિબંદી સવારો અને અંગરક્ષકોની ટુકડી વિખેરી નાખી તેમાના સક્ષમ વ્યક્તિઓને આધુનિક લશ્કરી તાલીમ આપી, લેન્સર્સની ટુકડી ઊભી કરી તેના કમાંડિંગ ઓફિસર તરીકે મુરાદઅલીની નિમણૂક કરવામાં આવી હતી. તાલીમ પામેલ પાયદળ (ૈહકક્ષહંિ)ની ટુકડી તૈયાર કરવામાં આવી હતી.

પ્રજાવત્સલ રાજવી તખ્તસિંહજી રાજ્ય અમલનાં ૨૫વર્ષ પૂરા કરે તેના માનમાં રૌપ્ય મહોત્સવ ઉજવવાની ઇચ્છા ભાવનગરની પ્રજા ધરાવતી હતી, પરંતુ ઇ.સ. ૧૮૯૬માં માત્ર ૪૮વર્ષની ઉંમરે રાજવીએ અનંતનીવાટ પકડતા પ્રજાની ભાવના પૂર્ણ થઈ શકી નહીં.

**મહાન રાજવીના કાર્યોનું મૂલ્યાંકન :**

તખ્તસિંહજી પાશ્ર્ચાત્ય પદ્ધતિથી શિક્ષણ પામેલા પ્રથમ રાજવી હતા, તથા રાજકોટની રાજકુમારોની કોલેજના પણ પ્રથમ વિદ્યાર્થી હતાં. ઉપરાંત ઇંગ્લેન્ડમાં કેમ્બ્રિજ યુનિવર્સિટીની માનદ એલ.એલ.ડી.ની પદવી મેળવવાનું તથા રાણી વિક્ટોરિયાની રૂબરૂ મુલાકાત મેળવવાનું બેવડું બહુમાન મેળવનાર પણ તેઓ પ્રથમ હતા. પાશ્ર્ચાત્ય શિક્ષણ મેળવવાને કારણે તથા તેમની સગીર વ્યવસ્થા દરમ્યાન સંયુક્ત વહીવટનાં કાર્યદક્ષ વહીવટની પૂર્વભૂમિકાને કારણે તેમણે પોતાના ૧૮વર્ષના સંપૂર્ણ સત્તાવાળા વહીવટ દરમ્યાન પ્રગતિશીલ અને લોકકલ્યાણલક્ષી સુધારાઓ થકી રાજયનું આધુનિકરણ કરવાનો પ્રારંભ કર્યો હતો તેમ કહી શકાય. તેમનાં સમયનાં કોઈ યુદ્ધો થયા ન હતાં. તેથી રાજયમાં શાંતિ અને સલામતી પ્રવર્તતી હતી. પરિણામે તેઓ પોતાનું ધ્યાન શિક્ષણ અને પ્રજાકલ્યાણ માટેના સાર્વજનિક બાંધકામો તરફ આપી શક્યા હતા. ભાવનગર રાજયના આધુનિકીકરણની પ્રક્રિયા તેમના શાશનકાળ દરમ્યાન શરૂ થઈ હતી, જે પછીથી તેમના વારસદારોએ આગળ ધપાવી હતી. આમ ભાવનગરને સૌરાષ્ટ્રમાં એક મહત્વનું વિકાસશીલ તથા પ્રગતિવાદી રાજય બનાવવામાં તેમણે વિશેષ યોગદાન આપ્યું હતું. તેમના નામ પ્રમાણે જ તેઓ ખરેખર તખ્ત (સિંહાસન) ઉપરના સિંહ હતા. આજે પણ તખ્તસિંહજી હોસ્પિટલ એ તેમના પ્રજાકલ્યાણલક્ષી કાર્યનું સ્મૃતિચિન્હ છે. તો ટેકરી ઉપર આવેલ તખ્તેશ્વર મહાદેવ મંદિરની ધજા ફરફરીને સંકેત આપી રહી છે કે રાજવી તખ્તસિંહજીએ ભાવનગરની કિર્તિ ચારે દિશામાં ફેકલાવી ભાવનગરને સૌરાષ્ટ્રનું એક મહત્વનું રાજય બનાવી દીધું હતું. કાઠિયાવાડમાં દેશી રજવાડાઓમાં ભાવનગર રાજય પ્રથમવર્ગના રાજયોમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવતું હતું. માત્ર સૌરાષ્ટ્રમાં કે ગુજરાતમાં જ નહીં બલ્કે કેટલીક બાબતોમાંતો અખિલહિન્દ કક્ષાએ કલ્યાણકારી યોજનાઓ અને પ્રવૃત્તિઓનો પ્રારંભ કરનાર ભાવનગર હતું.

તખ્તસિંહજીના લોક કલ્યાણના કાર્યો અને કેટલીક મહત્વની ઘટનાઓની વિગતો વર્ષ પ્રમાણે.

૧૮૭૦— ૧૧એપ્રિલના રોજ જશવંતસિંહજીનું અવસાન. તખ્તસિંહજી ગાદીનશીન થયા, સંયુક્ત કારભાર પ્રથા દાખલ થઈ. તખ્તસિંહજી રાજકોટની રાજકુમાર કોલેજમાં પ્રથમ વિદ્યાર્થી તરીકે દાખલ થયા.

૧૮૭૧ —ભાવનગરમાં 'ધી વોલકટ' યુનાઈટેડ પ્રેસની સ્થાપના. શહેર સુધારાઈ ધારો પસાર કરાયો. મહુવા, કુંડલા, બોટાદ અને તળાજા મહાલોની નિશાળોને સેકન્ડ ગ્રેડ વર્ણાક્યુલર સ્કૂલની કક્ષાએ મુકાઇ.

૧૮૭૨-સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પીવાના પાણીના જળાશયની 'બોરતળાવ' થી જાણીતા 'ગૌરીશંકર સરોવર' બંધાવી કર્યો. શામળદાસ મહેતાની 'ન્યાયકીય મદદનીશ સંયુક્ત કારભારી' તરીકે નિમણૂક. જમીન માપણીનું ભગીરથકાર્ય કરાયું. ૮જુલાઇના રોજ આલ્ફ્રેડ હાઇસ્કૂલની સ્થાપના. સૌ પ્રથમ નગરપાલિકાની રચના કરવામાં આવી. સમગ્ર કાઠિયાવાડમાં પ્રથમ ભાવનગર રાજયામાં સનદી સેવા અંગેના નિયમોનું ઘડાયા. સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વૃક્ષારોપણ દ્વારા વનીકરણના પ્રારંભ. જમીન મહેસૂલની વસૂલાત માટે 'ભાગબટાઈ પદ્ધતિ'ને બદલે 'ખાતાબંધી' પદ્ધતિ દાખલ કરવામાં આવી. કોટન પ્રેસની સ્થાપના થઈ.

૧૮૭૩- મુંબઈની 'મેસીઅર્સ-ફોર્બસ એન્ડ કું.' એ કાંતવા —વણવાની (સ્પીનીંગ-વિવિંગ) મિલ સ્થાપી. બ્રિટિશ સરકાર વચ્ચે 'બ્રાન્ચ ટેલિગ્રાફ લાઇન' (ધોલેરા-ભાવનગર) અંગેની સમજૂતી થઈ.

૧૮૭૪- 'જહોન' માર્કાવાળી જિનિંગ ફેક્ટરીની સ્થાપના થઈ. ૨૦એપ્રિલે તખ્તસિંહજીના લગ્ન થયા. લગ્ન પછી તેમના અભ્યાસ માટે ટ્યુટર અને કંપેનિયન તરીકે સૌરાષ્ટ્રના મદદનીશ પોલિટિકલ એજંટ કર્નલ નટની મુંબઈ સરકારે નિમણુક કરી.

૧૮૭૫- ભાવસિંહજી-બીજાનો જન્મ ૨૫ એપ્રિલે. ખેતીવાડીને ઉત્તેજન માટે કાઠીયાવાડના અન્ય રાજયોમાં ઉત્તપન્ન થતી ખેત-પેદાશોનું પ્રદર્શન કુંડલા મહાલમાં યોજાયું. મહુવા, કુંડલા, સિહોર અને બોટાદમાં સુધારાઈનું કાયદેસરનું બંધારણ લાગુ કરવામાં આવ્યું. નવેમ્બર માસમાં ગોંડલવાળા મહારાણી માજીરાજબાનું અવસાન થતાં તેમની સ્મૃતતિ માટે ગામના તળાવમાં 'ગંગાદેરી'નું નિર્માણ કરાયું. 'ઘાંઘળી કેસ' સંદર્ભે ગવર્નર જનરલની કાઉન્સિલે ૨૦માં ધારા તરીકે 'ભાવનગર ધારો' પસાર કરતાં ૧૧૬ ગામોની હકૂમત ૬૦ વર્ષ પછી પુનઃ પ્રાપ્ત થઈ.

૧૮૭૭- તખ્તસિંહજીને ઝ્રજીૈંનો અને ગગા ઓઝાને CSIનો ખિતાબ અપાયો. ભાવનગરને ૧૧થી વધારીને ૧૫તોપનું માન કરાયું. આજીનદી પર 'કેસર એ હિન્દ' પુલ બંધાવ્યો. મહુવા કોટન પ્રેસની સ્થાપના. પાતાભાઈ નરેલાએ 'જસવંત વિલાસ' નામે ઇતિહાસ લખ્યો.

૧૮૭૮- 'ભાવનગર ગોંડલ રેલ્વે લાઇન' ને હિંદના ગવર્નર જનરલ લોર્ડ લિટન દ્વારા મંજૂરી. ૫એપ્રિલે તખ્તસિંહજીને પૂર્ણ સત્તાની સોપણી.

૧૮૭૯- ૧૩જાન્યુઆરીએ ગૌરીશંકર નિવૃત્ત અને શામળદાસ મહેતાની નિયુક્તિ. ગગા ઓઝાને ૨૦,૦૦૦ પેન્શન અને જિવાઈમાં તુરખા ગામ અપાયા. ૧૪જાન્યુઆરીએ તખ્તસિંહજી હોસ્પિટલનો શિલાન્યાસ. ૨૩જાન્યુઆરીએ ગગા ઓઝાનો નિવૃત્તિ સમારંભ યોજાયો. ભાવનગર ખાતે મોટી ગોદીની સ્થાપના. ૭એપ્રિલે 'ભાવનગર' નામની આગબોટ તરતી મૂકવામાં આવી. દુષ્કાળ પડ્યો. ૧૯ઓગસ્ટના રાજકુમાર કોલેજમાં તખ્તસિંહજી વિંગનું ઉદઘાટન. ખેડૂતોના બાળકોમાટે અભ્યાસ માટે આર્થિક સહયોગ અંગેનો પરિપત્ર. કાબુલ પરના આક્રમણ સમયે બ્રિટિશ સરકારને ૨૦૦ ટટ્ટુઓની સહાય.

૧૮૮૦—જાન્યુઆરીમાં વરાળથી ચાલતી હોડી તરતી મૂકી. કાઠીયાવાડ-સૌરાષ્ટ્રના બંદરોમાં આવેલા વહાણો માથી ૬૧% ભાવનગર બંદરે આવેલા. અને ૭૯%ભાવનગર બંદરેથી ઉપડ્યા હતા. ૧૮ડિસેમ્બરના રોજ ગવર્નર જનરલ જેમ્સ ફર્ગ્યસને સૌરાષ્ટ્રની પ્રથમ રેલ્વે 'ભાવનગર-ગોંડલ રેલ્વે લાઇનનું ઉદઘાટન કર્યું.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** જો તમે પરિણીત છો, તો તમારે આખા અઠવાડિયામાં તમારા બાળકના શિક્ષણ માટે ઘણા બધા પૈસા ખર્ચવા પડી શકે છે. જેના કારણે તમે અપેક્ષા કરતા વધુ આર્થિક સંકડામણમાં આવી જશો, તેથી આ બાબતને એકલા ઉકેલવાને બદલે તમારા જીવનસાથી સાથે આ મુદ્દાઓ વિશે વાત કરો. તમે ઘણી વાર ઘરેલુ જવાબદારીઓથી ભાગતા જોવામાં આવશો, પરંતુ આ અઠવાડિયામાં આવું કરવું તમારા માટે ખૂબ મુશ્કેલ હોઈ શકે છે. કારણ કે કોઈપણ કિંમતે, આ સમય દરમિયાન, તમે ઘરને કારણે તમારી જવાબદારીઓથી છૂટકારો મેળવી શકશો નહીં, જેના કારણે તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો. તમે આખા અઠવાડિયામાં પ્રેમ સંબંધોમાં ખૂબ રોમાંસ અને પ્રેમ ગુમાવશો. કારણ કે કેટલાક કારણોસર અચાનક તમારા અને તમારા પ્રેમી વચ્ચે કેટલાક નાના તફાવત ઉભરી આવશે. જેની નકારાત્મક અસર તમારા બંને માટે અંતર લાવશે. આ અઠવાડિયું તમારા માટે કાર્યસ્થળ અને વ્યક્તિગત જીવનને અલગ રાખવા માટે સારું રહેશે. કારણ કે શક્ય છે કે વ્યક્તિગત જીવનને લીધે, તમે તમારી કારકિર્દી પ્રત્યે બેદરકારી દાખવી શકો, જેના કારણે તમને તમારા વિકાસમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

**વૃષભ - (બ, વ, ઉ)** અજો તમે તમારી જાતને તાણમુક્ત રાખવા માંગતા હો, તો તમારા માટે ભૂતકાળને દૂર કરીને નવી શરૂઆત કરવાનો પ્રયાસ કરવો વધુ સારું રહેશે. તમારી રાશિના લોકોએ આ અઠવાડિયામાં પૈસા સંબંધિત કોઈપણ જોખમ લેવાનું ટાળવું જોઈએ. કારણ કે આની જેમ, આ સમય દરમિયાન, ઘણી જગ્યાએથી અચાનક પૈસા મળવાની સંભાવના છે. પરંતુ તમે આ સમયે પૈસાનો ઉપયોગ કરો તે પહેલાં, તમારે દરેક પરિસ્થિતિ માટે તમારી જાતને સારી રીતે તૈયાર કરવાની જરૂર રહેશે. આ અઠવાડિયે કોઈ પારિવારિક સદસ્ય તમને વધારે દબાણ કરી શકે છે. આવી સ્થિતિમાં, તેની સાથે દલીલ કરવાને બદલે, પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે તેની મર્યાદા નક્કી કરવી, તમારા માટે એકમાત્ર અને વધુ સારો વિકલ્પ સાબિત થશે. આ અઠવાડિયે, તમારા પરિવારના સભ્યો તમારા પ્રેમ સંબંધની વચ્ચે આવી શકે છે, તમારા પ્રેમીને દુરૂપયોગ કરે છે. આનાથી તમારા પ્રેમીને જ નુકસાન થશે નહી, પરંતુ તમારા સંબંધોમાં પણ અંતરની સંભાવના રહેશે. તેથી, પ્રેમીને કારણે શક્ય તેટલું, પરિવારના સભ્યો સાથે દલીલ કરવાનું ટાળો. આ અઠવાડિયા દરમ્યાન, તમે ક્ષેત્ર પરનું દરેક કાર્ય વધુ જવાબદાર, કેન્દ્રિત, સંગઠિત રીતે કરશો. જેની મદદથી તમે કાર્યસ્થળ પર પણ તમારું શ્રેષ્ઠ પ્રદર્શન આપી શકશો.

**મિથુન - (ક, છ, ઘ) :-** આરામ કરવા અને નજીકના મિત્રો અને પરિવાર સાથે ખુશીની થોડી ક્ષણો પસાર કરવા. કારણ કે તે તમારા આરોગ્ય જીવન પર સકારાત્મક અસર થવાની શક્યતાને વધારશે. શક્ય છે કે તમે આ અઠવાડિયામાં એટીએમમાંથી પૈસા ઉપાડી શકો, પરંતુ કેટલાક કારણોસર પૈસા અથવા તમારું વોલેટ ખોવાઈ શકે છે. તેથી, આવી દરેક મુશ્કેલીઓ ટાળવા માટે, તમારે તમારી જાત સાથે સાવચેત રહેવાની જરૂર રહેશે. નહીં તો આ બાબતોમાં તમારી સાવચેતીનો અભાવ તમને મોટું નુકસાન પહોંચાડી શકે છે. આ અઠવાડિયે કોઈ સંબંધી દ્વારા માંગલિક ઘટના તમારા પરિવારના ધ્યાનનું મુખ્ય કેન્દ્ર હશે. આની સાથે, શક્ય છે કે આ સમય દરમિયાન, કોઈ દૂરના સંબંધી તરફથી કોઈ સારા સમાચાર તમારા આખા પરિવાર માટે ખુશ ક્ષણો લાવશે. કોઈ પણ વ્યક્તિ પ્રત્યેની લાગણી વિશે એકલા લોકોએ આ અઠવાડિયે દરેક સાથે વાત કરવાનું ટાળવું પડશે. અન્યથા શક્ય છે કે તમે તમારા મિત્રને જેમની સાથે તમારો દિલ શેર કરો છો, તે તમને છેતરશે અને તમારી રમત બગાડે છે. આ સમય તમારી કારકિર્દીમાં તમને પ્રગતિ લાવશે, પરંતુ તમને સલાહ આપવામાં આવે છે કે ધૈર્ય ગુમાવશો નહીં અને ઉતાવળમાં કોઈ નિર્ણય ન લેશો, જ્યારે સફળતાના વ્યસનને તમારા મગજમાં ન લેવા દો. ઘણા વિદ્યાર્થીઓની અગાઉની સખત મહેનત, જેમને તેઓ અર્થહીન માને છે, આ અઠવાડિયામાં રંગ લાવશે.

**કર્ક - (ડ, હ) :-** બ્લડ પ્રેશર, ડાયાબિટીઝ અથવા મેદસ્વીપણાના દર્દીઓએ પોતાની કાળજી લેવાની અને સમય અને સમય અનુસાર દવા લેવાની જરૂર રહેશે. ઉપરાંત, જો તમારા કોલેસ્ટરોલમાં સમાનતા હોય, તો તમારે પણ તેને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ. કારણ કે ફક્ત આ કરવાથી, તમે આરોગ્ય સંબંધિત ઘણાં ફાયદાકારક પરિણામો પ્રાપ્ત કરી શકશો. આ અઠવાડિયે, જે લોકોની આર્થિક સ્થિતિ આવરી લેવામાં આવશે તે તમામ લોકોને તેમના સંબંધીઓનો ટેકો મળશે. કારણ કે જો તમને જરૂર હો ય તો નજીકના અથવા સંબંધીઓ તરફથી આર્થિક મદદ મળી શકશો, જે તમને દરેક વિરોધી પરિસ્થિતિનો સામનો કરવામાં સક્ષમ બનાવશે. તેથી, તમારા સંબંધીઓ અને મિત્રો સાથેના તમારા સંબંધોમાં સુધારો લાવો અને તે જ દિશામાં પ્રયાસ કરો. સામાજિક તહેવારોમાં તમારી ભાગીદારી તમને સમાજના ઘણા પ્રભાવશાળી લોકો સાથે સંપર્કમાં રહેવાની તક આપશે.

**સિંહ - (મ, ટ) :-** જો તમારું સ્વાસ્થ્ય સારું છે, તો તમે જીવનના દરેક પાસાઓનો આનંદ લઈ શકો છો. આ સમયગાળા દરમિયાન, આ રાશિના મોટાભાગના લોકો, આ મુદ્દાને અનુસરે છે, તેમની ખરાબ ટેવો સુધારવા માટે પ્રયત્ન કરશે. આ રાશિના જાતકો, જે હજી પણ બેરોજગાર હતા, તેમને આ સપ્તાહ ઇચ્છા મુજબ નોકરી મળવાની આખી સંભાવના જોવામાં આવ છે. આનાથી તેમની નબળી આર્થિક સ્થિતિમાં વધારો થશે, સાથે તેઓ તેમની બાકી લોન અથવા ઋણ પણ ચૂકવવા માં સફળ રહેશે. તેથી, નોકરીની શોધમાં તમારા પ્રયત્નો ચાલુ રાખવું તમારા માટે આ સમય યોગ્ય રહેશે. આ અઠવાડિયામાં તમે પરિવાર સાથે સમય પસાર કરશો. આ સમય દરમિયાન તમે જાણશો કે ઘરના બાળકો તેમની ભણતર કરતાં રમત રમવામાં વધારે સમય વિતાવતા હોય છે. જેના કારણે તમે નિરાશ થશો અને તમે આ દિશામાં યોગ્ય નિર્ણય લઈ તેમના માટે કેટલાક સખત નિયમો બનાવી શકો છો. સંભવ છે કે આ અઠવાડિયું તમારી લવ લાઈફ માટેનો સૌથી મુશ્કેલ સમય હશે.

**કન્યા - (પ, ઠ, ણ) :-** તમારા વ્યસ્ત જીવનમાંથી થોડો સમય તમારા માટે લો, તમારા શરીરને થોડો આરામ આપો. આર્થિક બાબતોની દ્રષ્ટિએ તમારી રાશિના લોકો માટે આ સપ્તાહ ખૂબ સારો રહેવાની સંભાવના છે. કારણ કે આ સમય દરમિયાન, ઘણા ગ્રહોની દ્રષ્ટિ તમને તમારી આવક વધારવા અને તમારી સંચિત સંપત્તિમાં ઉમેરો કરવા માટે ઘણી તકો પૂરી પાડવાનું કાર્ય કરશે. આ અઠવાડિયું તમારા પરિવાર અથવા મિત્રો સાથે પિકનિક પર જવા માટે ઉત્તમ છે. આ ફક્ત તમારા મગજને હળવા કરશે નહીં, પરંતુ તે તમને તેમની સાથેના તમારા સંબંધોને વધુ સુધારવામાં પણ સક્ષમ બનાવશે. કોઈ પણ વ્યક્તિ પ્રત્યેની લાગણી વિશે એકલા લોકોએ આ અઠવાડિયે દરેક સાથે વાત કરવાનું ટાળવું પડશે. અન્યથા શક્ય છે કે તમે તમારા મિત્રને જેમની સાથે તમારો દિલ શેર કરો છો, તે તમને છેતરશે અને તમારી રમત બગાડે છે. કારકિર્દીની દ્રષ્ટિએ આ સમયગાળા દરમિયાન, તમારે પાછળથી કોઈપણ કાર્યને ટાળીને બિનજરૂરી વિલંબથી બચવું પડશે. કારણ કે માત્ર ત્યારે જ તમે મેદાનમાં તમારા સિનિયરોનું સમર્થન અને પ્રશંસા પ્રાપ્ત કરી શકશો.

**તુલા - (ર, ત) :-** આ અઠવાડિયે તમારી આર્થિક પરિસ્થિતિમાં મોટા પાયે સુધારો થશે. પરંતુ સતત તમારા પૈસાને પાણીની જેમ વહેવા દેવો એ શાણપણની ભાવના નહીં, પણ મૂર્ખ છે. આને કારણે, તમારી યોજનાઓમાં અડચણ આવે તેવી પ્રબળ સંભાવના છે. આ અઠવાડિયે તમારા પરિવારના ઘણા લોકો તમારી સાથે સીધી વાત કરતાં જોશે નહીં, જેની પાછળનું કારણ પોતાને સર્વોચ્ચ માનવું હોઈ શકે છે. આવી સ્થિતિમાં, હંમેશાં પોતાને તેનાથી ઉપર રાખવાને બદલે, તમારે અન્યને મહત્વ આપવાનું શીખવું પડશે. તમારા કાર્યક્ષેત્રમાં ચાલી રહેલા પ્રતિકૂળ સંજોગોને લીધે, આ અઠવાડિયે તમે તમારા પ્રિયજનની બાબતો પ્રત્યે અતિશય સંવેદનશીલ દેખાશો. આવી સ્થિતિમાં, તમારે તમારી ભાવનાઓને એક જ સમયે નિયંત્રિત કરવી પડશે, અને એવું કંઈ પણ કરવાનું ટાળવું જોઈએ જેનાથી મામલો વધુ ખરાબ થઈ શકે. કારકિર્દીની રાશિફળ વિશે વાત કરતા, તમારા પ્રયત્નો અને વિચારોને આ અઠવાડિયે તમારા નસીબ દ્વારા સંપૂર્ણ ટેકો મળશે અને જેની મદદથી તમારી કારકિર્દીને સારી લીડ મળે તેવી સંભાવના છે. આવી સ્થિતિમાં, સતત તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરતા રહો.

**વૃશ્ચિક - (ન, ય) :-** તમારે અન્યની ટીકા કરવામાં તમારો વધુ સમય અને શક્તિનો વ્યય કરવાનું ટાળવું પડશે. કારણ કે તમારે સૌથી વધુ સમજવાની જરૂર છે કે, આ સમયે, તે તમારી છબી તેમજ તમારા આરોગ્ય પર ખરાબ અસર કરી શકે છે. તેથી સકારાત્મક વિચારો અને તમારી વાણીમાં પણ મધુરતા લાવો. આ અઠવાડિયે યોગની રચના થઈ રહી છે, તેથી તમારી નજીકનું કોઈ તમારી પાસેથી લોન માંગી શકે છે. તેથી તમારા માટે હમણાં આવા દરેક વ્યક્તિને અવગણવું વધુ સારું રહેશે. અન્યથા શક્ય છે કે તમને તમારા પૈસા પાછા ન મળે, જે તમને પાછળથી પસ્તાશે. તેની સમસ્યાઓ હંમેશાં દરેક માટે મોટી હોય છે. અને આ અઠવાડિયે તે શક્ય છે કે તમારી સમસ્યાઓ, તમારા માટે ખૂબ મોટી, પરંતુ તમારે એ પણ સમજવું પડશે કે તમારી આસપાસના લોકો તમારી પીડા સમજી નહીં શકે. આ સ્થિતિમાં તેમની પાસેથી વધુ અપેક્ષા રાખવી તમને નુકસાન પહોંચાડી શકે છે. તેથી આ અઠવાડિયામાં અન્ય લોકો પાસેથી વધુ અપેક્ષા કરવાનું ટાળો.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ સકારાત્મક સમયનો લાભ લઈને તમારા નજીકના લોકો સાથે તાજી હવાનો આનંદ લો. આર્થિક જીવનમાં આ અઠવાડિયે તમારા ખર્ચમાં થોડો વધારો જોવા મળશે. પરંતુ સારી વાત એ છે કે તે આ દરમિયાન રહેશે, આ સમય તમારી આવકમાં નોંધપાત્ર વધારો લાવશે. જે તમને તમારા નાણાંકીય જીવનમાં યોગ્ય સંતુલન રાખવા માટે મદદ કરશે. આ અઠવાડિયે તમારા પરિવારમાં પરિવારના સભ્યોનું વિશેષ મહત્વ રહેશે. જેના કારણે તમે તેના જીવનના ઘણા મહત્વપૂર્ણ નિર્ણયોમાં જોશો, તેની સલાહ લેશો. ઉપરાંત તમારામાંથી કેટલાક જાટકા, ઘરેણાં અથવા ઘરની વસ્તુઓની ખરીદી પણ કરી શકે છે. પ્રેમ એ એક પ્રકાશ છે જે તમને અંધારામાં પણ ચમકતો બનાવે છે. તમારો લવમેટ આ સમય દરમિયાન તમારા જીવનને પ્રકાશની જેમ પ્રકાશિત કરશે. તમે બંને એકબીજાને સમર્પિત થઈ જશો. આ રાશિના કેટલાક પ્રેમીઓ પ્રેમ સંબંધને લગ્નમાં પરિવર્તિત કરવાના વિચારને પણ ધ્યાનમાં લે છે. રોજગાર લોકોએ આ અઠવાડિયામાં ઓફિસની આસપાસ વાત કરવાનું ટાળવું જોઈએ.

**મકર - (ખ, જ) :-** આ સમય દરમિયાન તમે વધુ સારા, વધુ સારા અને વધુ આત્મવિશ્વાસનો અનુભવ કરશો. પૂરતા ધનના અભાવને કારણે, આ અઠવાડિયામાં, ઘરમાં વિખવાદની સંભાવના રહેશે. તેથી, આવી દરેક પરિસ્થિતિમાં, તમારા ઘરના લોકો સાથે વિચારપૂર્વક વાત કરો અને જો જરૂરી હોય તો, સંપત્તિના સંચય અંગે તેમની પાસેથી યોગ્ય સલાહ મેળવો. પારિવારિક વાતાવરણમાં પરેશાની રહેશે. આવી સ્થિતિમાં, તમારે તમારા વ્યસ્ત કાર્યોમાંથી સમય કાડીને તમારા ઘરના અને કુટુંબના પ્રશ્નોને હલ કરવાનો પ્રયાસ કરવો પડશે. જો કે, આ હોવા છતાં, તમે આખા અઠવાડિયામાં પરિવારમાં તાણ અને તાણના કારણે માનસિક રીતે ખૂબ ચિંતિત દેખાશો. આ અઠવાડિયામાં એકલ વતની માટે દરરોજ વિરોધી લિંગ વ્યક્તિ સાથે પ્રેમ કરવાની તેમની આદત બદલવા માટે સૌથી વધુ જરૂરી બનશે. ખાસ કરીને જો તમે હવે કોઈની સાથે વાસ્તવિક પ્રેમ સંબંધમાં જોડાવા માંગતા હો, તો તમારે તમારી બધી ખરાબ ટેવો બદલવી પડશે, જ્યારે તેની તૈયારી કરો. જો તમે કામ કરો છો, તો તમારે આ અઠવાડિયે કાર્યક્ષેત્ર પર સાવચેત રહેવાની જરૂર છે.

**કુંભ- (ગ, શ, ષ, સ) :-** તમે તમારી હિંમત અને આત્મવિશ્વાસમાં પણ વધારો જોશો, પરિણામે તમે તમારા જીવનને લગતા તમામ નિર્ણયો સરળતાથી લઈ શકશો, જે તમને અગાઉ લેવામાં ઘણી તકલીફ હતી. નાણાકીય જીવનમાં આ અઠવાડિયે, તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિઓમાં જોશો. આ તમને એક સારા સ્તરે ફક્ત આર્થિક લાભ આપશે નહીં, પરંતુ તમારી આર્થિક સ્થિતિ પણ પહેલા કરતા ઘણી મજબૂત જણાશે. આ અઠવાડિયે, પરિવારના સભ્યો સાથે બહાર જમવા અથવા મૂવી જોવાથી તમને આરામ મળશે અને તમને ખુશ રાખશે. ઉપરાંત, આ અઠવાડિયું તમને જોઈતા લોકો સાથે ભેટો વહેવારવા માટે વિશેષ સારું બનશે. આ અઠવાડિયે, તમારા રોમેન્ટિક મૂડમાં અચાનક પરિવર્તન તમને ખૂબ અસ્વસ્થ અને અસ્વસ્થ કરી શકે છે. તેથી તમારા મનને નિયંત્રણમાં રાખતા વખતે, તમારી જાતને ખૂબ ભાવનાથી ગુમાવશો નહીં, નહીં તો તેનાથી તમારા જીવનના જુદા જુદા ક્ષેત્રો પર નકારાત્મક પરિણામો આવી શકે છે. આ સમયે, તમે ભાગીદારીમાં કરો છો તે આખરે તમારી કારકિર્દી માટે સૌથી ફાયદાકારક સાબિત થશે.

**મીન-(દ, ચ, ઝ, થ) :-** કોઈ પણ બાબતમાં વધારે વિચાર કરવો તમને માનસિક તાણ આપી શકે છે. તેથી, તમે આ ટેવમાં કંઈક સુધારવાનો પ્રયાસ કરશો, જેમાં તમે અઠવાડિયાના અંત સુધીમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. આ અઠવાડિયે, તમે ઝડપી પૈસા કમાવવા માટે કોઈ પ્રકારનો શોર્ટકટ અપનાવી શકો છો, જેથી તમે કોઈ પણ કારણ વિના ગેરકાયદેસર કેસોમાં ફસાઈ શકો. આના પરિણામ રૂપે, તમારી છબીને નુકસાનની સાથે, તમારે વધારાના પૈસાની ખોટ સહન કરવી પડશે. આ અઠવાડિયે તમને તમારા સંબંધીઓ અથવા મિત્રો સાથે સંપર્ક કરવામાં અને લોકો સાથે સંપર્ક કરવામાં મદદ કરશે, જેની સાથે તમે ફક્ત ક્યારેક-ક્યારેક મળો છો. કારણ કે આ સમય તમારા જૂના સંબંધોને ફરીથી વિકસાવવા અને સુધારવામાં તમારા માટે ખૂબ સારો સાબિત થશે. પ્રેમ સંબંધોમાં તમારા અસ્થિર સ્વભાવને લીધે, તમારે ન માંગતા હોવ તો પણ આ અઠવાડિયામાં તમારી પ્રેમિકા સાથે મતભેદ થઈ શકે છે. જેની સીધી અસર તમારા જીવનના જુદા જુદા ક્ષેત્રો પર જોવા મળશે અને તમે કોઈ પણ કામમાં તમારું મન મૂકી શકશો નહીં. આ અઠવાડિયામાં તમને ઓફિસમાં કામ કરવાનું મન નહીં થાય. કારણ કે તમારી કારકિર્દી વિશે તમારી પાસે થોડી દ્વિધા હશે, જે તમને ધ્યાન કેન્દ્રિત કરવાની મંજૂરી આપશે નહીં. તેથી તમારા મનને કેન્દ્રિત રાખવા માટે, તમે યોગ અને ધ્યાનનો આશરો લઈ શકો છો. એન્જિનિયરિંગ, લો અને મેડિકલ ક્ષેત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ સમય સામાન્ય કરતાં વધુ સારો રહેશે.

# AI સાથે શક્તિશાળી ફાઈટર જેટ ઉડાડવા અમેરિકાની તૈયારી

અમેરિકા,

અમેરિકા હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી પોતાના દુશ્મનોનો નાશ કરશે. આ માટે યુએસ એરફોર્સ ૧૦૦૦થી વધુ ડ્રોનનો કાફલો તૈયાર કરી રહી છે. ખાસ વાત એ છે કે આ કાફલામાં F-16 ફાઈટર જેટ પણ સામેલ છે, જે ખતરનાક માનવામાં આવે છે અને આંખના પલકારામાં દુશ્મનને ખતમ કરવાની ક્ષમતા ધરાવે છે. એરફોર્સ સેક્રેટરી ફ્રેન્ક કેન્ડલે યુએસ સેનેટને આ માહિતી આપી હતી. તેણે એ પણ જણાવ્યું કે તે પોતે એફ-૧૬ના કોકપિટમાં બેસવા જઈ રહ્યો છે, જેને



હાલમાં જ AI સાથે ફ્લાઈટ માટે તૈયાર કરવામાં આવી છે. તેણે કહ્યું કે તે આ એટલા માટે કરવા જઈ રહ્યો છે જેથી તે જાતે જોઈ શકે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી સજ્જ આ ફાઈટર જેટ હવામાં કેવું પ્રદર્શન કરે છે. કેન્ડલે ડિફેન્સ ઈન્ફન્ટ્રીના સભ્યોને પણ કહ્યું કે ડ્રોન યુદ્ધ ઝડપથી વિસ્તરી રહ્યું છે. ખાસ કરીને યુક્રેન અને મધ્ય પૂર્વમાં ડ્રોન એક મોટો ખતરો બની ગયો છે. યુક્રેનમાં પણ દરરોજ નાગરિકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ખાસ કરીને મધ્ય પૂર્વમાં, હુથી અને અન્ય આતંકવાદી જૂથો સતત અમેરિકન અને અન્ય વ્યાવસાયિક જહાજોને ડ્રોન દ્વારા નિશાન બનાવી રહ્યા છે. તેઓ એર ડ્રોન, વોટર ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા છે. કેન્ડલના કહેવા પ્રમાણે, જ્યારે તે હ્લ-૧૬ ફાઈટર જેટમાં ઉડાન ભરશે ત્યારે તેની સાથે એક પાઈલટ હશે જે મારી જેમ જ જોશે કે આ વિમાન કેવી રીતે કામ કરશે. અમેરિકાના ફાઈટર જેટ હ્લ-૧૬ને દુનિયાનું સૌથી ભરોસાપાત્ર અને સુરક્ષિત ફાઈટર એરક્રાફ્ટ માનવામાં આવે છે. એટલા માટે યુક્રેનના રાષ્ટ્રપતિ રશિયા સાથે ડીલ કરવા માટે આ એરક્રાફ્ટની સતત માંગ કરી રહ્યા હતા. પાકિસ્તાન સહિત વિશ્વના ૨૫થી વધુ દેશો આ વિમાનનો ઉપયોગ કરે છે. આ ફાઈટ જેટ ૧૫ હજાર કિમીથી વધુ ઉંચાઈએ ઉડી શકે છે. તેની રેન્જ ૪ હજાર કિમીથી વધુ છે. ઝડપ અંદાજે ૨૨૦૦ કિમી પ્રતિ કલાક છે.

# અનુષ્કા સેન કોરિયન ફિલ્મોમાં કામ કરનારી પ્રથમ ભારતીય અભિનેત્રી



મુંબઈ,

નાની ઉંમરમાં અભિનેત્રી અનુષ્કા સેનએ મોટી સફળતા મેળવી છે. અનુષ્કા સેનની તગડી ફેન ફોલોઈંગ છે. જે કરીના કપુર અને જાહન્વીને પણ પાછળ છોડી દે છે. અનુષ્કા સેન હવે કોરિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાના નામનો ડંકો વગાડી ચુકી છે. તે પહેલી ભારતીય અભિનેત્રી છે. જેમણે કોરિયન ફિલ્મમાં કામ કરવાની તક મળી છે. અનુષ્કા સેને વર્ષ ૨૦૦૯માં ટીવી શો યહાં મૈં ઘર ઘર ખેલીથી ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે કરિયરની શરુઆત કરી હતી. તે વર્ષે તેનું પહેલું આલ્બમ સોન્ગ સામે આવ્યું ત્યારથી અભિનેત્રી ફેમસ થઈ ગઈ છે. અનુષ્કા સેન દેવો કે દેવ મહાદેવ, કોમેડી સર્કસની મહાબલી અને બાલવીર જેવા ટીવી સિરીયલમાં કામ કર્યું છે. પરંતુ ટીવી સિરીયલ ઝાંસી કી રાણીથી એક અલગ ઓળખ મળી હતી. હવે ખુબ નાની ઉંમરમાં અનુષ્કા સેન ટીવીની વધુ ફી લેતી અભિનેત્રી બની ગઈ છે.

# રમજાનમાં કરાચીના રસ્તાઓ પર ૪ લાખથી વધુ ભિખારી ઊમટયાં

ઈસ્લામાબાદ

રમજાનના મહિના દરમિયાન પાકિસ્તાનના નાના શહેરો અને ગામો છોડીને ભિખારી કરાચી તરફ વળ્યા છે. કરાચીમાં ભિખારીઓની સંખ્યા વધી જતાં સર્જાયેલી અરાજકતા વચ્ચે અપરાધનો ગ્રાફ પણ ઊંચો ગયો છે.

કરાચીના પોલીસ અધિકારી ઈમરાન યાકૂબ મિન્હાસે આ ચિંતાજનક સ્થિતિ પર પ્રકાશ પાડયો હતો. તેમણે કહ્યું હતું કે ઈદ સુધીમાં ત્રણથી ચાર લાખ ભિખારી કરાચી પહોંચે છે. તેને કારણે કરાચી શહેર ભિખારીઓ અને અપરાધીઓનો અડ્ડો બની ગયું છે. પરંપપરાગત સાધનોથી અપરાધો પર નજર રાખવી મુશ્કેલ બની જતાં અધિકારીઓને સીસીટીવી કેમેરા લગાવવા અપીલ કરવામાં આવી છે. કરાચીમાં પ્રવર્તી રહેલી સ્થિતિનો અંદાજ એ વાતે આવી શકે તેમ છે કે રમજાન દરમિયાન સર્જાયેલી અપરાધીક ઘટનાઓએ ૧૯ લોકોનો ભોગ લીધો છે. સ્થિતિ એટલી કથળી ચૂકી છે કે કરાચીમાં એક મહિનામાં શાંતિ અને વ્યવસ્થા બહાલ કરવા સિંધ હાઈકોર્ટને અધિકારીઓને મહેતલ આપવી પડી. ન્યાયમૂર્તિ અબ્બાસીએ અધિકારીઓને સ્પષ્ટપણે કહ્યું કે શાંતિભંગની પ્રક્રિયામાં સામેલ પ્રભાવશાળી વ્યક્તિ સામે પણ નિર્ણાયક કાર્યવાહી કરવામાં આવે. કોર્ટે અધિકારીઓ પાસેથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર એક વ્યાપક અહેવાલ માંગ્યો છે. સ્થિતિની ગંભીરતાનો સ્વીકાર કરતાં સિંધના ડીજીપી ગુલામનબી મેમને કહ્યું હતું કે રસ્તાઓ અને શેરીઓમાં થઈ રહેલા અપરાધોને જોતાં કરાચીમાં શાંતિ અને વ્યવસ્થા બહાલ કરવી તે બાબત પડકારરૂપ છે.

# સલમાનખાને ઈદના અવસર પર ચાહકોને સરપ્રાઈઝ આપી



મુંબઈ,

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનની ફિલ્મોનો ક્રેઝ અલગ જ રહે છે. ચાહકો પણ તેમની ફિલ્મોને ખૂબ પસંદ કરે છે અને સલ્લુ ભાઈની આગામી ફિલ્મ ક્યારે આવશે તે જોવાની રાહ જોતા રહે છે. વાસ્તવમાં, સલમાન ખાન એક દાયકા કરતાં પણ વધુ સમયથી ઈદના અવસર પર તેના ચાહકોને સરપ્રાઈઝ કરતા રહ્યા છે, પરંતુ વર્ષ ૨૦૨૪માં આવું જોવા મળ્યું ન હતું. આ વર્ષે સલમાન ખાનની ફિલ્મ ઈદ પર રિલીઝ થઈ નથી, પરંતુ આ પછી પણ સલમાન ખાન પોતાના ફેન્સને ઈદની ગિફ્ટ આપી છે. સલમાન ખાને ૨૦૨૪ના ઈદના અવસર પર એક મોટી જાહેરાત કરી છે અને ખાતરી કરી છે કે ભલે આ વખતે તેની ફિલ્મ ઈદના અવસર પર ન આવી હોય, પરંતુ તે આવતા વર્ષે ઈદ પર ચોક્કસ આવવાની છે. સલમાન ખાને ઈદ ૨૦૨૪ના અવસર પર સોશિયલ મીડિયા દ્વારા પોતાના ફેન્સને એક મોટું સરપ્રાઈઝ આપ્યું છે. તેણે તેના આગામી પ્રોજેક્ટનું ટાઈટલ જાહેર કર્યું છે. ૨૦૨૫ની ઈદમાં આવી રહેલી તેની ફિલ્મનું નામ સિકંદર છે. સાજિદ નડિયાદવાલા આ ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે અને એઆર મુરુગાદોસ આ ફિલ્મનું નિર્દેશન કરશે. ટાઈટલની જાહેરાતની સાથે સલમાન ખાને કેપ્શનમાં લખ્યું- આ ઈદ, બડે મિયાં છોટે મિયાં અને મેદાન જુઓ અને આગામી ઈદ પર આવો અને સિકંદરને મળો.

# શુભમન ગિલ આઈપીએલમાં 3000 રન બનાવનાર સૌથી યુવા ખેલાડી બન્યો

જયપુર,

શુભમન ગિલે છેલ્લા કેટલાક વર્ષોમાં સારું પ્રદર્શન કર્યું છે. ભલે તે આઈપીએલમાં ટીમ ઈન્ડિયા કે ગુજરાત ટાઈટન્સ તરફથી રમી રહ્યો હોય. તેણે પોતાના બેટનો ખતરો બતાવ્યો છે. એકવાર તે ક્રિઝ પર સ્થિર થઈ જાય પછી તેને આઉટ કરવો મુશ્કેલ બની જાય છે. તેની પાસે દરેક તીર છે જેનાથી તે વિરોધી ટીમનો નાશ કરી શકે છે. તેણે રાજસ્થાન રોયલ્સ સામે એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. શુભમન ગિલ ૪૫ રન બનાવ્યા બાદ હાલમાં રાજસ્થાન રોયલ્સ સામે રમી રહ્યો છે. પરંતુ આ મેચમાં પોતાનો ૨૭મો રન બનાવ્યા બાદ તેણે આઈપીએલમાં પોતાના ૩૦૦૦ રન પૂરા કરી લીધા છે. તેણે ૯૪મી ઈનિંગ્સમાં આઈપીએલમાં પોતાના ત્રણ હજાર રન પૂરા કર્યા છે અને ડેવિડ વોર્નરની બરાબરી કરી લીધી છે. વોર્નરે આટલી ઈનિંગ્સમાં ત્રણ હજાર રન પણ પૂરા કર્યા હતા. આઈપીએલમાં સૌથી ઝડપી ૩૦૦૦ રન બનાવવાનો રેકોર્ડ ક્રિસ ગેલના નામે છે. ગેઈલે આઈપીએલની ૭૫ ઈનિંગ્સમાં આ કર્યું હતું. કેએલ રાહુલે ૮૦ ઈનિંગ્સમાં આ કર્યું હતું. જ્યારે જોસ બટલરે ૮૫ ઈનિંગ્સમાં ત્રણ હજાર આઈપીએલ રન પૂરા કર્યા હતા.

**૭૫ ઈનિંગ્સ - ક્રિસ ગેલ**
**૮૦ ઈનિંગ્સ- કેએલ રાહુલ**
**૮૫ ઈનિંગ્સ- જોસ બટલર**
**૯૪ ઈનિંગ્સ- શુભમન ગિલ**
**૯૪ ઈનિંગ્સ- ડેવિડ વોર્નર**
**૯૪ ઈનિંગ્સ- ફાફ ડુ પ્લેસિસ**

શુભમન ગિલ આઈપીએલમાં સૌથી ઝડપી ૩૦૦૦ રન બનાવનાર યુવા ખેલાડી પણ બની ગયો છે.

# સંજુ સેમસનને તેની એક ભૂલને કારણે ૧૨ લાખ રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું

મુંબઈ,

આઈપીએલનો રોમાંચ દિનપ્રતિદિન વધી રહ્યો છે. રાજસ્થાન અને ગુજરાત વચ્ચેની મેચમાં પણ એવું જ કંઈક જોવા મળ્યું. જ્યાં છેલ્લાં બોલ સુધી મેચ ગઈ અને પરિણામ બદલાઈ ગયું. બુધવારે રમાયેલી આઈપીએલ મેચમાં રાજસ્થાન રોયલ્સ (આરઆર) ને ગુજરાત ટાઈટન્સ દ્વારા ૩ વિકેટે હરાવ્યું હતું. આ હાર બાદ રાજસ્થાન રોયલ્સને વધુ એક મોટો ફટકો પડ્યો છે. હારના દુઃખ વચ્ચે રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસન માટે અચાનક એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. સંજુ સેમસને આ મેચમાં ૩૮ બોલમાં ૬૮ રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. સંજુ સેમસને ૧૭૮.૯૫ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી અને ૭ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા.

સંજુ સેમસનને તેની એક ભૂલને કારણે ૧૨ લાખ રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું છે. વાસ્તવમાં રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસનને આઈપીએલની આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આઈપીએલ ૨૦૨૪ સિઝનમાં સંજુ સેમસનનો આ પહેલો ગુનો હતો. બીસીસીઆઈએ સંજુ સેમસનને ધીમી ઓવર રેટ માટે દોષિત જાહેર કર્યા બાદ આ મોટી સજા આપી છે.



# અભિનેત્રીએ ગળામાં પહેર્યું બોયફ્રેન્ડના નામનું નેકલેસ!



મુંબઈ,

જાહ્નવી કપૂર મેદાનની સ્ક્રીનિંગમાં બોસ લેડી તરીકે પહોંચી હતી. વાસ્તવમાં, ગઈકાલે જાહ્નવી કપૂર તેના પિતા બોની કપૂરના પ્રોડક્શન હાઉસમાં બનેલી ફિલ્મ 'મેદાન'ના સ્ક્રીનિંગમાં પહોંચી હતી. આ દરમિયાન જહાન્વી કપૂર સફેદ લૂકમાં જોવા મળી હતી. સફેદ પેન્ટ અને મેચિંગ હીલ્સ સાથે સફેદ બ્લેઝર પહેરેલી, અભિનેત્રી આ લુકમાં ખૂબ જ આકર્ષક લાગી રહી હતી. જો કે, આ સમય દરમિયાન, જાહ્નવીના લુક કરતાં વધુ, તેના ગળામાં ચમકતા સિલ્વર પેન્ડન્ટે લોકોનું ધ્યાન આકર્ષિત કર્યું. વાસ્તવમાં, જહાન્વીએ તેના ગળામાં જે કસ્ટમાઈઝ્ડ નેકલેસ પહેર્યો હતો તેના પર તેના બોયફ્રેન્ડ શિખર પહાડિયાનું નીકનેમ 'શિખુ' લખેલું હતું. ભલે જાહ્નવી કપૂરે તેના અને શિખર પહાડિયાના સંબંધો વિશે ક્યારેય વાત કરી ન હતી, પરંતુ હવે તેના ગળામાં શિખરના નામ લખેલા લોકેટે તેમના સંબંધો પર મહોર લગાવી દીધી છે. જેના કારણે જાહ્નવી કપૂર હવે લાઈમલાઈટમાં આવી ગઈ છે. પરંતુ અહીં અમે જાહ્નવીના લુક્સ વિશે નહીં, પરંતુ તેના ખાસ નેકલેસ વિશે વાત કરી રહ્યા છીએ. જાહ્નવીએ તેના ગળામાં હીરાનો નેકલેસ પહેર્યો હતો, જેમાં તેના રુમર્ડ બોયફ્રેન્ડ શિખર પહાડિયાના નીકનેમ શિખુનું પેન્ડન્ટ હતું. જે જોઈને હવે તેમના સંબંધોની પુષ્ટિ થઈ રહી છે. જહાન્વી કપૂર તેના પિતા બોની કપૂરના પ્રોડક્શન હાઉસની ફિલ્મ મેદાનના સ્પેશિયલ સ્ક્રીનિંગમાં શિખુના નામનું પેન્ડન્ટ પહેરીને પહોંચી હતી.

# ઋષભ પંતને પણ ભારતીય ટીમમાં મળી શકે છે સ્થાન

મુંબઈ,

હાલ ક્રિકેટ રસીકો આઈપીએલ ૨૦૨૪ની રોંમાચક મેચોની મજા માણી રહ્યા છે ત્યારે ટી ૨૦ વલ્ડ કપ ૨૦૨૪ ને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે.ટી ૨૦ વલ્ડ કપ ટૂર્નામેંટ માટે ટુંક સમયમાં ભારતીય ટીમનું એલાન થવાનુ છે. જેમાં સ્ટાર વિકેટકીપર ,બેટ્સમેન ઋષભ પંતને પણ ભારતીય ટીમમાં સ્થાન મળી શકે છે. ૩૦ ડિસેમ્બર ૨૦૨૨ની રાત્રે ઋષભ પંતની કારને અક્સમાત થયો હતો, અને ગંભીર ઈજા થવાથી ઋષભ છેલ્લા ઘણા સમયથી ક્રિકેટથી દુર હતો. પરંતુ ઋષભે આઈપીએલ ૨૦૨૪ માં પાછા ફરી શાનદાર અંદાજમાં રન બનાવ્યા છે. સૂત્રોના કહેવા પ્રમાણે ટી ૨૦ વલ્ડ કપ ૨૦૨૪ માં ઋષભ પંતને સીલેક્ટ કરવામાં આવશે, પંત સીવાય પણ બીજા ઘણા ખેલાડીઓ પર બીસીસીઆઈ સીલેક્ટરની નજર છે.

# અક્ષયના નામે ૬ લાખની છેતરપિંડી, પ્રોડક્શન હાઉસમાં નોકરી અપાવવાનું વચન આપ્યું હતું

મુંબઈ,

અક્ષય કુમારની પ્રોડક્શન કંપનીના નામે કૌભાંડ ચાલતું હતું, જેનો પર્દાફાશ થયો છે. અક્ષયના પ્રોડક્શન હાઉસમાંથી આવનારી ફિલ્મોમાં કામ અપાવવાના બહાને પૈસાની છેતરપિંડી કરનાર ઠગ પ્રિન્સ કુમારની પોલીસે ધરપકડ કરી છે. સોશિયલ મીડિયા પ્રભાવક પૂજા આનંદાની પણ આ જાળમાં ફસાઈ જવાની હતી.

જો કોઈ તમને કહે કે અમે તમને અક્ષય કુમારના પ્રોડક્શન હાઉસમાં કામ અપાવીશું. તમારે આ માટે આટલી રકમ ચૂકવવી પડશે, તેથી તેના પર બિલકુલ વિશ્વાસ ન કરો. કારણ કે આ એક મોટું કૌભાંડ છે.પ્રિન્સ કુમારે સોશિયલ મીડિયા પ્રભાવક પૂજા આનંદાનીને અક્ષય કુમારના પ્રોડક્શન હાઉસ કેપ ઑફ ગુડ ફિલ્મ્સમાં કામ આપવાનું વચન આપ્યું હતું. તેના બદલામાં કેટલાક લાખ રૂપિયાની માંગણી પણ કરવામાં આવી હતી. તેને કહ્યું કે નિર્ભયા કેસ પર એક ફિલ્મ બની રહી છે જેના માટે તેને પસંદ કરવામાં આવી છે. જુહુ કોફી શોપ સિવાય, પૂજા પ્રિન્સ કુમારને અન્ય ઘણા સ્થળોએ ત્રણ વાર મળી હતી. એકવાર અમિતાભ બચ્ચનના ફોટોગ્રાફરને તેમની તસવીરો લેવા માટે પણ કહેવામાં આવ્યું હતું. ત્રીજી બેઠક જેડબ્લ્યુ મેરિયટ ખાતે યોજાવાની હતી. જોકે, આ પહેલા પૂજાએ પોલીસને જાણ કરી હતી, જ્યાંથી તેની ધરપકડ કરવામાં આવી હતી.

વાસ્તવમાં, ૩ એપ્રિલના રોજ પ્રિન્સે પૂજાને તેના મોબાઈલથી ફોન કર્યો અને પોતાની ઓળખ રોહન મેહરા તરીકે આપી. પ્રિન્સે પૂજાને કહ્યું કે તે અક્ષય કુમારના પ્રોડક્શન હાઉસ કેપ ઑફ ગુડ ફિલ્મ્સ વતી વાત કરી રહ્યો છે. તેણે વચન આપ્યું હતું કે તે પૂજાને પ્રોડક્શન હાઉસમાં નોકરી પણ અપાવશે. આ પછી પૂજાને શંકા ગઈ અને તેણે પ્રોડક્શન હાઉસને ફોન કર્યો. પૂજાએ બધું કહ્યું અને રોહન મેહરા વિશે માહિતી લીધી. પરંતુ આ નામની કોઈ વ્યક્તિ ત્યાં કામ કરતી નથી તેવું જાણવા મળ્યું હતું. આ પછી પૂજાએ જુહુ પોલીસને જાણ કરી.



# રણછોડદાસજી બાપુના આશ્રમથી પદયાત્રા–લોકસંપર્કનો પ્રારંભ કરતા રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા

## વિવિધ સમાજના અગ્રણીઓ ધ્વારા રૂપાલાજીનું ઉષ્માસભર સ્વાગત : ભાજપ તરફી સર્જાતો સ્વયંભુ લોકજુવાળ : ઠેર–ઠેર છવાતો કેસરીયો માહોલ



રાજકોટ

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા ધ્વારા વિધાનસભા–૬૮માં શહેરના વોર્ડ– ૪ માં પૂ. રણછોડદાસજી બાપુના આશ્રમ ખાતેથી પદયાત્રાનો પ્રારંભ કરી વોર્ડના વિવિધ વિસ્તારોમાંલોકસંપર્ક યોજાયો હતો. આ તકે રૂપાલાજી પદયાત્રા દરમિયાન સમાજના જુદા–જુદા વર્ગો, વિવિધ સામાજિક શ્રેષ્ઠીઓ સાથે સૌજન્ય મુલાકાત કરી હતી તેમજ વોર્ડના વિવિધ વ્યવસાયિક સ્થળો, દુકાનો અને ડોર–ટૂ–ડોર લોકસંપર્ક કરેલ હતો.

આ તકે રૂપાલાજી સાથે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, મેયર નયનાબેન પેઢડીયા, સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા. આ તકે પરશોતમભાઈ રૂપાલાએ પદયાત્રાના પ્રારંભે રણછોડદાસજી બાપુના આશ્રમ ખાતે શીશ ઝુકાવી દર્શન–પૂજનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ વોર્ડ–૪ ના વિવિધ વિસ્તારો ચામુંડા સોસાયટી, શ્રી રામ પાર્ક, બાલાજી પાર્ક, શિવરંજની પાર્ક, વૃંદાવન વિલા, લખમણ પાર્ક, ગુરૂદેવ પાર્ક–૨, નરસિંહ મહેતા ટાઉનશીપ, ૫૦ ફુટ રોડ, ડી. માર્ટ કોમ્પલેક્ષ સહિતના વિસ્તારોમાં લોકસંપર્ક કરેલ હતો.

આ લોકસંપર્ક દરમ્યાન રૂપાલાજીનું કોળી સમાજ, માલધારી સમાજ, દશનામ ગોસ્વામી સમાજ, માળી સમાજ, કડવા પાટીદાર સમાજ, લેઉવા પટેલ સમાજ, આહિર સમાજ, ગાંધી માનવસેવા ટ્રસ્ટ, ૮૦ ફુટ રોડ વેપારી એસોસીએશન, જય જવાન જય કિસાન વેપારી એશો., રાજપુત સમાજ ધ્વારા ભાવભેર સન્માન કરવામાં આવ્યું હતું.

**છેલ્લા ૧૦વર્ષમાં ભારતની જનતા અનુભવી રહી છે કે, નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આપણા દેશની એક નવી ઓળખ આખી દુનિયાની સામે ઉભી થઈ રહી છે : પરશોતભાઈ રૂપાલા**

# વિધાનસભા–૬૯ના મધ્યસ્થ કાર્યાલયનું પરશોતભાઈ રૂપાલાના વરદ હસ્તે ભવ્ય ઉદઘાટન સંપન્ન

## વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ અને શહેરીજનોની ઉપસ્થિતિમાં અમૃતસાગર પાર્ટી પ્લોટ ખાતે જંગી જાહેરસભા યોજાઈ

રાજકોટ

રાજકોટ મહાનગર ભારતીય જનતા પાર્ટી ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ આગામી લોકસભાની ચૂંટણીમાં રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને પાંચ લાખથી વધુ લીડથી વિજેતા બને તે માટે વિધાનસભા મત વિસ્તારમાં સઘન ચૂંટણીલક્ષી કામગીરી કરવાના ભાગરૂપે વિધાનસભા–૬૯નું મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય ૧૫૦ ફુટ રોડ, રૈયા ટેલીફોન એકસચેન્જ સામે કાર્યરત કરાયેલ છે. આ કાર્યાલય ઉદઘાટન સમારોહ ૧૫૦ ફુટ રોડ રીંગ રોડ સ્થિત અૃમતસાગર પાર્ટી પ્લોટ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો પ્રારંભ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દિપપ્રાગટય ધ્વારા કરવામાં આવ્યો હતો.



**પરશોતભાઈ રૂપાલાને ઐતિહાસિક લીડથી જીતાડવા કાર્યકર્તાઓને પરીશ્રમની પરાકાષ્ઠા સર્જવા હાકલ કરતા મુકેશ દોશી**

આ તકે કર્ણાટકના પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, રાજકોટ લોકસભા બેઠકના કલસ્ટર પ્રભારી આર.સી. ફળદુ, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, રાજકોટ શહેર ભાજપ પ્રભારી પ્રકાશભાઈ સોની, વિધાનસભા–૬૯ના પ્રભારી અમીબેન પરીખ, રાજકોટ લોકસભા બેઠકના સંયોજક સુરેશભાઈ ગોધાણી, સૌરાષ્ટ્ર ભાજપના પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખ ભંડેરી, શહેર ભાજપ મહામંત્રી ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, પુર્વ પ્રમુખ કમલેશ મિરાણી, પૂર્વ સાંસદ વલ્લભભાઈ કથીરીયા, રમાબેન માવાણી, પૂર્વ મંત્રી ઉમેશભાઈ રાજયગુરૂ, પૂર્વ પ્રમુખ જીતુભાઈ શાહ, કશ્યપ શુકલ, જયમીન ઠાકર, મનીષ રાડીયા તેમજ ચેતનભાઈ રામાણી, કાશ્મીરાબેન નથવાણી, જીતુભાઈ કોઠારી, પુષ્કર પટેલ, સહીતના ઉપસ્થિત રહયા હતા.

# અભિનેતા શ્રી સુનીલ શેટ્ટીના હસ્તે ઈક્રેડિબલ એરોસીટી પ્રાઈમ વિલા પ્રોજેક્ટનું લોન્ચીંગ



(તસ્વીર દિલીપ ગોહેલ)

રાજકોટ

રાજકોટ જ્યારે રીયલ એસ્ટેટ ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે ત્યારે યશકલગી સમાન હિરાસર ખાતે કાર્યરત થયેલ રાજકોટ ગ્રીનફીલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ આસપાસ વિકસિત થઈ રહેલા ઘણા પ્રોજેક્ટ્સમાં ભાવોમાં ખૂબ ઉછાળો જોવા મળી રહ્યો છે અને તેજીના અણસાર દેખાઈ રહ્યા છે ત્યારે 'ઈક્રેડિબલ ગ્રુપ' કે જે હિરાસર એરપોર્ટ નજીક જ ત્રણથી વધુ રેસિડેન્સિયલ અને કોમર્શિયલ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પરિપૂર્ણ કરી ચૂક્યા છે અને હવે આગામી સમયમાં ઈક્રેડિબલ એરોસીટી પ્રાઈમ વિલા જેવો પ્રિમિયમ પ્રોજેક્ટ લોન્ચીંગ કરી રહ્યા છે અને આ પ્રોજેક્ટનું લોન્ચીંગ બોલીવુડના પ્રખ્યાત અભિનેતા શ્રી સુનીલ શેટ્ટી ના હસ્તે કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટની ખાસિયતો એ છે કે બાઉન્ડ્રી પેક સોસાયટી સાથે સાથે કલબ હાઉસ, એન્ટ્રી ગેટ, સિક્યુરિટી કેબીન, રીવરફ્રન્ટ વ્યુ, રોડ-રસ્તા, સ્ટ્રીટલાઈટ સાથેની તમામ સુવિધાઓ સાથે સજ્જ સોસાયટી થવા જઈ રહી છે. તો રાજકોટ, સૌરાષ્ટ્ર તથા તમામ રોકાણકારોને આ પ્રોજેક્ટમાં રોકાણ માટે ઈક્રેડિબલ ગ્રુપ આમંત્રિત કરે છે.

# રાજકોટ કલેકટર સાથે ખર્ચ ઓબઝર્વરની બેઠક યોજાઈ : હેલ્પ લાઈન ડેસ્કનું નિરીક્ષણ



રાજકોટ,

આગામી લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ અન્વયે ઉમેદવારો દ્વારા કરવામાં આવેલા ખર્ચ પર દેખરેખ રાખવા માટે નિયુક્ત્ કરવામાં આવેલા ખર્ચ નિરીક્ષકશ્રી તેમજ આસિસ્ટાન્ટ એક્સપેન્ડીચર ઓબ્ઝર્વર્સની બેઠક કલેકટર કચેરી ખાતે યોજાઈ હતી.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશીએ ચુંટણી પંચ દ્વારા નિયુક્ત કરાયેલ એક્સપેન્ડીચર ઓબ્ઝર્વરશ્રી માધબચંદ્ર મિશ્રા નું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યુ હતું અને

૧૦-રાજકોટ સંસદીય મતવિસ્તારની ભૌગોલિક માહિતી આપીને રાજકોટ લોકસભા બેઠકમાં સમાવિષ્ટ મોરબી અને પોરબંદર જિલ્લાના વિધાનસભા મતવિસ્તારો તથા તેમાં આવેલા મતદાન કેન્દ્રોની સંખ્યા અને મતદારોની સંખ્યા , જાતિત દર, થર્ડ જેન્ડર મતદારો વગેરે વિશે માહિતી આપી હતી.

એક્સ?પેન્ડી ચર ઓબ્ઝર્વર શ્રી મિશ્રાએ ચૂંટણી ફરજો માટે નિયુક્તહ કરાયેલા વિવિધ સમિતિઓના નોડલ ઓફિસરો તેમજ ચુંટણી ફરજ સોંપાયેલ સ્ટીફ, તેમને અપાયેલ તાલીમો, ડી.પી.એ. એક્ટલ હેઠળ દૂર કરાયેલ પ્રચાર સામગ્રી, સિ- વિજીલ તેમજ હેલ્પ?લાઈન પર આવેલ આચારસંહિતા ભંગની ફરિયાદો અને તેના નિવારણ અર્થે કરાયેલી કામગીરી, સુવિધા એપ અંતર્ગત ઉમેદવાર તેમજ પક્ષને વિવિધ મંજૂરીઓ આપવાની કામગીરી, કાયદો અને વ્યગવસ્થાજની જાળવણી માટેની તૈયારી, સ્ટેમટિક સર્વેવલન્સગ ટીમની સંખ્યાઅ અને સ્થળો તથા જપ્ત થયેલ હથિયારો, દારૂ, નાર્કોટિક્સી સહિતના ગેરકાયદેસર સામાનની માહિતી, આવનાર સે.એ.પી.એફ. કંપનીઓ માટે તૈયાર કરાયેલ વિવિધ વ્યનવસ્થા વગેરેની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. અને તમામ વિધાનસભા મતવિસ્તાોમાં થઈ રહેલ ખર્ચ નિરીક્ષણની કામગીરીની સબંધિત મદદનીશ ખર્ચ નિરીક્ષકો પાસેથી માહિતી મેળવી જરૂરી સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં ખર્ચના નોડલ ઓફિસર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી નવનાથ ગવ્હાણે, ડેપ્યુટી મ્યુનિ. કમિશનરશ્રી સ્વપ્નિલ ખરે, નિવાસી અધિક કલેકટરશ્રી ચેતન ગાંધી, અધિક કલેક્ટ ર શ્રી ઈલાબેન ચૌહાણ, ડી વાય.એસ પી. શ્રી એસ. એસ. રઘુવંશી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર શ્રી કે. વી. મોરી, સંબંધિત અન્ય નોડલ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક બાદ એક્સપેન્ડી્ચર ઓબ્ઝર્વરશ્રી તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને અન્યુ અધિકારીશ્રીઓએ સિ-વીજીલ અને ૧૯૫૦ હેલ્પલાઇન ડેસ્ક તેમજ એમ.સી.એમ.સી. કંટ્રોલરૂમની મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે, લોકસભા સામાન્ય્ ચૂંટણી ૨૦૨૪માં સંભવિત ઉમેદવારો કે રાજકીય પક્ષો તરફથી ચૂંટણી સભા, રેલી વગેરેના આયોજન અનુસંધાને દરેક ઉમેદવાર ચૂંટણી આચાર સંહિતાનું પાલન કરે અને નિયત મર્યાદામાં ખર્ચ કરે તે સુનિ?તિ કરવા અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ન્યાપયી વાતાવરણમાં યોજાય થાય તે હેતુથી ખર્ચ પર ચુંટણી તંત્ર દ્વારા દેખરેખ રાખવામાં આવે છે.

# રાજકોટના શહેરી વિસ્તારોની વિવિધ શાળાઓમાં ચિત્ર સ્પર્ધા થકી મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાયા



રાજકોટ,

લોકસભા ચુંટણી ૨૦૨૪ને અનુલક્ષીને સ્વીપ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મૂછારનાં માર્ગદર્શન હેઠળ વિવિધ આયોજનો દ્વારા વધુમાં વધુ નાગરિકો અચૂક મતદાન કરે તે માટે બહુઆયામી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ ઉપક્રમે ૧૦ રાજકોટ સંસદીય મતવિસ્તારમાં સામેલ રાજકોટ શહેરની વિવિધ શાળાઓમાં ચિત્ર સ્પર્ધા તેમજ મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતાં.

માતૃમંદીર શાળા, સિસ્ટર નિવેદિતા સ્કૂલ, સેન્ટ મેરી સ્કૂલ, જી.ટી.શેઠ વિદ્યાલય, કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ, ધોળકિયા સ્કૂલ વગેરે ખાતે યોજાયેલા આ વિધ-વિધ કાર્યક્રમોમાં લોકશાહીને જીવંત રાખવા મતદાનની આવશ્યકતા વિદ્યાર્થીઓને સમજાવવામાં આવી હતી. ચિત્ર સ્પર્ધા અંતર્ગત શાળાના બાળકોએ મતદાન અંગે જાગૃતિ ફેલાવતા સંદેશાઓની સપ્તરંગી અભિવ્યક્તિ કાગળ પર ચિત્રો દોરીને કરી હતી. સ્પર્ધામાં સારું પ્રદર્શન કરનાર બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. વધુમાં વિદ્યાર્થીઓ ૭ મેના રોજ મતદાન કરવા માટે પોતાના પરિજનોને પ્રેરિત કરે તેવી અપીલ કરવામાં આવી હતી. સ્વસ્થ લોકશાહી માટે દરેક નાગરિક પોતાની મતદાનની પવિત્ર ફરજ નિભાવે તે જરૂરી છે, જે સુનિશ્ચિત કરવા ભવિષ્યના મતદાતાઓને જાગ્રત કરવાના દુરંદેશી અભિગમથી ચૂંટણી પંચની પ્રેરણાથી શાળાના બાળકો માટે આવા મતદાન જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

# રાજકોટ રીજીયોનલ સાયન્સ સેન્ટર ખાતે સોલાર સિસ્ટમ અંગે ખાસ ઓનલાઈન કોર્ષ : રજીસ્ટ્રેશન ફરજીયાત

રાજકોટ,ભારત સરકારના ઈસરો દ્વારા અવકાશવિજ્ઞાનમાં ખાસ રુચિ ધરાવતા લોકો માટે આપણા સુર્યમંડળ વિશે માહિતી આપતા 'એક્સજપ્લોરેશન ઓફ સોલાર સિસ્ટમ' નામના ઓનલાઈન કોર્ષની શરૂઆત કરવામાં આવનાર છે. આ કાર્યક્રમના સુચારુ આયોજન માટે ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ્ ટેક્નોલોજી, ગાંધીનગર કચેરીને મુખ્ય નોડલ સંસ્થા અને આ કચેરી હેઠળ કાર્યરત રીજીયોનલ સાયન્સ સેન્ટર રાજકોટને પેટા નોડલ સેન્ટર તરીકે નીમવામાં આવેલ છે. આ ઓનલાઈન કોર્ષમાં ભાગ લેવા માટે નિયત લીંક ઉપર તા. ૧૯ એપ્રિલ, ૨૦૨૪ સુધીમાં રજીસ્ટ્રેશન કરવાનું રહે છે.

આ કાર્યક્રમ તા.૨૪ એપ્રિલ ૨૦૨૪ થી તા. ૧૦ મે, ૨૦૨૪ સુધી યોજાશે. જેનો સમય બપોરે ૩.૦૦ કલાકથી સાંજના ૫.૩૦ કલાકનો રહેશે. આ કોર્ષમાં ઈસરોના વિવિધ વૈજ્ઞાનિકો અને તજજ્ઞો દ્વારા અંતરીક્ષ અને સુર્યમંડળ વિશે આશરે ૨૦ જેટલા ઓનલાઈન લેક્ચમર દ્વારા માહિતી આપવામાં આવનાર છે. આ કોર્ષમાં ભાગ લેવા ત્રણ કેટેગરી નિયત કરવામાં આવી છે. જેમાં પ્રથમ કેટેગરીમાં વિજ્ઞાન અને ટેકનોલોજી આધારિત કોર્ષ (ફીઝીક્સત, કેમેસ્ટ્રીમ, કોમ્પ્યુટર સાયન્સ, મીકેનીકલ, ઓટોમેશન, ઈલેક્ટ્રો નીક્સં એપ્લા્ઈડ મીકેનીક્સિ, રેડિયો ફીઝીક્સ અને અન્યે સંબંધિત વિષયો વગેરે.) માં માસ્ટેર ડીગ્રીમાં અભ્યાસ કરતા તેમજ આ વિષયોના ગ્રેજયુએશનમાં છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે. કોઈપણ કોલેજ પોતાને ત્યાં ચાલતા આગળ જણાવેલ કોર્ષના વિદ્યાર્થીઓને આ ઓનલાઈન કોર્સમાં રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

આ કોર્ષમાં ભાગ લીધેલ તમામ ઉમેદવારો, શૈક્ષણિક સંસ્થાઓ અને તેના કો-ઓર્ડીનેટરશ્રીઓને ઈસરો તરફથી પાર્ટીસીપેશન સર્ટીફીકેટ મળશે તેમજ આ કોર્ષની પરીક્ષામાં ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓને ઈસરો તરફથી મેરીટ સર્ટીફિકેટ પણ મળશે. બીજી કેટેગરીમાં ઉપરોક્તં દર્શાવેલ કેટેગરીમાં ના હોઈ તેવા અન્યર વિદ્યાર્થીઓ કે કોઈ વ્યક્તિ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકે છે જે માટે તેઓને પાર્ટીસીપેશન સર્ટીફીકેટ મળવા પાત્ર છે. કેટગરી એક અને બે માટે ઓનલાઈન ઈ-ક્લાસમાં જોડાવાનું રહેશે ત્રીજી કેટેગરીમાં ઉપરોક્તી કેટેગરી સિવાયના કોઈપણ ઉમેદવાર ઈસરોના નિયત યુટ્યુ લીંક દ્વારા ઓનલાઈન ઈ-ક્લાસમાં જોડાઈ શકે છે. રજીસ્ટ્રેશનનું વેરીફીકેશન થયા બાદ ઉમેદવારોને તેઓના ઈ-મેઈલ આઈડી ઉપર ઈસરો દ્વારા લોગીન આઈડી અને પાસવર્ડ મોકલી આપવામાં આવશે જેના દ્વારા ઉપર્યુક્ત ઓનલાઈન કોર્ષમાં જોડાવાનું રહેશે. રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ ખાતે પણ આ કોર્ષના ઓનલાઈન સેશનની વ્યવસ્થા કરવામાં આવશે જે નિઃશુલ્ક? રહેશે. આ કોર્ષમાં રજીસ્ટ્રેશન માટે તેમજ અન્યી જરૂરી માહિતી માટે સંસ્થા ના ટેલીફોન નં. ૦૨૮૧-૨૯૯૨૦૨૫ અથવા મો. ૯૦૩૩૫ ૮૨૦૦૮ ઉપર અથવા રીજીયોનલ સાયન્સ સેન્ટર, ઈશ્વરિયા પાર્ક પાસે, માધાપર, જામનગર રોડ, રાજકોટ ખાતે સંપર્ક સાધવો.

# રાજકોટના હેમુ ગઢવી હોલમાં મતદાન જાગૃતિનો અનોખો પ્રયાસ



રાજકોટ, ગુજરાત રાજ્યમાં આગામી તા.૭મી મે-૨૦૨૪ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે ત્યારે દેશના મહાપર્વમાં પોતાનું યોગદાન આપવા મતદાન કરવું અનિવાર્ય છે. રાજકોટ સંસદીય મતવિસ્તારમાં સ્વીપ દ્વારા વિવિધ કાર્યક્રમો અને મતદાર જાગૃતિ સંદેશ માટે વિશિષ્ટ નવતર પહેલ હાથ ધરી લોકોને પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

આ અભિયાન અંતર્ગત ૬૯-રાજકોટ પશ્ચિમના હેમુ ગઢવી હોલ અને ૭૪-જેતપુર વિધાનસભા વિસ્તારના અમરાપર ગામ ખાતે નાટક-ભવાઈ એવા લોકકલાના માધ્યમથી મતદાર જાગૃતિ લાવવાનો અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંપરાગત માધ્યમના કલાકારોએ મતદાન જાગૃતિનો સંદેશ પાઠવતી પ્રેરણાત્મક નાટક પ્રસ્તુત કરી નાગરિકોને મતદાન કરવા પ્રેરિત કર્યા હતા. મનોરંજન સાથે કલાકારોએ અવશ્ય મતદાન કરવા અને કરાવવા માટે તમામને હાકલ કરી હતી તથા બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ નાગરિકોને મતદાન અવશ્ય કરવા શપથ લેવડાવ્યા હતાં.

# રાજકોટમાં ૨૧મીએ પૂ. સદ્ગુરૂ ભગવાનનો મહાસમાધિ દિવસ : સમુહપૂજન

રાજકોટ, પ.પૂ.શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ (શ્રી સદ્ગુરૂ સદન ટ્રસ્ટ) રાજકોટ દ્વારા પ.પૂ.શ્રી સદ્ગુરૂદેવ ભગવાનશ્રી મહાસમાધિ દિવસ તા. ૨૧ રવિવારના રોજ ધાર્મિક કાર્યક્રમ સાથે ઉજવવામાં આવનાર છે. જેમાં પ.પૂ. શ્રી સદ્ગુરૂદેવ ભગવાનશ્રીનું સવારે ૯ વાગ્યે ષોડષોપચાર સમૂહપૂજન કરવામાં આવનાર છે. આ સમૂહ પૂજનમાં ભાગ લેવા ઈચ્છતા સર્વધર્મ પ્રેમી ભાઈ-બહેનો તથા ગુરૂભાઈ-બહેનોએ પોતાના નામ તા. ૧૯ શુક્રવાર સુધીમાં ડોનેશન વિભાગમાં નોંધાવી જવા વિનંતી કરાઈ છે. ધર્મપ્રેમીજનોએ લાભ લેવા અનુરોધ કરાયો છે

# રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળ ઈન્ટરનેશનલ સ્કૂલમાં “સ્ટુડન્ટસ લિડ કોન્ફરન્સ” યોજાઈ

રાજકોટ:રાજકોટના ઢેબર રોડ સ્થિત શ્રી સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે તાજેતરમાં ધોરણ ૦૧ થી ૦૫ ના વિદ્યાર્થીઓ માટે ચાર દિવસ ચાલનારી “સ્ટુડન્ટ લીડ કોન્ફરન્સ” નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્ટુડન્ટ લીડ કોન્ફરન્સમાં એક થી પાંચ ધોરણના ૨૮૦ થી વધારે બાળકોએ ખૂબ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. જેમાં તેઓએ વિવિધ વિષયો ઉપર ખૂબ ચોક્કસાઈપૂર્વક પ્રેઝન્ટેશન તૈયાર કરીને મંચ ઉપર પ્રસ્તુતી કરી હતી.

આ કોન્ફરન્સમાં ધોરણ એક થી પાંચના ભૂલકાઓને તેમની વય અનુસાર વિવિધ વિષયો જેવા કે વેધર, હેલ્થી હેબિટ, એનિમલ બેબીઝ, કોમ્યુનિટી હેલ્પર્સ, સેલિબ્રેશન, વર્લ્ડ ટ્રાન્સપોર્ટેશન, એનિમલ્સ સ્ટડીઝ, સોલાર સિસ્ટમ, ડે ટાઈમ એન્ડ નાઈટ ટાઈમ, આર્ટ એન્ડ કલ્ચર, હેલ્થ એન્ડ ગ્લોબલ વોર્મિંગ, વેસ્ટ મેનેજમેન્ટ, કન્ઝર્વેશન ઓફ વોટર, ફેમસ લીડર, ઈતિહાસ, હિસ્ટોરિકલ મોન્યુમેન્ટ, એગ્રીકલ્ચર, ટેકનોલોજી જેવા અનેકવિધ વિષયો પસંદગી માટે આપવામાં આવ્યા હતા. બાળકોએ આપેલ વિષયોમાંથી પસંદ કરેલ વિષય ઉપર સંશોધન અને માહિતી એકત્ર કરી પ્રેઝન્ટેશન તૈયાર કર્યું હતું. આ પ્રેઝન્ટેશનને વધુ સારી રીતે રજુ કરવા ભુલકાઓએ પાત્ર અને વિષય અનુસાર વેશભુષા ધારણ કરીને આત્મવિશ્વાસ સાથે મંચ ઉપર પ્રસ્તુતી કરી હતી, જેમાં તેમના વાલીઓ અને શિક્ષકોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ સ્પર્ધામાં ભાગ લેનાર અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બાળકોને સર્ટિફિકેટ અને ઈનામો પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# રાજકોટ મનપા દ્વારા વિવિધ વિસ્તારમાં રોગચાળાંને નાથવા ૩૦૦થી વધુ ગપ્પી માછલી મુકાઈ

## ખુલ્લા ટાંકા, સુશોભનના ફુવારામાં મુકવા પોરાભક્ષક માછલી ઝોન ઓફીસેથી વિનામૂલ્યે વિતરણ

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા - આરોગ્ય શાખા-મેલેરિયા શાખા દ્વારા શહેરમાં ડેંગ્યુ, મેલેરિયા અને ચિકુનગુનિયા જેવા રોગોની ફેલાવતા મચ્છ્રની ઉત્પતિ અટકાવવા ઘર, ઓફિસ, શાળા વગેરે સ્થળોએ ખુલ્લા રહે પાણી ભરેલ મોટા ટાંકા કે અન્ય સ્થળોએ પોરાભક્ષક માછલીઓ મુકવામાં આવે છે. જે અન્વયે આજે ૧ દિ'માં ૩૩૪ સ્થળોએ ગપ્પી માછલી મુકવામાં આવી હતી.

એક માછલી દિવસના ૧૦૦-૧૫૦ મચ્છદરના પોરાને ખાઇ જાય છે.પોરાભક્ષક માછલી તળાવ, મોટા ખાડા, અવેડા, ખુલ્લા રહેતા મોટા ટાંકા,પાણી ભરેલ બીનવપરાશી ટાંકા, ફુવારા, હોજ, કુવાજેવા સ્થળો એ કે જયાં નિયમિત રીતે પાણી ભરાઇ રહેતું હોય તેવી જગ્યાએ મુકવામાં આવે તો ડેન્યુ ,મેલેરિયા અને ચિકુનગુનિયા ફેલાવતા મચ્છરની ઉત્પતિ અટકાવી શકાય છે તથા આવા રોગોથી લોકોને રક્ષણ મળે છે. ૧ ચો.મી. પાણીના ક્ષેત્રફળમાં ૫ થી ૧૦ નર- માદા માછલી મુકી શકાય છે. આ માછલીને અન્ય કોઇ ખોરાક આપવાની જરૂર રહેતી નથી.

વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ આરોગ્ય- મેલેરિયા શાખા દ્વારા શહેરના વોર્ડ નં. ૧,૩,૭, ૫, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૮ સહિતના વિવિઘ વોર્ડમાં વિસ્તારોમાં ખુલ્લા રહેતા મોટા ટાંકા, પશુઓના પીવાના પાણીના અવેળા,ફુવારા વગેરેમાં ૩૩૪ ઘર સ્થળો એ પોરાભક્ષક માછલી મુકવામાં આવેલ.વિનામૂલ્યેળ માછલી મળશેઆ માછલી વિનામુલ્યે આરોગ્ય- મેલેરિયા શાખાની ઝોનલ ઓફિસ (૧) સેન્ટ્રલ ઝોન મેલેરિયા ઓફિસ - આરોગ્ય કેન્દ્ર ની બાજુમાં (અખિલ હિન્દ મહિલા પરિષદ), પુજારા,પ્લોટ ચોક, વોર્ડ નં. ૧૫, મેલેરિયા ભવન, (૨) ઈસ્ટ ઝોન મેલેરિયા ઓફિસ - સ્વુ. ચંપકભાઇ વોરા ડિસ્પેન્સકરી, ભાવનગર રોડ, રાજકોટ. (૩) વેસ્ટ ઝોન મેલેરિયા ઓફિસ - રૈયા ચોકડી, કિસ્મંત હોટલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, (જુની વોર્ડ ઓફીસ) ખાતેથી મેળવી શકે છે.વાહકજન્ય રોગ?અટકાયતી ઝુંબેશમાં મહાનગરપાલિકાના પ્રયત્નોીમાં સૌ સાથે મળીને સહકાર આપવા મનપાના આરોગ્ય? અધિકારી દ્વારા અપીલ કરવામાં આવી છે.



# કાલે રાજકોટમાં સરદાર પટેલ ટ્રસ્ટ્ દ્વારા સર્વજ્ઞાતિય સમુહલગ્નનું આયોજન

રાજકોટ,

રાજકોટ સરદાર પટેલ ટ્રસ્ટ દ્વારા સતત બીજા વર્ષે 'લાડકડીના લગ્નોત્સવ' શીર્ષકતળે સર્વજ્ઞાતિય સમુહલગ્નનું આયોજન કરાયુ છે.સરદાર પટેલ ટ્રસ્ટના આગેવાનોએ જણાવ્યુ. હતુ કે તા. ૧૪ ના રવિવારે કાર્તિક પાર્ટી પ્લોરટ, ૮૦ ફુટ રોડ, કુવાડવા રોડ, રાજકોટ ખાતે આ અવસર નિરધારીત કરાયો છે. જેમાં સર્વજ્ઞાતિય ૧૧ યુગલો પ્રભુતામાં પગલા પાડશે.સાંજે ૫ વાગ્યેજ જાન આગમન, સાંજે ૬ વાગ્યે દિપ પ્રાગટય, રાત્રે ૮ વાગ્યે હસ્ત મેળાપ, સાંજે ૭.૩૦ વાગ્યે ભોજન સમારોહ અને રાત્રે ૧૦ વાગ્ય વિદાય સમારોહ યોજાશેઆ પ્રસંગે શ્રીરામભગત કનેસરાધામ, શ્રી ધવલ ભુવાજી કમઢીયાની સરકાર, મહંતશ્રી લાલદાસબાપુ, રાઘવેન્દ્રગ આશ્રમ, લાલપરી ઉપસ્થિત રહી નવયુગલોને આશીર્વચન આપશે.

મંગલ અવસરનું દિપપ્રાગટય ખોડલધામ ટ્રસ્ટગના ચેરમેન નરેશભાઇ પટેલ, પ્રદેશ ભાજપ ઉપાધ્યોક્ષ ડો. ભરતભાઇ બોઘરા, બોમ્બે સુપર પિન્ટુભાઇ પટેલ, ધારાસભ્ય ઉદયભાઇ કાનગડના હસ્તે કરાશે.દાતાઓના સહયોગથી તમામ દિકરીઓને કરીયાવરમાં સોનાની બુટી, સોનાનો દાણો, ચાંદીની પાયલ, ચાંદીની બ્રેસલેટ, ઝુડો, ગાદલા સેટ, કબાટ, પાનેતર સહીતની વસ્તુ ઓ અપાશે.

સમગ્ર આયોજનને સફળ બનાવવા સરદાર પટેલ ટ્રસ્ટંના પ્રમુખ જીતેન્દ્રભાઇ રાબડીયા, ઉપપ્રમુખ નિશાંત ગજેરા, જીજ્ઞેશ પટેલ, વિપુલ પટેલ, દીલીપભાઇ લુણાગરીયા, રીંકલ પટેલ, અંકિત ગજેરા, રાહુલ ખુંટ, જીજ્ઞેશ અકબરી, ડી. કે. પટેલ, રસીક પટેલ, કમલેશ સુદાણી, હિરેન પરસાણા, લાલુ પટેલ, હિરેન રાંક, નિખીલ રૈયાણી, કાનો લીંબાસીયા, લલીત અજાણી, ભાવેશ રામાણી, વિપુલ ઢોલરીયા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# નાણાવટી ચોક બન્યો અયોધ્યા નગરી રામનવમીના ભવ્ય શોભાયાત્રા યોજાશે

## શ્રીરામ કથા માં શ્રી ગાંડાબાપુ ના મુખે થી રામકથા સાંભળી રસતરબોળ થઈ રહ્યા છે શ્રદ્ધાળુઓ

રાજકોટ,

રામલલ્લા અયોધ્યા ના મંદિરમાં બિરાજમાન થયા બાદ સમગ્ર વિશ્વમાં એક અનેરો ઉત્સાહ છે આગામી તારીખ ૧૭ ના રોજ રામનવમીના ઉત્સવને ઉજવવા માટે સમગ્ર હિન્દુ સમાજ થનગની રહ્યો છે સાથે વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપના ને ૬૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ અને તેની સાથે સંકળાયેલા તમામ આયામોના અધિકારી પદાધિકારી કાર્યકર્તાઓમાં ઉત્સાહ ચરમસીમા ઉપર છે ત્યારે રાજકોટમાં વિહિપ તથા રાધેશ્યામ ગોશાળા ના સંયુક્ત ઉપક્રમે યોજાનાર શ્રીરામ જન્મોત્સવ નિમિત્તે એક સુંદર માણવા લાયક રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટના નાણાવટી ચોક પાસે આવેલ સ્ટર્લીંગ હોસ્પિટલ ની



બાજુના ગ્રાઉન્ડમાં ચાલી રહેલ આ કથા તારીખ ૧૬ એપ્રિલ સુધી ચાલવાની છે. વિશ્વ હિન્દુ પરિષદ અને રાધેશ્યામ ગૌશાળા ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ રામકથા દરરોજ બપોરે ત્રણ થી સાત સુધી યોજાશે.

આ શ્રીરામ કથા ના વક્તા મહંતશ્રી ગાંડાબાપુ નો પરિચય જોઈએ તો તેઓ લાખના બંગલા પાસે આવેલ રામેશ્વર હનુમાન મંદિર ના મહંત છે અને જેઓ અનેક રામકથામાં તેમના મુખેથી કથાઓનું પઠન કરી ચૂક્યા છે. તેમના મુખેથી સુર અને સંગીતના સથવારે આ રામ કથા ચાલી રહી છે. અબાલ, વૃદ્ધો, બાળકો મહિલાઓ અને યુવાનો આ રામ કથામાં જોડાઈ રહ્યા છે ત્યારે સમસ્ત રાજકોટના શ્રદ્ધાળુઓને લાભ લેવા વિશ્વ હિન્દુ પરિષદ તથા રાધેશ્યામ ગૌશાળા દ્વારા આમંત્રણ સાથે આહવાન કરવામાં આવ્યું છે.

# શહેરના વોર્ડ-૫ના વિવિધ વિસ્તારોમાં પદયાત્રા કરી લોકસંપર્ક કરતા રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા

## મોદી કી ગેરંટી સામાન્ય માણસની આંકાક્ષાઓ પ્રત્યે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રતિબધ્ધતા દર્શાવે છે : ઉદયભાઈ કાનગડ : પરશોતમભાઈ રૂપાલાને ઠેર-ઠેર સાર્વત્રિક આવકાર

રાજકોટ

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા ધ્વારા શહેરના વોર્ડ– ૫ માં વિવિધ વિસ્તારોમાં પદ યાત્રા કરી લોકસંપર્ક યોજાયો હતો. આ તકે રૂપાલાજી પદયાત્રા દરમિયાન સમાજના જુદા–જુદા વર્ગો, વિવિધ સામાજિક શ્રેષ્ઠીઓ સાથે સૌજન્ય મુલાકાત કરી હતી તેમજ વોર્ડના વિવિધ વ્યવસાયિક સ્થળો, દુકાનો અને ડોર–ટૂ–ડોર લોકસંપર્ક કરેલ હતો. આ લોકસંપર્ક દરમ્યાન પરશોતમભાઈ રૂપાલાને પ્રજાજનો ધ્વારા ઠેર–ઠેર




ઉમળકાભેર આવકાર મળ્યો હતો. આ તકે રૂપાલાજી સાથે વિધાનસભા–૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા તેમજ વોર્ડના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.આ તકે પરશોતમભાઈ રૂપાલાએ વોર્ડ– ૫ ના વિવિધ વિસ્તારો જેવા કે મારૂતી નગર મેઈન રોડ, ગાંધી સ્મૃતિ સોસાયટી, વલ્લભ નગર, મારૂતી નગર–૧, સંત કબીર રોડ, સદગુરૂ રણછોડનગર સહિતના વિસ્તારોમાં ઘનિષ્ઠ લોકસંપર્ક કરેલ હતો.

આ તકે પરશોતમભાઈ રૂપાલાએ જણાવેલ કે નરેન્દ્રભાઈ મોદીના મજબૂત નેતૃત્વમાં ભારત 'એક વિશ્વ, એક પરિવાર' ને સાર્થક કરી વિશ્વ મિત્રની ભૂમિકા માં આગળ વધી રહયું છે ત્યારે સૌ સાથે મળીને લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકીએ એ ભારતએ વિશ્વને દર્શાવ્યું છે. ભારત વિશ્વનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર છે. અને દેશના વડાપ્રધાન તરીકેની ત્રીજી ટર્મમાં નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વિશ્વનું ત્રીજુ અર્થતંત્ર બનાવવાની ગેરંટી આપી છે. આમ દેશવાસીઓનું સપનુ, મોદીજીનો સંકલ્પ છે.

# રાજકોટના હિરાસર એરપોર્ટ પર મતદાન જાગૃતિ



રાજકોટ,

લોકસભા સમાન્યર ચૂંટણી અંતર્ગત દેશના વિવિધ વિસ્તારોમાં મતદાન કરવા લોકો જાગૃત બને તે માટે મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. જે અન્વસયે રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે નાગરિકોમાં મતદાન અંગે જાગૃતિ કેળવવા માટે 'સ્વી.પ' અંતર્ગત પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં મુસાફરોની ફલાઈટને લગતી માહિતી બતાવતી ફલાઇટ ઈન્ફોર્મેશન ડિસ્લે સીસ્ટમ પર ચૂંટણી સંબંધિત 'ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ' વિડીયો બતાવવાના નવતર અભિગમથી મુસાફરોને મતદાન કરવા પ્રેરિત કરાયા હતા.

# રાજકોટની દર્શન યુનિવર્સિટી દ્વારા ઓપન સૌરાષ્ટ્ર ડેફેટર કપ ટુર્નામેન્ટ યોજાઈ



રાજકોટ,

રાજકોર્ટની દર્શન યુનિવર્સિટી દ્વારા આયોજીત 'ઓપન સૌરાષ્ટ્ર અન્ડર ૧૯ ડેફેટર કપ : ૨૦૨૪' ટુર્નામિન્ટનું આયોજન કરવામાં આવેલું હતું. આ ટુર્નામિન્ટમાં ૩૧૫ સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. આ સ્પર્ધામાં વોલીબોલ રમતમાં 'સેવનસ્ટાર વોલીબોલ' સુરેન્દ્રનગરની ટીમ, કબડીમાં નોબલ સ્કૂલ ત્રંબાની ટીમ તથા ક્રિકેટ રમતમાં દર્શન યુનિવર્સિટી રાજકોટની ટીમ વિજેતા જાહેર કરાયેલ હતી. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રેસિડન્ટંશ્રીના હસ્તે દરેક વિજેતા ટીમને રોકડ પુરસ્કા તથા ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવેલ હતા.

# રાજકોટ મનપા સ્વચ્છ સર્વેક્ષણનો વર્કશોપ યોજાયો



રાજકોટ,

મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ - ૨૦૨૪ અંતર્ગત તા:-૧૨ના મનપા ઓફીસ ખાતે રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓ ગોંડલ, જેતપુર/નવાગઢ, ધોરાજી, ભાયાવદર, જસદણ, ઉપલેટાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ - ૨૦૨૪ અંતર્ગત વિવિધ પેરામીટર જેવા કે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, વિગેરે અંગે જાણકારી આપવામાં આવી.

આ વર્કશોપ/સેમિનાર દ્વારા ઝીરો વેસ્ટિ ઈવેન્ટ બનાવવામાં આવી હતી. ઉપરોક્તિ ઈવેન્ટમાં કોઈ પણ પ્રકારની પાણીની પ્લાસ્ટિરકની બોટલનો ઉપયોગ કરવામાં આવેલ ન હતો. પાણી કાચના ગ્લાટમાં આપવામાં આવેલ. આ વર્કશોપમાં સુકા અને ભીના કચરા માટે અલગ અલગ ડસ્ટ બીન રાખવામાં આવેલ.

ઉપરોક્ત વર્કશોપ/સેમિનારમાં રીજનલ કમિશનર મ્યુનિસીપાલીટી સ્વપ્નિલ ખરે, નગરપાલીકાના ચીફ ઓફીસર, એસ.આઈ, સીટી મેનેજર, સિટી મેનેજર, મહાનગરપાલિકાના સહાયક કમિશનર એસ. જે. ધ્રુક, પર્યાવરણ ઈજનેર નિલેશ પરમાર, તમામ નાયબ પર્યાવરણ ઈજનેર, તમામ મદદનીશ પર્યાવરણ ઈજનેર, સેનિટેશન ઓફિસર ઉપસ્થિત રહયા હતા.

# બીએસએનએલ ડોટ પેન્શનનર્સ એશો.ની ડીસ્ટ્રીકટ કક્ષાની કોન્ફરન્સ યોજાઇ

રાજકોટ,

ઓલ ઈન્ડી યા બીએસએનએલ ડોટ પેન્શનર્સ એશોસીએશન ગુજરાત સર્કલની અમરેલી ડીસ્ટ્રી્કટ કોન્ફ્ન્સમાં સર્કલ સેક્રેટરી સેન્ટ્ર લ હેડ કવાર્ટરના વાઈસ પ્રેસિડેન્ટમ શ્રી મનુભાઇ ચનિયારા કે.આર. જોશી, ગુજરાત સંગઠન મંત્રી આર. રામાણી, જે.સી.પટેલ, જે.એમ.રાદડીયા, વિગેરે આગેવાનો અને અધિકારી ઉપસ્થિુત રહેલ. આર.બી. મારૂ ડીસ્ટ્રીકટ પ્રેસિડેન્ટે તથા કુ. એ.જે. દવેની ડીસ્ટ્રીાકટ સેક્રેટરી, શ્રી કે.આર. જોશીને ડીસ્ટ્રીરકટ ટ્રેઝરર તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે. રાજકોટ ડીસ્ટ્રીવકટ યોજાયેલ ડીસ્ટ્રીકટ કોન્ફરન્સ યોજાવવામાં આવેલ જેમાં શ્રી મનુભાઇ ચનિયારા, શ્રી એમ.જી.ઠુંમર, સર્કલ વાઈસ પ્રેસિડેન્ટ્ તથા શ્રી એ.કે. હિન્ડો ચા ડીસ્ટ્રી કટ સેક્રેટરી શ્રીમતી એલ. ડી. સાવલિયા ડીસ્ટ્રી કટ ટ્રેઝરર તરીકે રાજકોટ ડીસ્ટ્રી કટ માટે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ.

ઓલ ઈન્ડિયા બીએસએનએલ ડોટ પેન્શનર્સ એસોસીએશન ચોથી ગુજરાત સર્કલ કોન્ફકરન્સ તા.૧૬-૧૭ એપ્રિલના રોજ ઉંઝા ખાતે કરવા આવેલ હોવાનું અને ગુજરાતની દરેક બ્રાંચના ડેલીગેટ તથા ઓબ્સનર્વર જોડાવા અંગે ના સેન્ટ્રેલ હેડ કવાર્ટરના વાઈસ પ્રેસિડેન્ટ તથા ગુજરાત સર્કલ સેક્રેટરી શ્રી મનુભાઇ ચનિયારાએ જણાવેલ છે.

# બ્રહમસમાજના અગ્રણી દર્શિતભાઈ જાનીના પરિવારની સૌજન્ય મુલાકાત લેતા પરશોતભાઈ રૂપાલા

## બ્રહમસમાજના વિવિધ અગ્રણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા

રાજકોટ

શહેરના પુષ્કર ધામ ખાતે સમસ્ત બ્રહમસમાજના અગ્રણી દર્શિતભાઈ જાનીના પરિવારની રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા ધ્વારા સૌજન્ય મુલાકાત યોજાઈ હતી. આ તકે દર્શિતભાઈ જાની તેમજ પરિવારના સભ્યો પુર્વીબેન જાની, નિરેનભાઈ જાનીએ પરશોતભાઈ રૂપાલાનું ઉષ્માસભર સ્વાગત કર્યુ હતુ. આ તકે જાની પરિવાર તરફથી રૂપાલાજીને ભગવાનશ્રી પરશુરામજીની ફરસી સ્મૃચિ ચિહન રૂપે અર્પણ કરવામાં આવી હતી. આ તકે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, શહેર ભાજપ કોષાધ્યક્ષ મયુરભાઈ શાહ, ભાજપ અગ્રણીઓ કશ્યપભાઈ શુકલ, જીતુભાઈ મહેતા, કિરીટભાઈ પાઠક, મનીષભાઈ માદેકા, દિનેશભાઈ પંડયા, હેલીબેન ત્રિવેદી, જતીનભાઈ ભરાડ, અતુલભાઈ પંડિત, જર્નાદનભાઈ આચાર્ય, પી.સી. વ્યાસ, દીપકભાઈ પંડયા, નલીનભાઈ જોશી, અતુલભાઈ વ્યાસ, વિપુલભાઈ શુકલ, સંદીપભાઈ મહેતા, બ્રિજેશભાઈ




મહેતા, મનનભાઈ જોશી, બંકિમભાઈ મહેતા, સંજયભાઈ દવે, મિહીરભાઈ જોશી, કલ્પેશભાઈ જાની, કિશોરભાઈ જાની, મુકેશભાઈ વ્યાસ સહીતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# શ્રી નટેશ્વર મહાદેવ મંદિરના સત્સંગ હોલનો રૂા.૧.૫૦ કરોડના ખર્ચે જીર્ણોધ્ધાર કરાશે

## મંદિરના જીર્ણોધ્ધાર ખાતમુર્હુત પ્રસંગે અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહેતા પરશોતમભાઈ રૂપાલા

રાજકોટ

શહેરના ૮૦ ફુટ રોડ પર આવેલ કોઠારીયા કોલોની સ્થિત ૮૦ વર્ષ જુના શ્રી નટેશ્વર મહાદેવ મંદિર સહિત સત્સંગ હોલનો અંદાજે રૂા.૧.૫૦ કરોડના ખર્ચે દાતાઓના આર્થિક સહયોગથી જીર્ણોધ્ધાર કરવામાં આવશે.

આ જીર્ણોધ્ધાર ખાતમુર્હુતનો કાર્યક્રમ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાના અતિથિવિશેષ પદે યોજવામાં આવેલ. આ તકે મુંજકાના આર્ષ વિદ્યામંદિર સંતશ્રી પરમાત્માનંદજીના હસ્તે ખાતેમુર્હુત કરવામાં આવેલ.

આ વિસ્તારના અગ્રણી શ્રી સુરુભા જાડેજા અને મનોજભાઈ મારૂ એરુઆ બારામાં વિશેષ માહિતી આપતા જણાવ્યા હતું કે આ ૮૦ વર્ષ જુના પૌરાણિક શ્રી નટેશ્વર મહાદેવ મંદિર પ્રપ્રવર્તમાન જરૂરિયાત પ્રપ્રમાણે અને મંદિર સાથે જોડાયેલા અને નાગરીક ને વધુ સગવડો અને સુવિધાઓ પ્રપ્રાપ્ત થાય તે માટે આ વિસ્તારના નાગરીક અને ભકતતજનો ના આર્થિક સહયોગ થી શ્રી નટેશ્વર મહાદેવ મંદિર અને અન્ય સાત(૭) મંદિર જીજીર્ણોધ્ધાર કરવાનો નર્ણયિ કરવામાં આવ્યો છે.



# અમે હિન્દુત્વ સાથે છીએ, મોદીને જિતાડવા તન મન અને ધનથી ટેકો આપીશું: કાઠી ક્ષત્રિય સમાજ



## રામ અમારા ઈષ્ટદેવ છે અને ભાજપે રામ મંદિર બનાવ્યું છે: ભાજપ જે ઉમેદવાર ઉભા રાખે તેને ટેકો આપવો અમારી ફરજ : કાઠી ક્ષત્રિય સમાજ

રાજકોટ

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજ અંગે કરાયેલી વિવાદાસ્પદ ટિપ્પણી બાદથી ક્ષત્રિય સમાજ રોષે ભરાયેલો છે. સમગ્ર ગુજરાતમાં સંમેલન, રેલી, પોસ્ટર દ્વારા વિરોધ, ગામમાં ભાજપ નેતાઓની પ્રવેશબંધી સહિતના વિરોધ પ્રદર્શન કરાઈ રહ્યા છે. તો આગામી ૧૪ એપ્રિલ ૨૦૨૪ના રોજ રાજકોટના રતનપર પર ખાતે ક્ષત્રિય-રાજપૂત સમાજ દ્વારા મહાસંમેલન યોજાવા જઈ રહ્યું છે. આ સંમેલન વડાપ્રધાન મોદીની સભા પહેલા યોજાશે. તો આ વચ્ચે એક મોટા સમાચાર મળી રહ્યા છે કે, અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા પરશોત્તમ રૂપાલાને માફી આપવામાં આવી છે. કાઠી ક્ષત્રિય સમાજ તરફથી રૂપાલા વિરૂદ્ધના આંદોલનનો અંત લવાયો છે. ત્યારે આ જોતા હાલ રૂપાલા વિરૂદ્ધના આંદોલનમાં ફાંટા પડતા જોવા મળી રહ્યા છે.રાજકોટમાં અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજે ભાજપ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં જણાવ્યું છે કે, 'કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાને ટેકો જાહેર કર્યો છે. કાઠી ક્ષત્રિય સમાજે પરશોત્તમ રૂપાલાને માફી પણ આપી છે. કાઠી સમાજની કોર કમિટીએ મળીને આ નિર્ણય લીધો છે. જે દરમિયાન ચોટીલા, અમરેલી, બોટાદ, રાજુલા, જૂનાગઢ સહિતના વિસ્તારોના કાઠી આગેવાનો હાજર રહ્યા હતા.'કાઠી સમાજના અગ્રણી દ્વારા જણાવાયું છે કે, 'આજે અમારી કોર કમિટીની મિટિંગ મળી હતી. કાઠી ક્ષત્રિય સમાજ મળીને ભાજપ અને વડાપ્રધાન મોદીને સમર્થન આપે છે એ બદલ કાઠી સમાજ અને તમામનો આભાર માનું છું. અમારું ભાજપને પુરેપુરુ સમર્થન જ છે. ૧૪ તારીખના કાર્યક્રમમાં કાઠી ક્ષત્રિય સમાજ ભાગ નહીં લે અને આગામી દિવસોમાં અમે આંદોલનમાં પણ નહીં જોડાઈએ. અમે ભાજપને તન મન અને ધનથી ટેકો આપીશું. રામ અમારા ઈષ્ટદેવ છે અને ભાજપે રામ મંદિર બનાવ્યું છે.'અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ મુનાભાઈ વિંછીયાએ જણાવ્યું છે કે, 'કાઠી સમાજ વડાપ્રધાન મોદીને જ સપોર્ટ કરવાનો છે. કોર કમિટીએ નિર્ણય લીધો છે જે સમાજને સર્વમાન્ય જ હોય છે. મિટિંગમાં સૌરાષ્ટ્ર અને ગુજરાતના કાઠી સમાજના આગેવાનો હાજર હતા. સૂર્યવંશી કાઠી સમાજે રૂપાલાને માફી આપી છે. અમે હિન્દુત્વ અને સનાતન ધર્મની સાથે છીએ. સમગ્ર દેશમાં કાઠી સમાજની ૧૭ લાખની વસ્તી છે. વડીલો જે નિર્ણય કરે તે વ્યાજબી હોય છે. માફ કરવાનો ક્ષત્રિય ધર્મ છે. વડાપ્રધાન મોદીના ઉમેદવારો ઉભા છે તેને અમે સપોર્ટ કરીએ છીએ. અમે રૂપાલાને પણ મદદ કરીશું. અમારી બીજી કોઈ કંડિશન નથી. વડાપ્રધાન મોદીની કામગીરીથી અમને સંતોષ છે. અમને વર્તમાન સરકારોએ મદદ કરી છે. ભાજપની સાથે છીએ અને રહેશું. વડાપ્રધાન મોદીની વિચારધારા સાથે રહેવાના છીએ. ગુજરાતની ૨૬ બેઠકો પર કાઠી ક્ષત્રિય સમાજ ટેકો જાહેર કરે છે. રૂપાલાને ટેકો આપવો અમારી નૈતિક ફરજ છે. અમે આંદોલનમાં સામેલ નહીં થઈએ.'વધુમાં કાઠી સમાજના આગેવાને જણાવ્યું કે, 'રામભક્તને વરેલો કાઠી સમાજ વડાપ્રધાન મોદીનો હાથ મજબૂત કરવાની વેળાએ સમગ્ર કાઠી સમાજ એક અવાજે વડાપ્રધાન મોદી અને ભાજપની સાથે ખભેખભો મિલાવીને સાથે છે. કાઠિયાવાડ-સૌરાષ્ટ્રનો કાઠી સમાજ પ્રાચીન સમયથી હિન્દુત્વને સંપૂર્ણપણે વરેલો સમાજ છે. સમગ્ર વિશ્વ અરાજકતા અને રાજકીય અસ્થિરતા અનુભવી રહ્યું છે. ત્યારે સ્થિર અને પ્રામાણિક માર્ગદર્શન પ્રજામાં સિંચીને વડાપ્રધાન મોદીને ત્રીજી વખત દેશનું નેતૃત્વ પુરુ પાડવા લડી રહ્યા હોય ત્યારે કાઠી સમાજ ૨૦૨૪ની ચૂંટણીમાં મોદી અને ભાજપને સંપૂર્ણ સમર્થન આપે છે. કાઠીઓનો ઇતિહાસ હિન્દુત્વ અને સનાતનની સાથે રહ્યા છીએ. અમે હાલ પણ તેની સાથે જ છીએ. ભાજપ અને વડાપ્રધાન મોદી સાથે રહેવા માંગીએ છીએ. ભાજપે જે ઉમેદવારો ઉભા રાખ્યા છે તેને ટેકો આપવો અમારી નૈતિક ફરજ છે. અમે કાયમ ભાજપ સાથે જ છીએ.'કાઠી સમાજે કહ્યું કે, 'સૂર્ય મંદિર ફરવા લાયક સ્થળ બન્યું છે. નવા સૂર્ય દેવળની ખાસ મુલાકાત લેજો. ઘણા બધા ઋણ ચુકવવાનો સમય આવ્યો છે. ત્યારે સમાજે નક્કી કર્યું છે કે, ભાજપને જેટલો દઈ શકીએ તેટલો તન મન અને ધનથી ટેકો આપવો છે. વિવાદ સાથે અમારે કોઈ લેવા દેવા નથી. સામાજિક રીતે અમારો ક્ષત્રિય સમાજ સાથે જ છીએ. પરંતુ કોઈ માફી માગે કે મંગાવે તે અમારી પ્રકૃતિ નથી. અમારા તમામ આગેવાનો તરફથી સમાજને વિનંતી છે અને સમાજ સાથે પણ છે. અમે કોઈના પ્રેશરમાં આવીને નિર્ણય નથી લીધો. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સવાલ, વડાપ્રધાન મોદીનો સવાલ આવતો હોય ત્યારે તમામ પ્રશ્નોને ગૌણ માનીને અમારી ફરજમાં આવે છે.'

# યુવક પર બનેવી સહિત બે શખ્સનો છરીથી હુમલો



રાજકોટ:

શહેરના નાનામવા રોડ પરના ગૌતમનગરમાં યુવક પર તેના બનેવી સહિત બે શખ્સે છરીથી હુમલો કર્યો હતો, તેમજ રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસેની સોમનાથ સોસાયટીમાં પણ યુવકને છરીના ઘા ઝીંકાયા હતા. ગૌતમનગરમાં રહેતો રિક્ષાચાલક દીપક દિનેશભાઇ બાહુકિયા (ઉ.વ.૨૫) ગુરૂવારે મધરાત્રે તેના ઘર પાસે હતો ત્યારે તેના બનેવી મયૂર રવજી છનુરા અને તેનો ભાઇ અલ્પેશ છનુરા ત્યાં ધસી ગયા હતા અને દીપક સાથે માથાકૂટ કરી દીપકને હાથ અને સાથળના ભાગે છરીના ઘા ઝીંકી દીધા હતા, હુમલામાં ઘવાયેલા દીપકને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.દીપકે આ અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા.૯ના તેના પુત્રનો જન્મદિવસ હોય તેમના બહેન ચેતનાબેન તથા તેની દીકરી તેમના ઘરે આવ્યા હતા, ચેતનાબેન અને ભાણેજ બ્યૂટિપાર્લરમાં તૈયાર થવા ગયા હતા. આ અંગેની બનેવી મયુરને જાણ થતાં મયુરે ઘરે જઇને ઝઘડો કર્યો હતો ત્યારથી ચેતનાબેન ભાઇના ઘરે હતા, આ વખતે મયુર તેના ભાઇ સાથે આવ્યો હતો અને છરીથી હુમલો કર્યો હતો. બનાવ અંગે પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી હતી.જ્યારે અન્ય એક બનાવમાં રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસેની સોમનાથ સોસાયટીમાં રહેતા નિશાંત ચિમનભાઇ મારૂ (ઉ.વ.૩૫) પર બીટુ ઉર્ફે અજય ઉર્ફે હાર્દિક ચૌહાણે ઝઘડો કરી છરીનો ઘા પેટમાં ઝીંકી દીધો હતો. નિશાંતે પોલીસ સમક્ષ કહ્યું હતું કે, તેની પત્ની છૂટાછેડા લઇને જતી રહી હોય તેના આઠ વર્ષના પુત્રને બીટુ તારી મમ્મી ભાગી ગઇ છે તેવા વેણ કહેતો હોય તે બાબતે તેને ઠપકો દેતા તેણે હુમલો કર્યો હતો. જ્યારે સામાપક્ષે બીટુ ઉર્ફે અજય મુકેશ ચૌહાણ (ઉ.વ.૩૧) પણ હોસ્પિટલમાં દાખલ થયો હતો અને તેણે નિશાંતે છરીનો ઘા ઝીંક્યાની પોલીસમાં રાવ કરી હતી. આ બનાવ અંગે પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# મંદિરની જગ્યામાંથી ડાયવર્ઝન કાઢવા રાજકોટના પ્રજાવત્સલ રાજવી મનપા પાસેથી મહિને ૧ લાખ લેશે!

રાજકોટ: રાજકોટના ઈતિહાસમાં રાજકોટના રાજવીને પ્રજાવત્સલ તરીકે પ્રસિધ્ધ છે. તેઓએ નગરજનો માટે અનેક ધાર્મિક તેમજ શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરી છે. આવા જ એક ઐતિહાસિક પુલ સાંઢિયા પુલના નવીનીકરણ માટે ડાયવર્ઝન કાઢવા દર મહિને એક લાખ રૂપિયાની માતબર રકમ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.શહેરના સાંઢિયા પુલ માટે ટેન્ડર પ્રસિધ્ધ થયા પહેલાથી ડાયવર્ઝનનો મોટો પ્રશ્ન હતો. જ્યાંથી ડાયવર્ઝન નીકળી શકે તેમ છે તે જગ્યા ભોમેશ્વર મંદિર ટ્રસ્ટની છે. મંદિર હોવાથી મહાનગરપાલિકાને મન એમ હતું કે, સરળતાથી તેઓ ખુલ્લી જગ્યા પુલ બને ત્યાં સુધી લોકોના ઉપયોગ માટે આપશે જેથી ડાયવર્ઝન નીકળી જશે. આ ટ્રસ્ટનું સંચાલન રાજકોટનો રાજપરિવાર કરે છે અને માંધાતાસિંહ ટ્રસ્ટી છે તેથી વધારે સરળતા માની હતી કેમ કે, રાજકોટના રાજવીઓ પ્રજાની સરળતા માટે અનેક કાર્યો કરવા માટે પ્રખ્યાત છે. મનપાના અધિકારીઓ ડાયવર્ઝન માટે બે વર્ષ માટે જગ્યાની માંગ સાથે તેમના સુધી ગયા હતા પણ સમાધાન નીકળ્યું ન હતું. અલગ અલગ મુદ્દાઓને લઈને છ મહિના સુધી ઉકેલ આવ્યો નહિ. આખરે લીઝની વાત આવતા માંધાતાસિંહ માની ગયા છે.શરત મુજબ મનપા ડાયવર્ઝન માટે રસ્તો બનાવશે તે માટે આશરે ૨૪૦૦ ચોરસ મીટરની જગ્યાની જરૂર છે અને તે બદલ ટ્રસ્ટમાં મહિને એક લાખ રૂપિયા જમા કરાવવાના રહેશે. જો બ્રિજનું કામ બે વર્ષથી વધારે ચાલે તો ફરી લીઝ રિન્યૂ કરવાની રહેશે. જો કે આ મામલે પણ એક સમસ્યા હતી કે મનપા સીધા આ રીતે લીઝના પૈસા ચૂકવી શકે નહિ તેથી ડાયવર્ઝનની જવાબદારી કોન્ટ્રાક્ટરને આપવામાં આવી છે, કોન્ટ્રાક્ટર દર મહિને એક લાખ રૂપિયા આપશે અને તે ખર્ચ બ્રિજના કામનો ગણાવીને બિલ મનપા પાસે જ મુકશે એટલે કે પાઘડીનો વળ છેડે જ આવશે.આ સમજાવટ અને ભાડુ નક્કી થયા બાદ હવે ડાયવર્ઝન બનાવવાનું કામ ચાલુ કરાયું છે. માસાંતે રોડ બનીને તૈયાર થઈ જશે અને વાહનોની અવરજવર ચાલુ કરાશે. બ્રિજ બની ગયા બાદ તે જગ્યા યથાવત સ્થિતિમાં ફરી સોંપી દેવાશે આ રીતે પ્રજાને નીકળવાના રસ્તા કાઢવા માટે પ્રજાવત્સલ રાજ પરિવાર સંચાલિત ટ્રસ્ટને આશરે રૂપિયા ૨૪થી ૨૫ લાખની આવક પણ મળી જશે.

# યુનિ.માં ૧૦ કરોડનો ખર્ચ ગેરકાયદે મંજૂર કર્યાનો ઘટસ્ફોટ!

## તત્કાલિન કુલપતિ ડૉ. જોષીપુરાના કાર્યકાળમાં ગેરરીતિ થયાના આક્ષેપ

રાજકોટ:સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ ડૉ. કમલેશ જોષીપુરાના સમયગાળામાં થયેલા રૂ. ૧૦ કરોડનો ખર્ચ ગેરકાયદેસર હોવાનું ઓડિટ પેરામાં ખુલ્યું હોવાનો સૌરાષ્ટ્ર કોંગ્રેસ પ્રવક્તા દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું છે કે, સરકારના ઓડિટ વિભાગે કાઢેલી વિગત મુજબ બિનશૈક્ષણિક કર્મચારીઓની ઈન્ટરવ્યૂ વગર થયેલ ભરતીથી યુનિવર્સિટીને ૪.૨૧ કરોડનો ખર્ચ થયો જે ગેરકાયદેસર છે. ૪.૪૬ કરોડનો બાંધકામનો ખોટો ખર્ચ કરાયો.કોન્વોકેશનના બિલ્ડિંગ પાછળ એક કરોડ અને ૬૧ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. શિક્ષણશાસ્ત્ર ભવન પાસે વણવપરાયેલ ખંઢેર બાંધકામ ઊભું છે તેમાં પણ ૨૫ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. ડ્રગ સેન્ટરમાં ૬૭.૨૯ લાખનું ઈન્ટેરિયર ગેરકાયદેસર કરાયું. બાંધકામના કોન્ટ્રાક્ટરના ૯૦.૨૨ લાખ પરત વસૂલ કરવાના હતા. આ વસૂલાત ન કરી તેવું ઓડિટ રિપોર્ટમાં જાહેર થયું છે.રોહિતસિંહ રાજપૂતે જણાવ્યું કે, સત્તાના નશામાં ડૉ. જોષીપુરા દ્વારા આડેધડ



ખર્ચ કરવામાં આવ્યા હતા. હજુ તો ૨ વર્ષનું સરવૈયુ અમારી પાસે આવ્યું છે. તેમના સમયગાળાની બધી વિગતનો આંક ૨૦ કરોડ ઉપર જવાની સંભાવના છે. કોંગ્રેસના આગેવાનો દ્વારા તે વખતે કરવામાં આવેલ ભ્રષ્ટાચાર અને ગેરકાયદેસર વહીવટના આક્ષેપોને સરકારના ઓડિટ વિભાગે સાચા સાબિત કર્યા છે.ખોટું કરનારનું પાપ છાપરે ચડી અને બોલે તે આજે સાબિત થયું છે. કમલેશ જોશીપુરાએ જ્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કુલપતિપદે હતા ત્યારે યુનિવર્સિટીમાં ટોળકી રચી ભ્રષ્ટાચાર કર્યો હતો તેવા આક્ષેપો તે વખતે પણ થયા હતા. હમણા જ યુનિવર્સિટી પર સરકારના ઓડિટ વિભાગ દ્વારા જોષીપુરાના સમયમાં થયેલ બિનકાયદેસર બાંધકામ અને ખોટા ખર્ચની વિગત અમાન્ય ગણવાની જાણ કરવામાં આવી છે. મળતી વિગતો મુજબ, જોશીપુરા દ્વારા થયેલ ગેરકાયદેસર કામની ચિઠ્ઠીમાં આવેલ નાણાકીય ગેરરીતિનો આંકડો ૧૦ કરોડથી પણ વધુનો થાય છે.આપણે ત્યાં પ્રિ-ઓડિટ, પોસ્ટ ઓડિટ, લોકલ ફંડ છે. અત્યારે જે આવ્યું છે એ નાણાકીય ગેરરીતિ નથી હોતી પરંતુ નાણાકીય ખર્ચના જે નિયમો હોય છે તેના માટેનું ઓડિટ વિભાગનું સૂચન હોય છે, કે આ પ્રકારની પ્રક્રિયા કરવી. તેના માટે માત્ર સૌરાષ્ટ્ર નહીં, રાજ્યભરની યુનિવર્સિટીને ઉચ્ચ શિક્ષણ વિભાગે આ ઓડિટના પેરા મોકલ્યા છે તેને લગતું લિસ્ટ છે.જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એક જ નથી, અન્ય યુનિવર્સિટીઓ પણ છે. નાણાકીય ખર્ચના સંદર્ભમાં તેમને એવું લાગે કે આ ખર્ચ એક નહીં પણ બીજી રીતે કરવો જોઈએ તેવું સૂચન ઓડિટ વિભાગ કરતું હોય છે.

# સ્વામિનારાયણ મંદિરમાં ભાજપની સભાથી આચારસંહિતા ભંગ મુદ્દે ફરિયાદીને સીઈઓનું તેડું

રાજકોટ:રાજકોટના સ્વામિનારાયણ મંદિરમાં લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર તથા ભાજપના આગેવાનોએ સ્વામિનારાયણ મંદિરમાં સભાનું આયોજન કરી આચારસંહિતાનો ભંગ કર્યાની ફરિયાદ કોંગ્રેસ દ્વારા કરાયા બાદ તપાસનો અહેવાલ રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા મુખ્ય નિર્વાચીન અધિકારીને મોકલી આપ્યો હતો. આ પ્રકરણમાં હવે રાજ્યના ચીફ ઈલેકશન ઓફિસરે ફરિયાદીને તા.૧૫મી એપ્રિલે હિયરિંગ માટે તેડું મોકલ્યું છે.શહેર કોંગ્રેસના સંજય લાખાણી અને કૃષ્ણદત્ત રાવલે જણાવ્યું હતું કે, ગત તા.૧૮-૩ના રોજ સ્વામિનારાયણ મંદિરમાં ભાજપના રાજકોટ લોકસભાના ઉમેદવાર અને આગેવાનો દ્વારા કાલાવડ રોડ પર સ્વામિનારાયણ મંદિર ખાતે મિટિંગ તથા ઝંડા-પતાકા સાથે સભાનું આયોજન કરાયું હોય તે અંગે ચૂંટણી અધિકારીને ફરિયાદ કરી હતી અને તપાસ કરી તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા લેખિતમાં રજૂઆત કરી હતી. પ્રાંત અધિકારીના રિપોર્ટ બાદ ગત ૧લી એપ્રિલે જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા આ અંગે ચીફ ઈલેકશન ઓફિસરને રિપોર્ટ કરી દેવાયો છે ત્યારે હવે અમને તા.૧૨મી અથવા તા.૧૫મીએ સીઈઓ સાથે મિટિંગ માટે તેડું આવ્યું છે.

# ૩૩ ગુના આચરનાર અલ્તાફ ઉર્ફે ૬ આંગળીની જામીન અરજી રદ

## નામચીન શખ્સે યુવાનનાં લમણે બંદૂક તાકી હતી, સેશન્સ કોર્ટની કડક કાર્યવાહી

રાજકોટ:રાજકોટમાં ૩ માસ પહેલા પોતાની કાર પાસે ઉભેલા આરોપી અલ્તાફ ઉર્ફે છ આંગળીને મોડી રાત્રે ઘરે જવાનું કહેતા ફરીયાદીના માથા ઉપર બંદૂક તાકી હત્યાના પ્રયાસનો ગુનો દાખલ થયો હતો. જે ગુન્હામાં ચાર્જશીટ બાદ રજૂ થયેલ જામીન અરજી અધિક સેશન્સ જજ જે.આઈ. પટેલે રદ કરી છે. જેનું કારણ એ છે કે, નામચીન શખસ અલ્તાફ ગુનાહિત માનસિકતા ધરાવે છે. સામાન્ય વાતમાં પણ કોઈની પણ હત્યા કરી શકે એવી ટેવ ધરાવે છે. અલ્તાફે ૧૨ વર્ષમાં ૩૩ ગુના આચર્યા છે. જેથી, કોર્ટે માત્ર હત્યાની કોશિશના ગુનાને ધ્યાનમાં રાખીને જ નહીં આરોપીના ગુનાહિત ઈતિહાસને ધ્યાનમાં રાખી જામીન અરજી રદ કરી છે.આ કેસની હકીકત એ પ્રકારની છે કે તા.૧૨/૦૧/૨૦૨૪ના આરોપી અલ્તાફ ઉર્ફે છ આંગળી હનીફભાઈ થઈમ (ઉ.વ.૪૫) મોડી રાત્રે તુર્કીબાપુની દરગાહ પાસે પોતાની ગાડી પાસે ઉભા રહી વાતો કરતો હતો ત્યારે ફરીયાદીના ભાઈ આર્યને અલ્તાફકાકા ઘરમાં જતા રહો તેમ કહેતા આરોપી અલ્તાફ ઉશ્કેરાઈ ગયેલ અને પોતાની પાસેની બંદૂક કાઢી ફરીયાદીના કપાળ પર તાકી હતી. આ સમયે બંદૂકનું ટ્રીગર દબાવેલ પરંતુ, બુલેટ છુટેલ નહી જેથી, ફરીયાદી બચી ગયેલ અને ત્યાંથી ભાગી ગયો હતો. આ બાબતની ફરીયાદ નોંધાતા આરોપીની ધરપકડ થયેલ અને પોલીસ તપાસ દરમિયાનની જામીન અરજી સેશન્સ કોર્ટે રદ કરેલ તેમજ ગુજરાત હાઈકોર્ટમાંથી જામીન અરજી પાછી ખેંચવામાં આવી હતી.અરજદાર/આરોપી તરફે ચાર્જશીટ બાદની જામીન અરજીમાં રજૂઆત કરવામાં આવેલ કે, ગુજરાત હાઈકોર્ટમાંથી આરોપીની જામીન અરજી પાછી ખેંચવામાં આવેલ ત્યારે પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ ફરીથી જામીન અરજી રજૂ કરવાનો હુકમ થયેલ હતો. આ કેસમાં પોલીસ તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને તેથી ફરીયાદીને બનાવ સમયે કોઈ ઈજા થયેલ નથી ત્યારે આરોપીને જામીન મુકત કરવા જોઈએ. સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ એસ.કે.વોરાએ રજૂઆત કરતા જણાવેલ હતુ કે, હાલના ફરીયાદીના કપાળ ઉપર બંદૂક તાકી ટ્રીગર દબાવવામાં આવી હતી પરંતુ, બંદુકમાં ખામી હોવાથી ટ્રીગર દબાવવા છતાં ગોળી છુટેલ નહીં તે ફકત ફરીયાદીના આયુષ્યની વાત હતી. લાકડી ધોકા જેવા હથિયાર વડે જો ઈજાઓ પહોંચાડવામાં આવે તો ભોગ બનનારનો જીવ બચી પણ શકે પરંતુ, જયારે બંદૂકમાંથી કપાળ ઉપર ગોળી છોડવામાં આવે ત્યારે ઈજા પામનારનું મૃત્યુ નિશ્ચિત હોય છે. આ રીતે આરોપી અલ્તાફનો ઈરાદો અતિશય મામૂલી બાબતમાં ફરીયાદીની હત્યા કરવાનો જ હતો.તે અગાઉ ગુન્હો પણ ઈંડાની રેકડીએ પૈસા દેવા બાબતનો હતો. આ હકીકત સાબિત કરે છે કે, હાલનો આરોપી અલ્તાફ તદન નજીવી બાબતમાં કોઈ પણ વ્યકિતની હત્યા સરળતાથી કરવાની માનસિકતા ધરાવે છે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ કોઈપણ આરોપીની જામીન અરજીમાં તે આરોપીનો ગુનાહિત ઈતિહાસ જણાવવો જરૂરી છે. આ ગુનાહિત ઈતિહાસ ફકત જામીન અરજી વખતે જ જરૂરી હોય છે કારણ કે, ગુનાહિત ઈતિહાસને ધ્યાનમાં લઈ જામીન અરજી નામંજુર કરવાની રહે છે. હાલના આરોપી અલ્તાફ વિરુધ્ધ ૩૩ ગુન્હાઓ નોંધાયેલ તે તમામ ગુન્હાઓમાં જામીન મેળવતી વખતે



ગુનાહિત પ્રવૃતિઓમાં સંડોવાવું નહી તેવી શરતો અનિવાર્યપણે હોય છે તેમછતાં હાલના આરોપી વર્ષ-૨૦૧૨થી ૨૦૨૪ સુધીના ૧૨ વર્ષના ગાળામાં ૩૩ ગુન્હાઓ આચરી ચુકેલ છે ત્યારે તેમ માનવાને કારણ રહે છે કે, અદાલતોની જામીન અરજીની શરતોની કોઈ દરકાર હાલના આરોપી કરતા નથી. આ તમામ રજૂઆતોને ધ્યાનમાં લઈ અધિક સેશન્સ જજ જે.આઈ. પટેલે આરોપી અલ્તાફ ઉર્ફે છ આંગળીની ચાર્જશીટ બાદની જામીન અરજી રદ કરેલ છે.

# પરીક્ષાની તૈયારી કરતી યુવતી પર માથાભારે શખ્સે નિર્લજ્જ હુમલો કર્યો

## યુવતીએ પ્રતિકાર કરતા છરી બતાવી ધમકી આપી!

રાજકોટ:શહેરના કુવાડવા રોડ પર રોહિદાસપરામાં યુવતીનો હાથ પકડી માથાભારે શખ્સે નિર્લજ્જ હુમલો કર્યો હતો, તેમજ યુવતીએ પ્રતિકાર કરતાં તેને છરી બતાવી ધમકી આપી હતી, અગાઉ ચાર જેટલા ગુનામાં સંડોયેલા આ શખ્સને પોલીસે ઝડપી લઇ જેલહવાલે કર્યો હતો. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી ૨૪ વર્ષની યુવતીએ બી.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કુવાડવા રોડ પર રણછોડદાસ બાપુના આશ્રમ પાસેના રોહિદાસપરામાં રહેતા વિજય દીપક ચુડાસમાનું નામ આપ્યું હતું. યુવતીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગુરૂવારે સાંજે વિજય ચુડાસમા પથ્થરના ઘા કરતો હોય તેને ટપારતાં તે ઉશ્કેરાયો હતો અને યુવતીનો હાથ પકડ્યો હતો અને શરીરના અંગો પર હાથ ફેરવી નિર્લજ્જ હુમલો કર્યો હતો. યુવતીએ પ્રતિકાર કરતાં વિજય ચાવડા ઉશ્કેરાયો હતો અને તેણે છરી બતાવી ધમકી આપી હતી. સરાજાહેર છેડતી અને માથાભારે શખ્સે છરી બતાવતા યુવતીએ દેકારો મચાવતા લોકો દોડી આવતાં વિજય ચુડાસમા નાસી ગયો હતો, ઘટના અંગે યુવતીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ગણતરીની કલાકોમાં તેને ઝડપી લીધો હતો.

# સસ્તામાં આઈફોનની લોભામણી જાહેરાતો મુકી છેતરપિંડી આચરતો શખ્સ ઝડપાયો

## પોલીસની આગવીઢબની પૂછપરછમાં આઠ ગુનાના ભેદ ઉકેલાયા

રાજકોટ:સસ્તામાં આઈફોન સહિતની લોભામણી જાહેરાતો સોશિયલ મીડિયામાં મુકી લોકો પાસેથી પૈસા પડાવી છેતરપિંડી આચરતા કુખ્યાત શખ્સને પોલીસે ઝડપી લેતા આઠ ગુનાના ભેદ ઉકેલાયા હતા, નામચીન શખ્સ અગાઉ પણ અનેક ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે.ફેસબુક સહિતના સોશિયલ મીડિયામાં લોભામણી જાહેરાતો મુકીને લોકોને છેતરતો જયેશ ઉર્ફે જયદીપ ઉર્ફે ડેવીલ ઉર્ફે જયુ વિઠલ ઝાલા ચુનારાવાડ ચોકમાં આવ્યાની માહિતી મળતાં થોરાળા પોલીસ સ્ટેશનના પીએસઆઇ મોહનભાઇ મહેશ્વરી સહિતની ટીમ દોડી ગઇ હતી અને તેને સકંજામાં લઇ પૂછપરછ શરૂ કરી હતી, જયેશે શરૂઆતમાં તો પોલીસને ગલ્લા તલ્લા કર્યા હતા પરંતુ પોલીસની આગવીઢબની પૂછપરછમાં તે ભાંગી પડ્યો હતો અને આઠ ગુનાની કબૂલાત આપી હતી.પોલીસસૂત્રોએ જણાવ્યું હતું કે, સૂત્રાપાડાના વાસાવડનો જયેશ ઝાલા હાલ સુરતમાં રહે છે, જયેશે ફેસબુકમાં આઈફોન સસ્તામાં જાહેરાત મુકીને રાજકોટના એ.ડિવિઝન, થોરાળા અને તાલુકા વિસ્તારના યુવકો પાસેથી પૈસા પડાવ્યા હતા, આ ઉપરાંત વાંકાનેર, હળવદ અને સુરતમાં પણ યુવકોને ફસાવ્યા હતા, જયેશ ઝાલા અલગ અલગ મોબાઈલ નંબરનો ઉપયોગ કરી ફેસબુક એપ્લિકેશનમાં અલગ અલગ આઈડી બનાવી ખેલ પાડતો હતો, તે અગાઉ એટીએમ તોડવા તેમજ છેતરપિંડી સહિતના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે.

# હાર્ટ-એટેકથી મોતનો સિલસિલો યથાવત્

રાજકોટ:રાજકોટમાં હાર્ટ-એટેકથી મોતનો સિલસિલો યથાવત્ છે અને સમયાંતરે આવા બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે વધુ એક યુવકનું હાર્ટ-એટેકનાં કારણે મોત નીપજ્યું છે. જેમાં ગંજીવાડા વિસ્તારમાં રહેતા હિતેશ જાદવભાઈ સરવૈયા નામનો ૩૭ વર્ષનો યુવક પોતાના ઘરે હતો. ત્યારે વહેલી સવારે પાંચેક વાગ્યે બેભાન થઈ ઢળી પડ્યો હતો. યુવાનને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તપાસી યુવાનનું હૃદયરોગના હુમલાથી મોત નીપજયુ હોવાનું જાહેર કરતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. સિવિલ પોલીસ ચોકીના સ્ટાફે જાણ કરતા થોરાળા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક દોડી ગયો હતો અને લાશને પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

# ભોગાવા નદીમાં તંત્ર દ્વારા રેડ ખનિજનું વહન કરતા વાહનો મળી ૧.૧૫ કરોડની મત્તા જપ્ત

સુરેન્દ્રનગર:સુરેન્દ્રનગર જિલ્લામાં ખનિજનું ખનન-વહન તંત્ર માટે પડકારૂપ સાબિત થઇ રહ્યુ છે. કારણે દિવસે દિવસે મોતના ખાડાઓ સાથે ભૂમાફિયાઓ કાળી કમાણી તરફ વળતા તંત્ર હરકતમાં આવ્યુ હતુ. પરિણામે જિલ્લા કલેકટરની સૂચનાથી ખાણખનિજ તંત્રે વઢવાણના સાંકળીના ભોગાવા નદીમાં તેમજ જિલ્લામાં દરોડા કર્યા હતા. જેમાં રેતી ચાળવાના વોશપ્લાન્ટ, લોડર મશીન, ટ્રક,ડમ્પરો સહિતનો અંદાજે રૂ. ૧.૧૫ કરોડનો મુદામાલ સીઝ કરાતા ભૂમાફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો.જિલ્લા કલેકટરની સૂચનાથી ભૂસ્તરશાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગર ખનીજ વિભાગની તપાસ ટીમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. જમાં વઢવાણ તાલુકાના સાંકળી ગામના ભોગાવા નદીમાં દરોડો કર્યો હતો. જેમાં એક રેતી ચાળવાનો વોશ પ્લાન્ટ તેમજ એક લોડર મશીન તેમજ ટ્રક ગેરકાયદે સાદીરેતી ખનીજના સંગ્રહ કરતુ હોવાનું ધ્યાને આવતા આ મુદામાલ સીઝ કરાયો હતો.આ ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં રોડ ચેકિંગ કરતા બે ડમ્પરોમાં કાબ્રોસેલ ખનીજ, ૩ ડમ્પરોમાં બ્લેકટ્રેપ ખનીજ, ૨ ડમ્પરોમાં સાદીરેતી તેમજ એક ડમ્પરમાં સિલિકાસેન્ડ ખનીજ ગેરકાયદે વહન કરતા સીઝ કરવામાં આવ્યા હતા. આ દરોડાઓમાં અંદાજે કુલ રૂ. ૧.૧૫ કરોડનો મુદામાલ જપ્ત કરવામાં આવતા ભુમાફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો.